Ministry of JUSTICE

PRISON REFORM TRUST

# કેદીઓ માટે માહિતી

2008 Gujurati

© Prison Reform Trust and HM Prison Service/NOMS

This publication can be shared, copied, distributed and transmitted but not sold. It can not be altered in any way without the permission of the copyright owners.

The National Offender Management Service: part of the Ministry of Justice protecting the public and reducing re-offending by delivering probation and prison services.

The Prison Reform Trust works to create a fair and decent prison system. We do this by looking at how prisons are working, giving information to prisoners, staff and people outside and by asking the government and officials to make changes.

First published in 2008 by Prison Reform Trust

ISBN: 0946209 86 3

For further information, contact:

Prison Reform Trust
15 Northburgh Street
London EC1V 0JR
020 7251 5070
www.prisonreformtrust.org.uk

Both HMPS and the Prison Reform Trust would like to thank prisoners and staff at HMP Wandsworth for helping with this book and Mencap for its work to make the book easier to read.

The Prison Reform Trust would like to thank the Big Lottery Fund and the Diana, Princess of Wales Memorial Fund for supporting our charity to improve information for prisoners.

# કેદીઓ માટે માહિતી

# જેલમાં કોણ કામ કરે છે?

**ગવર્નર** અથવા **ડિરેક્ટર** જેલનો હવાલો સંભાળે છે.  અમે આ પુસ્તકમાં ગવર્નર શબ્દનો ઉપયોગ કર્યો છે.

**જેલ અધિકારીઓ** - તેઓ જેલ સાથે સંબંધિત ઘણાં કામોમાં કામ કરે છે અને તેઓ એવો સ્ટાફ છે જેઓને આપ સૌથી વધારે જોશો.

**ગુનેગાર નિરીક્ષક** - આપની સજાની **રૂપરે**ખામાં આપને લક્ષ્યાંકો પૂરા કરવામાં મદદ કરવા માટે આપના ગુનેગાર નિરીક્ષક આપના ગુનેગાર મૅનેજર સાથે મળીને કામ કરશે.

**વ્યક્તિગત અધિકારીઓ** - તેઓ જેલનાં અધિકારી છે જે આપને મદદ કરવા માટે સમય ફાળવે છે અને તેઓ આપની પ્રગતિ વિશેનાં અહેવાલો લખશે.  તેઓ આપની સજાની **રૂપરે**ખા અંગે પણ આપની સાથે કામ કરી શકે છે.

**પ્રોબેશન અધિકારી** - તે એવા વ્યક્તિ છે જે આપ જેલ છોડીને જાઓ ત્યારબાદ ફરીથી ગુનો ન કરો તે માટે આપને મદદ કરવા આપની સાથે કામ કરશે.

**માનસશાસ્ત્રીઓ** - તેઓ આપનું મૂલ્યાંકન કરશે અને ગુનાહિત વર્તણૂકનાં અભ્યાસક્રમો ચલાવવા માટે અન્ય સ્ટાફ સાથે કામ કરશે.

**ધર્મગુરૂઓ** - તેઓ આપને આપના ધર્મનું આચરણ કરવામાં મદદ કરશે.  તેઓ વિવિધ ધર્મોમાંથી હશે. આપ કેવું અનુભવી રહ્યા છો તે અંગે પણ આપ તેમની સાથે વાતચીત કરી શકો છો.

**શિક્ષણ અને વર્કશૉપ સ્ટાફ** - તેઓ વર્ગો અને વર્કશૉપ્સ ચલાવે છે.

**સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ** - તેમાં નર્સો, ડૉક્ટરો, ડેન્ટિસ્ટ વગેરેનો સમાવેશ થાય છે.

**ઈઅછઅઝ કાર્યકરો** - નશીલી દવાઓની સમસ્યાઓ અંગે કેદીઓને મદદ કરે છે.

**ઇંખઇ સભ્યો** - જેલો ન્યાયપૂર્ણ રીતે ચાલે છે કે નહીં તે આ લોકો તપાસે છે.  તેઓ સ્થાનિક વિસ્તારનાં સ્વયંસેવકો છે.

**જેલનાં સત્તાવાર મુલાકાતીઓ** - આ સ્થાનિક લોકો છે જેઓ એવા કેદીઓની મુલાકાત લઈ શકે છે જેમની મુલાકાત લેવા માટે બહુ ઓળખીતા લોકો આવતાં ન હોય.

# વિષયસૂચિ - આ પુસ્તકમાં શું છે


| વિષયસૂચિ | પાન નં |
|---|---|
| આ પુસ્તક વિશે | 4 |
| આપ જ્યારે પહેલાં આવો ત્યારે | 5 |
| કાચાં કામનાં કેદીઓ | 7 |
| નાગરિક કેદીઓ | 16 |
| ઈમિગ્રેશન અટકાયતીઓ | 18 |
| આપને ગુનેગાર જાહેર કરતાં ચુકાદા કે સજા વિરુદ્ધ અપીલ કરવી | 22 |
| આપ જેલમાં કેટલો સમય રહેશો તે નક્કી કરવું | 25 |
| જેલની બહાર ઉકેલવાની બાબતો | 29 |
| જેલમાં આપને મદદ કરી શકે તેવા લોકો | 37 |
| કુટુંબીજનો અને મિત્રો સાથે સંપર્કમાં રહેવું | 39 |
| આપના સોલિસિટર અથવા અન્ય સત્તાવાર લોકો સાથે સંપર્ક | 47 |
| જેલનું જીવન | 49 |
| આપનું સ્વાસ્થ્ય | 65 |
| આપનો ધર્મ | 78 |
| જેલનાં નિયમો | 83 |
| ફરિયાદ અથવા વિનંતી કઈ રીતે કરવી | 110 |
| ગુનેગાર નિયમન, સજાનું આયોજન અને છૂટકારા માટે તૈયારી કરવી | 118 |
| કામચલાઉ લાયસન્સ પર છૂટકારો | 134 |
| છૂટકારો અને નિરીક્ષણ | 138 |
| વિદેશી નાગરિકત્ત્વ ધરાવતાં કેદીઓ | 151 |
| યુવા ગુનેગાર અને યુવા ગુનેગાર સંસ્થાઓ | 155 |

# આ પુસ્તક વિશે

**આ પુસ્તક આપને એવી મુખ્ય બાબતો વિશે કહેશે જે જેલમાં હોવા વિશે આપના માટે જાણવી જરૂરી છે જેમ કે**

✓ જેલનાં નિયમો અને કામ કરવાની રીતો.
✓ આપના અધિકારો.

**આ પુસ્તકમાં કોઈપણ બાબત વિશે આપ સ્પષ્ટ ન હો તો જેલ અધિકારીને પૂછો**

## આ પુસ્તક કોના માટે છે?

આ પુસ્તક **18** વર્ષ કે તેથી વધુ ઉંમરના યુવા ગુનેગારો સહિતનાં પુરુષ કેદીઓ માટે છે.

## આ પુસ્તક શાના વિશે છે?

- તે આપને જેલના જીવન વિશે આપે શું જાણવાની જરૂર છે તે અંગે માહિતી આપશે.
- દરેક જેલમાં નિયમો તથા કઈ રીતે કામ કરવામાં આવે છે તે બાબતો અલગ અલગ હોઈ શકે છે. ક્યારેક જેલનાં નિયમો ઝડપથી બદલાય છે. નિયમોમાં કોઈપણ ફેરફારથી આપને અસર પડે તેમ હોય તો આપને તે વિશે તે કહેવામાં આવશે.
- જેલનાં પુસ્તકાલયમાં નિયમોની નકલો છે.
- આપ પુસ્તકાલય ન જઈ શકો તો પણ આપ આ નિયમો જોવા માટે કહી શકો છો.

## આ પુસ્તકની નકલો ક્યાંથી મેળવવી

- જેલનાં પુસ્તકાલય.
- જો આપ આ પુસ્તક પુસ્તકાલયમાંથી ન મેળવી શકો તો જેલનો સ્ટાફ આ પુસ્તકની એક નકલ અથવા તેના કેટલાંક અંશો છાપી શકે છે.
- જો આપની પાસે છાપેલી નકલ હોય તો તે આપની સાથે રાખવા અથવા આપની વિંગમાં અન્યો સાથે તેને વહેંચવાની આપને મંજૂરી આપવામાં આવી શકે છે.
- જો આપની પાસે એક નકલ હોય તો કૃપા કરીને તેને સાચવો કારણ કે બીજી નકલ કદાચ સરળતાથી ન પણ મળે.

# આપ જ્યારે પહેલાં આવો ત્યારે

**આપ જ્યારે જેલમાં પહેલીવાર આવશો ત્યારે નીચે મુજબ થશે**

- ✓ આપને જેલનાં રિસેપ્શન વિસ્તારમાં લઈ જવામાં આવશે.
- ✓ જો આપ **નશી**લી દવાઓ કે આલ્કોહૉલ લેતાં હો અને તે છોડવામાં આપને મદદની જરૂર હોય તો આપ સ્ટાફને જાણ કરશો.
- ✓ કેવાં કપડાં પહેરવા તે અંગે જેલનો સ્ટાફ આપની સાથે નક્કી કરશે. જો આપ ગુનેગાર ઠેરવવામાં આવેલા કેદી હો તો આપે જેલનાં કપડાં પહેરવા પડે તેમ બની શકે છે.
- ✓ જેલ સ્ટાફનાં એક સભ્ય આપ આપની સાથે જે કોઇપણ વસ્તુઓ લાવ્યા હોય તેની યાદી બનાવશે. આપ તેમાની થોડી વસ્તુઓ રાખી શકો તેમ બની શકે છે. તે સિવાયની અન્ય તમામ વસ્તુઓ આપના માટે સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવશે. જ્યારે આપ જેલ છોડો ત્યારે આપને આ તમામ વસ્તુઓ પાછી મળશે સિવાય કે કોઇ જોખમી વસ્તુ અથવા કાયદા વિરુદ્ધ હોય તેવી વસ્તુ. દાખલા તરીકે, ચપ્પુ અથવા **નશી**લી દવાઓ.
- ✓ જેલ સ્ટાફનાં સભ્ય આપની તલાશી લેશે. જો આપને કોઇ એવી તબીબી સમસ્યા હોય કે જેના કારણે શરીરની સંપૂર્ણ તલાશી આપના માટે મુશ્કેલ હોય તો આપ ડૉક્ટરને મળવા માટે કહી શકો છો.
- ✓ જો આપને સ્વાસ્થ્યની કોઇ તકલીફ હોય તો આપ ડૉક્ટર અથવા નર્સને મળવા માટે કહી શકો છો. જો આપ કોઇપણ દવા લઈ રહ્યા હો અથવા જો આપને **નશી**લી દવાઓ અથવા આલ્કોહૉલ સંબંધિત તકલીફ હોય તો ડૉક્ટર અથવા નર્સને જાણ કરો. જો આપ ખૂબ અપસેટ હો અથવા કોઇ બાબતો વિશે ચિંતા હોય તો પણ તેમને જણાવો.
- ✓ આપને આપના કુટુંબને ફોન કરવા દેવામાં આવશે. તેઓ આપની મુલાકાત લે તેની ગોઠવણ કઈ રીતે કરવી તે અંગે પણ આપને જણાવવામાં આવશે.
- ✓ આપને એક કેદી નંબર આપવામાં આવશે.
- ✓ આપને એ કોટડીમાં લઈ જવામાં આવશે જ્યાં આપ સૂવાનાં હો.
- ✓ જો આપ સ્નાન કરવા કે શાવર લેવા માંગતા હો તો તેમ કરી શકો છો.
- ✓ આપ અન્ય સ્ટાફને મળશો. વ્યક્તિગત અધિકારી તરીકે ઓળખાતી વ્યક્તિ સાથે આપનો ઈન્ટરવ્યુ થઈ શકે છે.
- ✓ સ્ટાફ આપની ફિંગરપ્રિન્ટ અને આપની તસવીર લઈ શકે છે.
- ✓ સ્ટાફ આપને જેલનાં જીવન વિશે અને આપે શું કરવાની જરૂર છે તે વિશે વધુ કહેશે. આને સમાવેશીકરણ કહે છે

# વધુ માહિતી

### જ્યાં આપ સૂવાના છો તે જગ્યા (આપની કોટડી)

- આપે કોટડી અન્ય કોઈ વ્યક્તિ સાથે વહેંચવી પડે તેમ બની શકે છે. જો આમ હોય તો, આપની સાથે રહેવા માટે શ્રેષ્ઠ વ્યક્તિ કોણ હોઈ શકે તે વિશે જેલ સ્ટાફ વિચારશે. આ અંગે આપને કોઈપણ તકલીફ હોય તો આપ તેમને કહી શકો છો. જો આપ ધૂમ્રપાન ન કરતાં હો તો ધૂમ્રપાન કરતી વ્યક્તિ સાથે કોટડીમાં રહેવાનું આપને કહેવામાં આવશે નહીં. જો આપને કોઈ ચિંતા હોય અથવા અસલામતી અનુભવતા હો તો સ્ટાફને જણાવો.

- કેટલીક જેલોમાં ખાસ વિસ્તાર હોય છે જ્યાં કેદીઓ પ્રથમ રાત માટે સૂવે છે જેથી તેઓ જેલમાં રહેવા માટે ટેવાઈ શકે.

### આપ જ્યારે જેલમાં જાઓ ત્યારે આપ ખૂબ અપસેટ હો કે ચિંતાગ્રસ્ત હો

### તો શું કરવું...

જો આપ આવું અનુભવતા હો તો કોઈની સાથે વાતચીત કરવી અગત્યની છે.

આપ

- ✓ જેલ સ્ટાફને કહી શકો છો. આપની પાસે વ્યક્તિગત અધિકારી નામની કોઈ વ્યક્તિ હોઈ શકે છે. અથવા જેલમાં આપના વિસ્તારનો (તેને વિંગ અથવા લેન્ડિંગ કહે છે) હવાલો સંભાળતા અધિકારીને આપ વાત કરી શકો છો
- ✓ આપના સ્વાસ્થ્યની તપાસ કરનાર ડૉક્ટર અથવા નર્સને કહી શકો છો
- ✓ ધર્મગુરૂને કહી શકો છો
- ✓ જેલમાં તમારી વાત સાંભળનાર અથવા દોસ્ત કહેવાતા કેદીને કહી શકો છો
- ✓ મદદરૂપ થાય તેવી વ્યક્તિઓ (સમેરિટન્સ)ને કહી શકો છો.

**આપ જેમની કાળજી લો છો તેવા બાળકો અથવા અન્ય લોકોની આપને ચિંતા હોય તો**

- ઉપરની યાદીમાં આપેલી કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કરો.

**આપને સોલિસિટરને મળવાની જરૂર હોય - કારણ કે આપે અદાલત છોડી તે પહેલાં તેમને મળવાની તક મળી નહોતી**

- આપના સોલિસિટર સાથેની મુલાકાત ગોઠવી આપવા માટે રિસેપ્શન પરનાં જેલ અધિકારીને કહો.

# કાચાં કામના કેદીઓ

**કાચાં કામના કેદીઓ કોણ છે?**

✓ **કાચાં કામના કેદીઓ** એવા કેદીઓ એ છે જેઓ પોતાનાં કેસની કાર્યવાહી માટે અદાલત જવાની રાહ જોઇ રહ્યાં છે.

✓ કાચાં કામના કેદીઓ સાથે તેઓ **ગુનેગાર ન હોય** તે પ્રકારનો વ્યવહાર કરવામાં આવે છે. આનું કારણ એ છે કે તેમના ગુના માટે અદાલતમાં કાર્યવાહી થવાની બાકી હોય છે.

✓ કાચાં કામના કેદીઓ કેટલીક એવી બાબતો કરી શકે છે જે ગુનેગાર સાબિત થયેલા કેદીઓ કરી શકતા નથી. દાખલા તરીકે, તેઓ મત આપી શકે છે અને પોતાની પસંદગીનાં કપડાં પહેરી શકે છે.

✓ જો કે કાચાં કામના કેદીઓએ અન્ય કેદીઓ જેવા જ મોટાભાગનાં નિયમોનું પાલન કરવાનું રહે છે.

કાચા કામના કેદી તરીકે, આપ નીચેની બાબતો માટે મદદ અને સહકાર મેળવી શકશો

- જામીન માંગવા માટે
- આપનું ઘર અને નોકરી સાચવવા માટે
- આપના કેસની કાર્યવાહી માટે તૈયાર થવા માટે
- કુટુંબ અને મિત્રો સાથે સંપર્કમાં રહેવા માટે
- જ્યાં સુધી કાનૂની હોય ત્યાં સુધી, વ્યાપારમાં સંકળાયેલા રહેવાનું અથવા વ્યાપાર ચલાવવાનું ચાલુ રાખવા માટે
- આપને હોઇ શકે તેવી કોઇપણ તકલીફોમાં મદદ મેળવવા માટે.

## જો આપ કાચા કામના કેદી હો તો જામીન માંગવા

જામીન માંગવાનો અર્થ એ છે કે આપ આપના કેસની કાર્યવાહીની રાહ જોવા દરમિયાન જેલમાંથી છૂટકારા માટેની વિનંતી કરી રહ્યા છો.

**જેલ સેવા આદેશો 6100 અને 6101 અને** 6101માં વધુ માહિતી છે.

બન્નેની નકલ પુસ્તકાલયમાં છે.

### જામીન કઈ રીતે માંગવા

#### મુખ્ય મુદ્દાઓ

- ✓ આપ એ જ અદાલતમાં અથવા જજ ઈન ચેમ્બર્સ તરીકે ઓળખાતી વ્યક્તિ પાસે જામીન માંગી શકો છો. જો તેઓ પહેલી વખત જામીન આપવાનો ઈન્કાર કરે તો આપ એકથી વધુ વખત જામીન માંગી શકો છો. પરંતુ તેઓએ આપને શા માટે જામીન આપવા જોઇએ તેનું નવું કારણ તેમને આપો તો જ આપ ફરી જામીન માંગી શકશો.

- ✓ જ્યારે આપ જામીન માંગો ત્યારે અદાલતે આપને શા માટે જામીન આપવા જોઇએ તે માટેનાં શક્ય તેટલા બધાં જ કારણો આપો.

- ✓ જો અદાલત આપના જામીન નકારે તો આપ ફરી વખત જામીન માંગો તે પહેલાં અદાલતે શા માટે ના પાડી તેના કારણો તપાસો. આપને શા માટે જામીન ન મળ્યા તેનાં કારણો અંગે આપને ખાતરી ન હોય તો જામીન માહિતી અધિકારી અથવા કાનૂની સેવા અધિકારી અથવા આપના સોલિસિટરને પૂછો.

- ✓ જામીન માંગવા માટે આપને કોઈપણ મદદની જરૂર પડે તો પણ આપ જામીન માહિતી અધિકારીને વાત કરી શકો છો. હાઉસિંગ વિશે મદદ કરવા માટે ક્લિયરસ્પ્રિંગ્સ નામની એક યોજના છે.

- ✓ જો આપને કાનૂની સહાય માટે અરજી કરવામાં કોઈપણ મદદની જરૂર પડે તો (કાનૂની સલાહ અથવા પ્રતિનિધિત્વનાં ખર્ચમાં મદદ માટે નાણાં) કાનૂની સેવા અધિકારી સાથે વાત કરો.

## ક્યાંક રહેવા માટેનું સ્થળ

- જો આપ જામીન માંગો તો, જામીન પર આપના છૂટકારા બાદ આપ જ્યાં રહેવાનાં હો તે જગ્યાનું સરનામું આપે અદાલતને આપવાનું રહેશે. આ આપના પોતાનાં ઘરનું અથવા મિત્રો કે કુટુંબીઓનાં ઘરનું સરનામું હોઇ શકે છે. (તે પહેલાં આપના મિત્રો કે કુટુંબીજનોએ અદાલતને કહેવું પડશે કે આપ તેમની સાથે રહો તેમાં તેમને કોઇ વાંધો નથી.)

- જો આપની પાસે રહેવા માટેની કોઇ જગ્યા ન હોય તો મદદ માટે જામીન માહિતી અધિકારી અથવા કાનૂની સેવા અધિકારીને વિનંતી કરો. તેઓ કદાચ આપને રહેવા માટે હોસ્ટેલ જેવી કોઇક જગ્યા શોધી આપવામાં મદદ કરી શકે છે.

## જો આપના કેસની કાર્યવાહી મેજીસ્ટ્રેટની અદાલતમાં થવાની હોય તો

આપ આપના કેસ માટે જ્યારે મેજીસ્ટ્રેટની અદાલતમાં જાઓ ત્યારે દરેક વખત જામીન માંગી શકો છો. અથવા આપ આપના સોલિસિટરને આપના માટે જામીન માંગવાનું કહી શકો છો.

1. જામીન માંગવા માટે આપે કેટલાંક ફોર્મ ભરવાના રહેશે. આપના સોલિસિટર અથવા કાનૂની સેવા અધિકારી આપને આ માટે મદદ કરી શકશે.

2. જો અદાલત આપને જામીન ન આપે તો આપને આમ થવાનું કારણ સમજાવતો પત્ર મળશે. આ પત્ર રાખી મૂકો કારણ કે જો આપ ફરીથી જામીન માંગવા ઈચ્છતા હો તો તે ઉપયોગી બની શકે છે.

3. જો મેજીસ્ટ્રેટ અદાલત બિલકુલ જામીન ન આપવાનું નક્કી કરે તો તેઓ આપને આ વાતની જાણ કરવા માટે પ્રમાણપત્ર કહેવાતો એક કાગળ મોકલશે.

4. જો મેજીસ્ટ્રેટ અદાલત આપને આ પ્રમાણપત્ર મોકલે જેમાં લખ્યું હોય કે તેઓએ તમામ હકીકતો સાંભળી છે, તો આપ ત્યારબાદ જામીન માંગવા માટે ક્રાઉન અદાલતને આ પ્રમાણપત્ર મોકલી શકો છો.

5. જો ક્રાઉન અદાલત જામીન આપવાની ના પાડે તો આપ જામીન માંગવા માટે હાઈકૉર્ટ ખાતે જજ ઈન ચેમ્બર્સ તરીકે ઓળખાતી વ્યક્તિને પત્ર લખી શકો છો.

## જો આપના કેસની સુનાવણી ક્રાઉન અદાલત ખાતે થવાની હોય તો

1. આપને ક્રાઉન અદાલત ખાતે કેસની કાર્યવાહી માટે મોકલનાર મેજીસ્ટ્રેટ અદાલતનાં ક્લાર્કને પત્ર લખો. અથવા આપના સોલિસિટરને આપના માટે આ કામ કરી આપવાનું કહો.

2. આપ આપના સોલિસિટરને સીધા ક્રાઉન અદાલતમાં અરજી કરવાનું કહી શકો છો.

3. જો આપની પાસે સોલિસિટર રોકવા માટે પૂરતાં નાણાં ન હોય અને આપની પાસે કાનૂની સહાય ન હોય તો આપ મદદ માટે સત્તાવાર સોલિસિટર તરીકે ઓળખાતી વ્યક્તિને કહી શકો છો. આ કામ કેવી રીતે કરવું તે જાણવા માટે કાનૂની સેવા અધિકારીને કહો. **જેલ સેવા આદેશ** 2600 માં સત્તાવાર સોલિસિટર અને અન્ય કાનૂની બાબતો વિશે વધુ માહિતી છે.  આપ જેલનાં પુસ્તકાલયમાંથી એક નકલ મેળવી શકો છો.

## જો મેજીસ્ટ્રેટ અદાલત અને ક્રાઉન અદાલતે આપના જામીનને નકાર્યા હોય તો

આપ જામીન માટે હાઈ કોર્ટ ખાતે **જજ ઈન ચેમ્બર્સ**ને કહી શકો છો.

જામીન માટે આપ નીચે જણાવ્યા મુજબ જજ ઈન ચેમ્બર્સને કહી શકો છો

1. આપના સોલિસિટરને આપના માટે આ કામ કરવાનું કહો. જો આપ સોલિસિટર માટે નાણાં ચૂકવી રહ્યાં હો તો આપના માટે આ કામ કરી આપવા માટે આપે તેમને નાણાં ચૂકવવાનાં રહેશે.

2. જો આપની પાસે સોલિસિટરને આપવા માટે પૂરતા નાણાં ન હોય અથવા આપ કાનૂની સહાય ન મેળવી શકતા હો તો આપના માટે જામીન માંગવા માટે આપ સત્તાવાર સોલિસિટરને કહી શકો છો. આપની પાસે કેટલાં નાણાં છે તે જણાવવા માટે આપે એક ફૉર્મ ભરવાની જરૂર પડશે. આમ કરવાનું કારણ સત્તાવાર સોલિસિટરને એ બતાવવાનું છે કે આપની પાસે સોલિસિટરને ચૂકવવા માટે પૂરતાં નાણાં નથી.

## જો આપ સજા ભોગવવા માટે ક્રાઉન અદાલત જવાનાં હો તો

આપ ક્રાઉન અદાલતને જામીન આપવા માટે કહી શકો છો. જો ક્રાઉન અદાલત આપને જામીન ન આપે તો આપ હાઈકોર્ટ ખાતે જજ ઈન ચૅમ્બર્સને કહી શકો છો.

## જો આપને જામીન મળે તો શું થશે?

જો આપ જામીન મેળવો તો કેટલાંક નિયમો છે જેનું આપે પાલન કરવાનું રહે છે.

દાખલા તરીકે

- આપને જ્યારે કહેવામાં આવે ત્યારે આપે અદાલત પાછાં આવવાનું રહેશે, સિવાય કે આપની પાસે પાછા ન આવવા માટે કોઈ યોગ્ય કારણ હોય.

- આપે કેટલીક ચોક્કસ બાબતો કરવી પડે એમ બની શકે છે જેમ કે, ચોક્કસ સરનામે રહેવું, રોજ પોલિસ સ્ટેશન જવું અથવા ટૅગ પહેરવો.

- જો આપ અદાલત ખાતે હાજર ન થાવ તો આપે કેટલાંક એવા મિત્રો કે કુટુંબીજનોને તૈયાર રાખવા પડી શકે છે જેઓ થોડાંક નાણાં ચૂકવવા માટે સંમત થાય. આવા લોકોને **જામીનદારો** કહેવામાં આવે છે.

જો આપ નિયમો તોડો તો આપની ધરપકડ થઈ શકે છે અથવા ગુનો નોંધવામાં આવી શકે છે. જો આપ અદાલત ખાતે હાજર ન થાઓ તો આપના કુટુંબીજન કે મિત્રો કે જેઓ જામીનદાર છે તેમણે બધાં નાણાં ચૂકવવા પડી શકે છે જેના માટે તેમણે સંમતિ આપી હતી અથવા તો તેમણે પોતે જેલમાં જવું પડી શકે છે.

## જામીનદારો

- જ્યારે આપને જામીન પર છોડવામાં આવે ત્યારે અને આપને જ્યારે અદાલત ખાતે હાજર થવાનું કહેવામાં આવે ત્યારે આપ હાજર ન થાઓ તે સમયે થોડાં નાણાં ચૂકવવા સંમત થાય તેવા આપના મિત્રો કે કુટુંબીજનને જામીનદારો કહે છે.

## આપના કુટુંબીજન કે મિત્રો કેવી રીતે જામીનદારો બની શકે

### જો આપ માનતા હો કે મૅજીસ્ટ્રેટની અદાલતમાં હાજર થવા દરમિયાન આપને જામીન મળી શકે તેમ છે તો

એ વાતની ખાતરી રાખો કે જામીનદાર બનવા માટે સંમત થનાર કુટુંબીજન કે મિત્રો આપની સાથે અદાલતમાં હાજર હોય. જો આપને જામીન મળે અને અદાલત કહે કે જામીનદાર થવા માટે આ લોકો યોગ્ય છે તો આપને તે જ સમયે અને સ્થળે મુક્ત છોડવામાં આવશે.

### જો આપ અદાલત ખાતે ન હો ત્યારે આપને જામીન મળે તો

1. તપાસ માટે આપના મિત્રો કે કુટુંબીજને અદાલત અથવા પોલિસ સ્ટેશન ખાતે ફરજિયાત જવાનું રહેશે જેથી એ વાતની ખાતરી થઈ શકે કે તેઓ જામીનદાર થવા માટે યોગ્ય છે. તેઓએ કેટલાંક દસ્તાવેજો સાથે લઈ જવાના રહેશે જેથી એ બતાવી શકાય કે જયારે નાણાં ચૂકવવાના થાય ત્યારે તેઓ ચૂકવી શકે તેમ છે.

2. આપના મિત્રો કે કુટુંબીજનોએ એક દસ્તાવેજમાં સહી કરવી પડશે જેથી કહી શકાય કે તેઓ જામીનદાર બનવા માટે સંમત છે.

3. જો આપના મિત્રો કે કુટુંબીજન માનતા હોય કે જામીનદાર થવા માટે તેઓ બરાબર છે તો અદાલત અથવા પોલિસ સ્ટેશન તેમને પ્રમાણપત્ર તરીકે ઓળખાતો એક દસ્તાવેજ આપશે.

4. આપને મુક્ત કરવામાં આવી શકે તે પહેલાં આપના મિત્રો કે કુટુંબીજને તે પ્રમાણપત્ર જેલ ખાતે લાવવાનું રહેશે. આ જેલને એ બતાવવા માટે છે કે અદાલત અથવા પોલિસ સ્ટેશને તેમને જામીનદાર હોવા માટે યોગ્ય ગણ્યા છે.

### જો આપ જામીન મેળવો તો જેલથી જવા માટે વાહનવ્યવહાર

- જો આપ જામીન મેળવો અને અદાલતથી ઘરે જવા માટે આપની પાસે બિલકુલ નાણાં ન હોય તો આપને અદાલત ખાતે લાવનાર સ્ટાફ આપના માટે ટ્રાવેલ વોરન્ટ જેવી કોઇક વ્યવસ્થા કરી શકે છે. આ એક ટિકીટ છે જે આપને એવા સરનામા સુધી મફત પ્રવાસ કરવા દે છે જ્યાં આપ આપના જામીનનો સમય વીતાવવાના છો.
- આપને જેલ ખાતે લાવનાર સ્ટાફ તરફથી પણ આપ ટ્રાવેલ વૉરન્ટ મેળવી શકો છો. અથવા જો આપ જેલમાં હો અને આપે વિડિયો લિન્ક દ્વારા અદાલત સાથે વાતચીત કરી હોય તો જેલનાં સ્ટાફ તરફથી ટ્રાવેલ વોરન્ટ મેળવી શકો છો.

## અદાલત જવા માટે તૈયારી કરવી

અદાલત ખાતે આપના કેસની કાર્યવાહી માટે તૈયાર થવા અને સોલિસિટર શોધવામાં મદદ માટે આપે જેલમાં કાનૂની સેવા અધિકારી સાથે વાતચીત કરવી જોઇએ.

### 1. આપના કેસની કાર્યવાહી માટે સાક્ષીઓ મેળવવા

- આપના કેસની કાર્યવાહી વખતે બોલવા માટે સાક્ષીઓ લાવવામાં મદદ માટે આપના સોલિસિટરને કહો.
- જો આપની પાસે સોલિસિટર ન હોય તો આપ કાનૂની સેવા અધિકારીને મદદ માટે કહી શકો છો.
- કાનૂની સેવા અધિકારી આપના માટે સાક્ષીઓ લાવી શકે નહીં. પરંતુ આપના માટે સાક્ષીઓ લાવવાનો પ્રયત્ન કરવા માટે આપના મિત્રો અથવા કુટુંબીજનોને પત્ર લખવામાં તેઓ આપને મદદ કરી શકે છે.
- આપના માટે સાક્ષીઓ લાવવાનો પ્રયત્ન કરવાનું કહેવા માટે આપ પોલિસને પત્ર લખી શકો છો. પરંતુ આ લોકો કેસની કાર્યવાહી વખતે હાજર રહેશે એવું વચન પોલિસ આપી ન શકે.

## 2. આપના કાનૂની કામમાં આપને મદદ કરવા માટે કોમ્પ્યુટરનો ઉપયોગ કરવો

- આપ આ માટે આપના પોતાનાં પર્સનલ કોમ્પ્યુટરનો ઉપયોગ કરી શકશો નહીં.
- આપના કાનૂની કામમાં મદદ માટે આપ જેલનું કોમ્પ્યૂટર વાપરવા માંગતા હો તો ગવર્નરને કહો.
- જો ગવર્નરને લાગે કે આપના કેસની કાર્યવાહી યોગ્ય બનાવવા માટે આપને કોમ્પ્યૂટરની જરૂર છે તો તેઓ આપના ઉપયોગ માટે જેલનાં લૅપટૉપ કોમ્પ્યૂટરની વ્યવસ્થા કરી આપશે.
- જો ગવર્નર આપને જેલનાં લૅપટૉપનો ઉપયોગ કરવા દે તો આપે કેટલાંક નિયમોનું પાલન કરવાનું રહેશે.
- **જેલ સેવા સૂચના 2/200**1માં વધુ માહિતી છે. પુસ્તકાલયમાં તેની નકલ છે.

## 3. આપની વસ્તુઓ

- જો આપનો છૂટકારો થાય તો આપની તમામ અંગત વસ્તુઓ અદાલતમાં સાથે લઈ જાઓ. જો આપને છૂટકારો મળ્યા બાદ પણ જેલમાં કેટલીક વસ્તુઓ રહી ગઈ હોય તો તે લેવાની ગોઠવણ કરવા માટે આપે જેલનો સંપર્ક કરવાનો રહેશે.

## કાચાં કામના કેદી હોવા વિશે અન્ય બાબતો

### આપનું સ્વાસ્થ્ય

- જો આપ જેલમાં સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ તરફથી એનએચએસ (ગઇંજ) સ્વાસ્થ સંભાળ મેળવવા **ન** માંગતા હો તો આપે આ સ્વાસ્થ્ય સંભાળ મેળવવી જરૂરી નથી.
- આપ ખાનગી ડૉક્ટર અથવા ડેન્ટિસ્ટ પાસેથી સ્વાસ્થ્ય સંભાળ મેળવી શકો છો પરંતુ આપે તેના માટે ચૂકવણી કરવી પડી શકે છે.
- જો આપ ખાનગી ડૉક્ટર અથવા ડેન્ટિસ્ટ પાસેથી સ્વાસ્થ્ય સંભાળ મેળવવા માંગતા હો તો સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફને કહો. તેઓ અને ગવર્નર સામાન્ય રીતે આપને આમ કરવા દેશે.

**મતદાન**

જેલમાં હોવા છતાં પણ આપ મત આપી શકો છો, જો આપ

- કાચાં કામના કેદી હો તો
- ગુનો સાબિત થયો હોય પરંતુ આપને હજી સજા સંભળાવવામાં આવી ન હોય
- નાગરિક કેદી હો જેઓ દંડ ન ભરવા માટે જેલમાં હોય અથવા અદાલતે તેમને આપેલા આદેશનું પાલન ન કર્યું હોય (આને અદાલતની અવહેલના – કન્ટેમ્પ્ટ ઑફ કૉર્ટ – કહેવામાં આવે છે)

આપ મત આપી શકો તે પહેલાં આપનું નામ **મતદાર રજીસ્ટર** તરીકે ઓળખાતી યાદીમાં હોય તે જરૂરી છે.

જો મતદાર રજીસ્ટરમાં પહેલેથી આપનું નામ ન હોય તો

1. આપે એક ફૉર્મ ભરવાની જરૂર પડશે અને જેલની બહારની વ્યક્તિ જેને મતદાર નોંધણી અધિકારી કહેવામાં આવે છે તેમને મોકલવાનું રહેશે. ફોર્મ મોકલવાનાં સરનામાંઓ **જેલ સેવા આદેશ** 4650માં છે. આની એક નકલ જેલનાં પુસ્તકાલયમાં છે.

2. ફૉર્મ માટે અથવા મતદાન વિશે વધુ માહિતી માટે આપના વ્યક્તિગત અધિકારી અથવા અન્ય જેલ અધિકારીને કહો.

3. મતદાન વિશે વધુ માહિતી **જેલ સેવા આદેશ** 4650માં આપેલી છે. તેમાં પોસ્ટલ વોટિંગ (જેમાં આપ ટપાલ દ્વારા મત આપી શકો છો) અથવા પ્રોક્સી વોટિંગ (જેમાં અન્ય કોઇ વ્યક્તિ આપના માટે મત આપે છે) જેવી બાબતો વિશે પણ માહિતી આપેલી છે.

## કામ અને તેના માટે નાણાં મેળવવા

- જો આપ જેલમાં કામ કરવા ન માંગતા હો તો આપે તેમ કરવું જરૂરી **નથી.**
- જો આપ કામ કરવા માંગતા હો પરંતુ આપને કરવા માટેનું કોઇ કામ ન હોય તો આપને જે વસ્તુઓની જરૂર હોય તે ખરીદવા માટે આપને દર અઠવાડિયે નાની રકમ ચૂકવવામાં આવશે.
- આપને જેની ઓફર કરવામાં આવે તે કામ કરવાની આપ ના પાડો તો આપને જેલમાંથી બિલકુલ નાણાં ન મળે તેમ બની શકે છે. અને આપને કોઇપણ વધુ કામ આપવામાં ન આવે તેમ બની શકે છે.

# નાગરિક કેદીઓ

નાગરિક કેદીઓ એવા લોકો છે જેમને નીચે જણાવેલા કારણોસર જેલમાં મોકલવામાં આવે છે

- પોતાનાં બાળકોની કાળજી રાખવા માટે ભરણપોષણની રકમ ન ચૂકવવાના કારણે
- દંડ કે દેવાની રકમ ન ચૂકવવાના કારણે
- જામીન પર હોય અને અદાલતમાં હાજર ન થઈ હોય તેવી વ્યક્તિને તેઓ જાણતાં હોય અને તેના માટે નાણાં ચૂકવવા માટે સંમતિ આપી હોવા છતાં નાણાં ચૂકવ્યા ન હોય
- અદાલતે તેમને જે કરવાનું કહ્યું હોય તે ન કરવાના કારણે.

નાગરિક કેદીઓ સાથે સામાન્ય રીતે ગુનો સાબિત થયો હોય તેવા કેદીઓ જેવો જ વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ કેટલાંક તફાવતો છે. દાખલા તરીકે, જો આપ નાગરિક કેદી હો તો

- કાચાં કામનાં કેદીઓને મુલાકાતો, પત્રો અને ફોન કૉલ્સ માટે જે અધિકારો હોય તેવા જ અધિકારો આપની પાસે છે. **જુઓ પાન નં 40.**

- જો આપ અન્ય કેદીઓ સાથે ભળવા ન માંગતા હો તો આપે તેમ કરવું જરૂરી નથી.

- આપ આપના પોતાનાં કપડાં પહેરી શકો છો. જો આપની પાસે પૂરતાં કપડાં ન હોય તો આપ જેલ સ્ટાફને થોડાં કપડાં આપવા કહી શકો છો.

- જો આપને અદાલતની અવહેલના અથવા દંડ ન ચૂકવવા બદલ જેલમાં મોકલવામાં આવ્યા હોય તો આપને મત આપવાની મંજૂરી આપવામાં આવી શકે છે. **જેલ સેવા આદેશ 4650**માં વધુ માહિતી છે. પુસ્તકાલયમાં તેની નકલ છે.

## નાગરિક કેદી હોવા વિશે અન્ય બાબતો

### જેલમાંથી વહેલો છૂટકારો થવો

- અદાલતે આપને જેલમાં જે કારણસર મોકલ્યા હોય તેના આધારે જેલમાંથી આપને વહેલા છોડવા શક્ય ન હોય તેમ બની શકે છે.  આપે કદાચ આપની પૂરી સજા પણ ભોગવવી પડી શકે છે. આપને જે તારીખે છોડવામાં આવશે તેની તારીખ જેલ સ્ટાફ નક્કી કરે ત્યારે તેઓ આ બાબતનું ધ્યાન રાખશે.
- જો નીચેની બાબતો લાગુ પડતી હોય તો આપના વ્યક્તિગત અધિકારી, અન્ય જેલ અધિકારી અથવા પ્રોબેશન સ્ટાફને કહો
    - આપને વહેલા છોડવામાં આવી શકે છે કે કેમ તે અંગે આપને ખાતરી ન હોય
    - જો આપ માનતા હો કે આપને વહેલા છોડવામાં આવવા જોઈએ પરંતુ આપને જે તારીખે છોડવાના હોય તે નક્કી કરતી વખતે જેલનાં સ્ટાફે આ બાબત ધ્યાનમાં ન લીધી હોય.

### અદાલતની અવહેલના બદલ જેલમાં મોકલવા સામે અપીલ કરવી

- અદાલતની અવહેલનાનો અર્થ એ છે કે અદાલતે આપને જે કરવાનું કહ્યું હોય તે ન કરવું. જો આપને અદાલતની અવહેલના બદલ જેલમાં મોકલવામાં આવ્યા હોય તો આપ અપીલ કરી શકો છો. અપીલ કરવાનો અર્થ છે અદાલતે લીધેલો નિર્ણય બદલાવવાનો પ્રયત્ન કરવો.
- અપીલ કેવી રીતે કરવી તે અંગે પહેલાં થોડી સલાહ મેળવવા માટે આપે જેલમાં કાનૂની સેવા અધિકારી સાથે વાતચીત કરવી જોઈએ.

### જો આપને મૅજીસ્ટ્રેટની અદાલત દ્વારા જેલમાં મોકલવામાં આવ્યા હોય તો

- ક્રાઉન અદાલતને અપીલ કરો અથવા આપને સજા મળ્યાનાં 21 દિવસની અંદર અપીલ કરવા આપના સોલિસિટરને કહો.

### જો આપને ક્રાઉન અદાલત અથવા કન્ટ્રી કૉર્ટ દ્વારા જેલમાં મોકલવામાં આવ્યા હોય તો

- સજા મેળવ્યાનાં 14 દિવસની અંદર સિવિલ અપીલ કૉર્ટમાં અપીલ કરો અથવા આપના સોલિસિટરને આપના માટે અપીલ કરવાનું કહો. આપની અપીલ મોકલવાનું સરનામું આ પ્રમાણે છે

  Civil Appeal Court
  Royal Courts of Justice
  Strand
  London
  WC2N 2LL

# ઈમિગ્રેશન અટકાયતીઓ

**ઈમિગ્રેશન અટકાયતીઓ.** ઈમિગ્રેશન અટકાયતીઓ એવા લોકો છે જેઓ મૂળ યુનાઈટેડ કિંગડમ (ઇંગ્લેન્ડ, સ્કૉટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડ)નાં વતનીઓ નથી.

આ સામાન્ય રીતે એવા લોકો છે જેમને ઈમિગ્રેશન નિયમો તોડવા બદલ અથવા ગુનો કરવા બદલ જેલમાં રાખવામાં આવ્યા હોય છે અને પોતે જે દેશમાંથી આવ્યા હોય ત્યાં તેમને પાછા મોકલવામાં આવશે કે કેમ તેમ તેના નિર્ણયની રાહ જોઇ રહ્યા હોય છે.

ઈમિગ્રેશન અટકાયતીઓનું શું કરવું જોઇએ તે અંગે બૉર્ડર ઍન્ડ ઈમિગ્રેશન એજન્સી નિર્ણય લે છે.

**બૉર્ડર ઍન્ડ ઈમિગ્રેશન એજન્સી.** આ એવા લોકોનો સમૂહ છે જે સરકાર માટે કામ કરે છે. જેઓ યુ.કેમાં કામ કરવા, મુલાકાત લેવા અથવા રહેવા માટે આવે છે તેમના નિયમનનો હવાલો તેમની પાસે હોય છે.

- ✓ આપ જેલમાં હો તે દરમિયાન બૉર્ડર ઍન્ડ ઈમિગ્રેશન એજન્સી આપની સાથે સંપર્કમાં રહેશે. આપ જેલમાં હશો તે દરમિયાન તેઓ આપના કેસની તપાસ કરશે.
- ✓ આપ જેલમાં હો તે દરમિયાન આપે કાચાં કામનાં કેદીઓ જેવા જ નિયમોનું પાલન કરવાનું રહેશે. **વધુ માહિતી માટે પાન નં 7 જુઓ**
- ✓ આપે સોલિસિટર પાસેથી મદદ મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો આપની પાસે સોલિસિટર ન હોય તો ઈમિગ્રેશન એડવાઈઝરી સર્વિસ તરીકે ઓળખાતાં સમૂહનો સંપર્ક કરો. **તેમનું સરનામું પાન નં 20 પર છે.** આપ આપના સોલિસિટરને ફોન કરી શકશો, પત્ર લખી શકશો અથવા ફેક્સ પણ કરી શકશો. અથવા તેઓ આપની મુલાકાત લેવા આવી શકે છે.
- ✓ જો આપને મદદની જરૂર હોય તો નીચે જણાવેલી વ્યક્તિઓને કહો
    - આપના વ્યક્તિગત અધિકારી જો આપની પાસે હોય તો
    - આપની વિંગનો હવાલો સંભાળતા જેલ અધિકારી
    - જેલમાં રેસ ઈક્વાલિટી ઑફિસર (જાતિ સમાનતા અધિકારી) તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિ
    - અથવા જો આપની જેલમાં વિદેશી નાગરિક કેદી સમન્વયક (ફૉરેન નેશનલ પ્રિઝનર કોઑર્ડિનેટર) તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિ હોય તો.
- ✓ જો આપને દુભાષિયાની જરૂર હોય તો આપ તે મેળવી શકો છો. (દુભાષિયો એ એવી વ્યક્તિ છે જે આપને અંગ્રેજીમાં કહેલી કોઈ બાબત સમજાવવામાં મદદ કરી શકે છે).
- ✓ વધુ માહિતી માટે આપ **વિદેશી કેદીઓ માટે માહિતી અને સલાહ** નામની પત્રિકા જોઈ શકો છો. પુસ્તકાલયમાં તેની એક નકલ છે.

## આપના કેસની તપાસ કરી રહેલાં સ્ટાફ સાથે સંપર્કમાં રહેવું

- આપ જેલમાં હો તે દરમિયાન બૉર્ડર અને ઈમિગ્રેશન એજન્સીનાં લોકો આપની સાથે સંપર્કમાં રહેશે. તેઓ પહેલેથી આપની જેલમાં કામ કરતા હોઈ શકે છે અથવા આપની જેલની મુલાકાત લેવા આવી શકે છે.
- જો આપને જરૂર જણાય તો આપ તેમનો પણ સંપર્ક કરી શકો છો.
- આપના કેસની તપાસ કરી રહેલાં ઈમિગ્રેશન સ્ટાફનો સંપર્ક કરવા માટે આપ આપના સોલિસિટર, જેલ અધિકારી અથવા ગવર્નરને પણ કહી શકો છો.

## જામીન પર છોડવા માટેની વિનંતી કરવી (આનો અર્થ એ છે કે આપના કેસમાં તપાસ થઈ રહી હોય તે દરમિયાન જેલમાંથી છોડવા માટે વિનંતી કરવી)

- આપ જેલમાંથી જામીન પર છોડવાની વિનંતી કરવા સક્ષમ હોઈ શકો છો.
- જામીન પર છોડવાની વિનંતી કરવા માટે આપે **IS 91R** નામનું ફૉર્મ ભરવાનું રહેશે.
- જામીન પર છોડવા વિશે વધુ માહિતી ફૉર્મમાં આપેલી છે.
- જામીન માંગવામાં આપ નીચે જણાવેલા લોકો પાસેથી મદદ માંગી શકો છો
    - ઈમિગ્રેશન એડવાઈઝરી સર્વિસ તરીકે ઓળખાતો સમૂહ **(તેમની વિગતો પાન નં 20 પર આપેલી છે)**
    - ઈમિગ્રેશન સ્ટાફ જે આપની જેલ ખાતે કામ કરે છે અથવા જેલની મુલાકાત લે છે
    - આપના સોલિસિટર અથવા જેલ ખાતેનો સ્ટાફ. તેઓ આપના કેસની તપાસ કરી રહેલાં ઈમિગ્રેશન સ્ટાફ સાથે સંપર્કમાં રહી શકે છે.

## આપને મદદ કરી શકે તેવા લોકો

### 1. ઈમિગ્રેશન એડવાઈઝરી સર્વિસ

આ લોકો ઈમિગ્રેશન અટકાયતીઓને મફ્ત સલાહ અને મદદ આપી શકે છે.

Immigration Advisory Service
Head Office
3rd Floor
County House
190 Great Dover Street
London
SE1 4YB

સામાન્ય ટેલિફોન 0207 967 1200

હેલ્પલાઈન 0207 967 1299 (કામકાજનાં કલાકો દરમિયાન).

ફેક્સ 0207 403 5875

### 2. અટકાયત સલાહ સેવા (ડિટેન્શન એડવાઈસ સર્વિસ)

ઈમિગ્રેશન અટકાયતી હોવા અંગે શું કરવું જોઈએ તે બાબતે આ લોકો આપને સલાહ અને મદદ આપી શકે છે. તેઓ આપને સોલિસિટરને મળવામાં મદદ કરી શકે છે અને તેઓ અવારનવાર જેલની મુલાકાત લેતા હોય છે.

Detention Advice Service
Unit B3
62 Beechwood Road
London
E8 3DY

ટેલિફોન 0207 254 6888

ફેક્સ 020 7254 8555

**3. વસાહતીઓનાં કલ્યાણ માટેની સંયુક્ત કાઉન્સિલ (The Joint Council for the Welfare of Immigrants = JCWI)**

આ લોકો ઈમિગ્રેશન અટકાયતીઓને મદદ, માહિતી અને સલાહ આપે છે.

Joint Council for the Welfare of Immigrants
115 Old Street
London
EC1 9RT

ટેલિફોન 020 7251 8706

ફેક્સ 0207 251 8707

**જો આપ રાજ્યાશ્રય ઈચ્છુક હો (એવી વ્યક્તિ જેણે પોતાની પરના જોખમને કારણે પોતાનોં દેશ છોડ્યો છે અને તેઓ એ જાણવાની રાહ જોઇ રહ્યા છે કે તેઓ યુનાઈટેડ કિંગડમમાં રહી શકે તેમ છે કે નહીં), તો નીચેનાનો સંપર્ક કરો**

**4. શરણાર્થી કાનૂની કેન્દ્ર (Refugee Legal Centre = RLC)**

Refugee Legal Centre
Nelson House
153-157 Commercial Road
London
E1 2DA

ટેલિફોન 0207 780 3200

ફેક્સ 0207 780 3201

આપ આ નંબરો પર કૉલ કરી શકો છો

**1**. **મફત ફોન** નંબર 0800 592 3333 અથવા 0207 780 3333
આપ સોમવાર, બુધવાર અને શુક્રવારે સવારે 10.30 વાગ્યાથી બપોરે 1.00 વાગ્યા સુધી અને બપોરે 2.00 વાગ્યાથી સાંજે 4.30 વાગ્યા સુધી આ નંબર પર કૉલ કરી શકો છો.

**2**. જો **કટોકટીની** સ્થિતિમાં આપને કોઇની સાથે જલ્દી વાતચીત કરવાની જરૂર પડે તો આપ 07831 598057 નંબર પર કૉલ કરી શકો છો.
આપ અઠવાડિયા દરમિયાન અને શનિ–રવિ દરમિયાન સાંજે 6.00 વાગ્યાથી સવારે 8.00 વાગ્યા સુધી આ નંબર પર કૉલ કરી શકો છો.

# આપને ગુનેગાર જાહેર કરતાં ચુકાદા કે સજા વિરુદ્ધ અપીલ કરવી

**ઉપયોગી શબ્દો**

**આપને ગુનેગાર જાહેર કરતો ચુકાદો.** જ્યારે અદાલત નિર્ણય લે કે આપ ગુનો કર્યાનાં દોષી હતાં.

**આપની સજા.** અદાલત જે કહે છે તે આપની સાથે થવું જ જોઇએ કારણ કે આપને ગુનેગાર ઠેરવવામાં આવ્યા છે.

**અપીલ કરવી.** આપને ગુનેગાર જાહેર કરવાના અથવા આપની સજા અંગેનાં અદાલતનાં નિર્ણયને જ્યારે આપ બદલાવવા માંગો તેને અપીલ કહે છે.

આપને **ગુનેગાર જાહેર કરવા** વિશેના તેમજ આપને કરવામાં આવેલી **સજા** એમ બંને વિશે કરવામાં આવેલા નિર્ણયો આપ બદલાવવાનો પ્રયત્ન કરી શકો છો. આને અપીલ કહે છે. આપ અપીલ કરી શકો તેમ છો કે નહીં અને આપ શાના વિશે અપીલ કરી શકો તેમ છો તે અંગે આપના સોલિસિટર આપને સલાહ આપી શકશે.

**મુખ્ય મુદ્દાઓ**

- આપ અપીલ કરવાનું નક્કી કરો તે પહેલાં કાળજીપૂર્વક વિચારો. ક્યારેક અપીલ સફળ ન થાય તો અદાલત એવો નિર્ણય લઈ શકે છે કે આપે અપીલ કરવા માટે જેલમાં લીધેલો સમય આપની સજાનાં સમય ઉપરાંત વધારાનો રહેશે.
- આપ કોઈપણ નિર્ણય લો તે પહેલાં આપના સોલિસિટર અથવા બેરિસ્ટર પાસેથી સલાહ મેળવવાની ખાતરી રાખો.
- આપે આપની અપીલ ઝડપથી કરવી પડી શકે છે. સામાન્ય રીતે આપને ગુનેગાર ઠેરવવાના અથવા સજા કરવાનાં નિર્ણયનાં 28 દિવસની અંદર. આપ કદાચ આ સમય બાદ અપીલ કરી શકો છો. આપના સોલિસિટર પાસેથી આ અંગે સલાહ લો.
- જેલમાં કાનૂની સેવા અધિકારી તરીકે ઓળખાતી વ્યક્તિ સાથે વાત કરાવવા કહો. અપીલ કઈ રીતે કરવી તે સમજાવવામાં તેઓ મદદ કરી શકે છે.
- જો આપ અપીલ કરો તો આપે તેની ચૂકવણી કરવા માટે નાણાં લાવવા પડી શકે છે. આપ કાનૂની સેવા ફંડિંગ તરીકે ઓળખાતા ફંડમાંથી થોડાં નાણાં મેળવવા માટે અરજી કરી શકો છો.

## અપીલ કઈ રીતે કરવી

1. આપના સોલિસિટર અથવા બેરિસ્ટર સાથે વાત કરો.  જો આપને અદાલત ખાતે તેમની સાથે વાત કરવાની તક ન મળી હોય તો ગવર્નરને પૂછો કે શું આપ તેમની મુલાકાત લઈ શકો તેમ છો કે નહીં.

   આપના સોલિસિટર અથવા બેરિસ્ટર
   - આપને કહેશે કે તેમના મતે અપીલનો યોગ્ય ઉકેલ આવશે તેવી આપની તકો કેટલી છે
   - જો આપ અપીલ કરવાનો નિર્ણય લો તો ફૉર્મ ભરશે.

**2**. કાનૂની સેવા અધિકારી સાથે વાત કરાવવા માટે કહો. અપીલ કઈ રીતે કરવી તે અંગે તેઓ સમજાવી શકે છે.

**3**. ક્યા ફૉર્મ ભરવા અને તેને ક્યાં મોકલવા તે અંગે કાનૂની સેવા અધિકારી આપને કહી શકે છે. આપના કેસની સુનાવણી ક્રાઉન અદાલતમાં થઈ હતી કે મૅજીસ્ટ્રેટ અદાલતમાં થઈ હતી તેના પર આ બાબતનો આધાર છે.

**4**. જો આપની અપીલ આગળ વધી શકે તેમ હોય તો, અપીલ માટે ચૂકવણી કરવા નાણાં લાવવા માટે અરજી કરો. આપે જે નાણાં માટે અરજી કરવાની છે તેને **કાનૂની સેવા ફંડિંગ** કહે છે.

આપના કેસની કાર્યવાહી માટે ચૂકવણી કરનાર કાનૂની સેવા ફંડિંગ (નાણાં) આપને માત્ર કેવી રીતે અપીલ કરવી તેની સલાહ લેવાની જ મંજૂરી આપે છે, ખરેખર અપીલ કરવાની મંજૂરી આપતી નથી.

### શું કરવું જો...

**આપના સોલિસિટર કે બેરિસ્ટરને બદલવા માંગતા હો.**

- આપની પાસે હાલમાં જે હોય તે સોલિસિટર અથવા બેરિસ્ટર સાથે વાત કરો અને આપ શા માટે તેમને બદલવા માંગો છો તે કહો. આપના માટે સોલિસિટર કે બેરિસ્ટર બદલવા યોગ્ય છે કે કેમ તે અંગે તેઓ ન્યાયાધીશને કહેશે.
- અથવા આપ જે પસંદ કરો તે સોલિસિટર અથવા કાનૂની સલાહકારને મળવા માટે આપ ચૂકવણી કરી શકો છો.

**આપની અપીલ થાય તેની આપ રાહ જોતા હો તે દરમિયાન આપ જામીન પર મુક્ત થવા માંગો છો?**

- આપે **ફૉર્મ B** તરીકે ઓળખાતું ફૉર્મ ભરવાની અને તેને કૉર્ટ ઑફ અપીલમાં મોકલવાની જરૂર રહે છે.

## જો આપની અપીલ નકારવામાં આવે તો (એટલે કે તે સફળ ન થાય તો)

- આપના કેસની તપાસ માટે આપ **ગુનાહિત કેસ સમીક્ષા પંચ (ક્રિમિનલ કેસ રિવ્યૂ કમિશન)** તરીકે ઓળખાતાં લોકોનાં સમૂહને કહી શકો છો.

- તેઓ એવા કેસમાં તપાસ કરી શકે છે જેમાં ભૂલ થઈ હોવાનું તેઓ માનતા હોય. તેઓ કેસને કૉર્ટ ઑફ અપીલમાં પાછો મોકલી શકે છે.

- આપે તેમને **નવી માહિતી અથવા પુરાવો** બતાવવાનો રહેશે જેના વિશે કેસની કાર્યવાહી ખાતે અથવા અપીલ વખતે વાતચીત થઈ ન હોય.

- આપ સોલિસિટર પાસેથી મદદ મેળવવા સક્ષમ હોઈ શકો છો.

- આપને મદદ કરવા માટે આપ કાનૂની સેવા ફંડિંગ મેળવી શકો છો. આપે આ નાણાં માંગવા માટે **CDS1** અને **CDS2** કહેવાતાં ફૉર્મ ભરવાનાં રહેશે.

- **જેલ સેવા આદેશ 4400**નાં પ્રકરણ 3માં વધુ માહિતી છે.  આપ જેલનાં પુસ્તકાલયમાં એક નકલ મેળવી શકો છો.

# આપ જેલમાં કેટલો સમય રહેશો તે નક્કી કરવું

**મુખ્ય મુદ્દાઓ**

- આપની સજા કેટલી લાંબી હશે તે અદાલત નક્કી કરે છે પરંતુ વિગતો ઘડવામાં સમય લાગે છે.
- આપ જયારે જેલમાં જાઓ ત્યારે આપની સજા ક્યારે પૂરી થાય છે તે તારીખ આપને જણાવવામાં આવશે. આપની સજા કેટલી લાંબી હશે તે અંગે જેલ માહિતીની રાહ જોઇ રહી હોય તો આપને એવું જણાવવામાં આવી શકે છે કે માહિતી **કામચલાઉ** છે. આનો અર્થ એ છે કે તેમાં ફેરફાર થઈ શકે છે.
- જો આપ જેલનાં નિયમો તોડો તો આપે જેલમાં વધારાના દિવસો વીતાવવા પડી શકે છે. આ આપની સજાનો ભાગ નથી. **વધુ માહિતી માટે પાન નં 83 જુઓ.**
- આપની જેલની સજા સમજવામાં આપને મદદની જરૂર પડે તો આપના વ્યક્તિગત અધિકારી અથવા જેલ સ્ટાફનાં અન્ય સભ્ય સાથે વાત કરો.

## આપની સજા વિશે - આમાં જાહેર રક્ષણનાં કેદીઓ માટે જન્મટીપની અથવા અચોક્કસ મુદતની સજા આવરી લેવામાં આવતી નથી

**નીચેની બાબતોની તપાસ કરીને આપની સજા નક્કી કરવામાં આવે છે**

- આપને જયારે સજા કરવામાં આવી હતી તે તારીખ
- આપની સજા કેટલી લાંબી છે
- આપે ગુનો કર્યો તે તારીખ
- જો ગુનો 4 એપ્રિલ 2005 પહેલાં આચરવામાં આવ્યો હોય તો જેલ સેવા તે ગુના માટેનાં રિમાંડ પર આપે જેલમાં વીતાવેલો સમયને ધ્યાનમાં લેશે.
- જો આપનો ગુનો 4 એપ્રિલ 2005 બાદનો હોય તો આપે રિમાંડ પર વીતાવેલા સમયની ગણત્રી ન કરવા માટે અદાલત જેલને કહી શકે છે.

## આપ જેલમાં કેટલો સમય વીતાવશો?

ગુનો આચરવામાં આવ્યો હોય તેની તારીખ પર આનો આધાર છે. **પાન નં 145** પર શરૂઆતમાં આ વિશે વધારાની માહિતી છે.

### પુખ્ત વયની વ્યક્તિઓ માટે 12 મહિના સુધીની સજા

- આપની છૂટકારા બિનશરતી હશે (AUR).
- ગુનેગાર મેનેજર દ્વારા આપનું નિરીક્ષણ કરવામાં આવશે **નહીં.**
- આપને નોટિસ તરીકે ઓળખાતી માહિતી આપવામાં આવશે. આ નોટિસમાં સમજાવવામાં આવશે કે આનો અર્થ શું છે અને આપે તેમાં સહી કરવાની રહેશે.

### 4 એપ્રિલ 2005 પહેલાં આચરવામાં આવેલા ગુનાઓ

**જો આપની સજા 1 વર્ષ કરતાં ઓછી લાંબી હોય**

- (આપ 21 વર્ષથી ઓછી ઉંમરના હો તે સિવાય) આપને કોઇપણ લાયસન્સ વિના અડધેથી મુક્ત કરવામાં આવશે.

**જો આપની સજા 1 વર્ષથી વધુ લાંબી હોય અને 4 વર્ષથી ઓછી લાંબી હોય**

- આપે આપની **અડધી** સજા ભોગવ્યા બાદ આપને મુક્ત કરવામાં આવશે.
- જ્યારે આમ બને ત્યારે, આપે પ્રોબેશન પરની કોઇ વ્યક્તિને મળવાનું રહેશે જે ખાતરી કરશે કે આપ આપના લાયસન્સમાં નિયમોનું પાલન કરી રહ્યા છો.
- આપની સજાનાં ત્રણ ત્રિમાસિક ગાળાઓ પર આપનું લાયસન્સ પૂરું થાય છે.

**જો આપની સજા 4 વર્ષ કે તેથી વધુ લાંબી હોય**

- આપ આપની **અડધી** સજા પૂરી કરો ત્યારબાદ આપ પેરોલ માટે અરજી કરી શકો છો.
- જો આપ પેરોલ મેળવો તો આપને છોડવામાં આવ્યા બાદ પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિ આપની તપાસ કરતી રહેશે.
- જો આપને પેરોલ **ન** મળે તો, આપ દર વર્ષે ફરી અરજી કરી શકો છો સિવાય કે જેલમાં સજા કાપવા માટે આપની પાસે 13 મહિનાથી ઓછો સમય બાકી રહ્યો હોય.
- જો આપ પેરોલ બિલકુલ **ન** મેળવો તો, આપને આપની સજાનાં અંત પહેલાં છોડવામાં આવશે. આપને જે તારીખે છોડવામાં આવશે તેને આપની બિન–પેરોલ તારીખ કહે છે. આપે પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિને મળવાનું રહેશે જે આપની સાથે કામ કરશે અને આપ આપના લાયસન્સમાંનાં નિયમોનું પાલન કરી રહ્યા છો કે નહીં તે તપાસશે.

## 4 એપ્રિલ 2005 પહેલાં કરવામાં આવેલા ગુનાઓ વિશે વધુ માહિતી

**લંબાવવામાં આવેલી સજાઓ**

- હિંસક અથવા જાતિય ગુના માટે આપને લંબાવેલી સજા મળી શકે છે.
- આપે કેટલો સમય જેલમાં રહેવું જોઇએ તે અંગે ન્યાયાધીશ શું કહે છે તેના પર આપના જેલ છોડવાની તારીખનો આધાર હશે.
- જો આપ પેરોલ મેળવો તો આપે લાયસન્સ પર લાંબો સમય પણ વીતાવવો પડે તેમ બની શકે છે.
- જો આપ પેરોલ **ન** મેળવો તો, આપ દર વર્ષે ફરીથી અરજી કરી શકો છો.
- જો આપને પેરોલ ન મળે તો આપને આપની સજાનાં અંત પહેલાં છોડવામાં આવશે. આપને જે તારીખે છોડવામાં આવશે તે તારીખ આપની બિન–પેરોલ તારીખ કહેવાશે. આપે પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિને મળવાનું રહેશે જે આપની સાથે કામ કરશે અને આપ આપના લાયસન્સમાંનાં નિયમોનું પાલન કરી રહ્યા છો કે નહીં તે તપાસશે.

## 4 એપ્રિલ 2005 કે તે પછી આચરવામાં આવેલા ગુનાઓ

**જો આપની સજા 1 વર્ષથી વધુ હોય પરંતુ ચાર વર્ષથી ઓછી હોય તો**

- આપે આપની **અડધી** સજા પૂરી કર્યા બાદ આપને છોડવામાં આવશે.
- આપે પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિને મળવાનું રહેશે જે આપની સાથે કામ કરશે અને આપ આપના લાયસન્સમાંનાં નિયમોનું પાલન કરી રહ્યા છો કે નહીં તે તપાસશે.

**લંબાવવામાં આવેલી સજાઓ**

- જો આપની સજા લંબાવવામાં આવી હોય તો પેરોલ મેળવવા માટે આપે **અરજી કરવાની** રહેશે. આપે આપની સજામાં જેલનો ભાગ પૂરો કર્યો હોય ત્યારે આપ આમ કરી શકો છો.
- જો આપ પેરોલ **ન** મેળવો તો, આપ દર વર્ષે તેના માટે ફરીથી અરજી કરી શકો છો.

## 1 ઑક્ટોબર 1992 પહેલાં આચરવામાં આવેલા ગુનાઓ

- આપની **ત્રીજા ભાગની** સજા ભોગવ્યા બાદ આપ પેરોલ માટે અરજી કરી શકો છો.
- જો આપ પેરોલ મેળવો તો આપની સજાનો બે તૃતીયાંશ ભાગ પૂરો ન થાય ત્યાં સુધી આપને લાયસન્સ પર જેલમાંથી છોડવામાં આવશે.
- જો આપને પેરોલ **ન** મળે તો**,** આપ દર વર્ષે ફરી અરજી કરી શકો છો સિવાય કે જેલમાં સજા કાપવા માટે આપની પાસે 13 મહિનાથી ઓછો સમય બાકી રહ્યો હોય. જો આપને ક્યારેય પેરોલ ન મળે તો આપે આપની સજાનો **બે તૃતિયાંશ** ભાગ પૂરો કર્યા બાદ આપને જેલમાંથી છોડવામાં આવશે.
- પેરોલ પર હોવા દરમિયાન આપ વધુ એક ગુનો આચરો તો આપે આપની બાકીની સજા કાપવી પડી શકે છે.

**લાયસન્સ અને પેરોલ પર છૂટકારા વિશે વધુ માહિતી પાન નં 141 પર શરૂ થાય છે.**

# જેલની બહાર ઉકેલવાની બાબતો

## 1. આપ જેમનું ધ્યાન રાખો છો તેવા બાળકો અથવા અન્ય લોકો

- આપ જેમનું ધ્યાન રાખો છો તેવા બાળકો કે અન્ય લોકોની કાળજી લેવાનો પ્રશ્ન ઉકેલવાની આપને જરૂર હોય તો તરત જેલનાં સ્ટાફને જણાવો.

**બાળ સહાય એજન્સીની ચૂકવણીઓ**

- જો આપ બાળકનાં ભરણપોષણનાં નાણાં ચૂકવી રહ્યા હો તો આપે બાળ સહાય એજન્સીને એ જાણ કરવી જરૂરી છે કે આપ જેલમાં છો.

- આપે બાળ સહાય એજન્સીને આ વિશે 1 અઠવાડિયાની અંદર જાણ કરવાની રહેશે. કોઈપણ ફેરફારો અંગે જો આપ તેમને એક અઠવાડિયાની અંદર ન જણાવો તો તે ગુનાહિત કૃત્ય બને છે.

- જો આપ કામ કરતાં ન હો અથવા લાભો ન મેળવતા હો તો આપે બાળકનાં ભરણપોષણની ચૂકવણી કરવાની રહેતી **નથી.**

આપ તેમને નીચેના સરનામે પત્ર લખી શકો છો

Child Support Agency
National Helpline
PO Box 55
Brierly Hill
DY5 1YL

ટેલિફોન 08457 138 924

## 2. લાભો

**જો આપ પહેલેથી લાભો મેળવતા હો તો**

- આ બાબતોનો ઉકેલ લાવવા માટે શક્ય તેટલી જલ્દી આપના સ્થાનિક જૉબસેન્ટર પ્લસ કાર્યાલય સાથે વાતચીત કરો. અથવા આપના કુટુંબમાં કોઇ વ્યક્તિને આમ કરવા માટે કહો.
- જો આપ 21 દિવસ સુધી વધુ સમય માટે જેલમાં હો તો હાઉસિંગ બૅનિફિટ એ એકમાત્ર એવો લાભ છે જે આપ સામાન્ય રીતે મેળવવા માટે સક્ષમ છો.
- જો આપ માનતા હો કે જૉબસેન્ટર પ્લસ કાર્યાલય તરફથી આપે લાભનાં થોડાંક નાણાં લેવાનાં બાકી નીકળે છે તો તેમને પત્ર લખો અને આપને જેલમાં નાણાં મોકલવા માટે જણાવો. તેઓએ **ગવર્નર**નાં નામે **ગીરો** તરીકે ઓળખાતો લાભનો ચેક મોકલવાનો રહેશે. ત્યારબાદ આ નાણાં આપની ખાનગી રોકડમાં ચૂકવવામાં આવશે.
- જો આપ આ નાણાં ન મેળવી શકો તો આપને મુક્ત કરવામાં આવ્યા બાદ આપ તેના માટે દાવો કરી શકો છો.

**જો આપ કામ કરતા હતાં તો**

- આપ જેલમાં હો અથવા રિમાંડ પર હો તે દરમિયાન આપના કુટુંબે લાભોનો દાવો કરવાની જરૂર પડી શકે છે.
- તેઓએ શક્ય તેટલી જલ્દી સ્થાનિક જૉબસેન્ટર પ્લસ કાર્યાલયનો સંપર્ક કરવો જોઇએ.

**આપ શક્ય તેટલી જલ્દી આપના જૉબસેન્ટર પ્લસ કાર્યાલયનો સંપર્ક કરશો તેની ખાતરી રાખો. જો તેમ ન કરો તો હાલમાં અને આપને છોડવામાં આવે ત્યારબાદ આપ અથવા આપના કુટુંબને લાભો મેળવવામાં તકલીફ પડી શકે છે.**

## 3. ભાડું અથવા મોર્ટગેજની ચૂકવણી કરવી

- ભાડું અથવા મોર્ટગેજની ચૂકવણીમાં મદદ માટે આપ અથવા આપનું કુટુંબ **હાઉસિંગ બૅનિફિટ** મેળવવા સક્ષમ હોઇ શકે છે.
- આ બાબત અંગે સલાહ મેળવવી એ સારો વિચાર છે કારણ કે આપને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા છે કે કેમ અથવા આપ રિમાંડ પર છો કે કેમ તેના પર તે આધાર રાખશે.

## ભાડું ચૂકવવું - શું કરવું

**આપના મકાનમાલિક કે ઍસ્ટેટ એજન્ટને એવી જાણ કરતો પત્ર લખો કે આપ જેલમાં છો. તેમને કહો કે**

- આપ કેટલો સમય જેલમાં રહેશો.
- આપના ઘરનું ધ્યાન કોઇ રાખવાનું છે કે નહીં.

**જો આપ આપના કુટુંબ સાથે રહેતા હતાં અને પહેલેથી હાઉસિંગ બૅનિફિટ મેળવતા હતાં તો**

- હાઉસિંગ બૅનિફિટ કાર્યાલયને એવી જાણ કરતો પત્ર લખો કે આપ જેલમાં છો.
- આપ જેલમાં હો તે દરમિયાન આપના લાભો લેવાનું કાર્યાલયને પૂછવા માટે આપના કુટુંબે પણ તેમને પત્ર લખવો જોઇએ.

**જો આપના કુટુંબને હાઉસિંગ બૅનિફિટ મેળવવાનું શરૂ કરવાની જરૂર હોય તો**

- તેઓએ હાઉસિંગ બૅનિફિટ માટે દાવો કરવા માટે હાઉસિંગ બૅનિફિટ કાર્યાલયને પત્ર લખવો જોઇએ.

**જો આપની જાતે પગભર થઈને રહેતાં હતાં તો**

- આપ રિમાંડ પર હો તે દરમિયાન 52 અઠવાડિયા સુધી આપ હાઉસિંગ બૅનિફિટ માટે દાવો કરી શકો છો. અથવા જો આપ 13 અઠવાડિયાથી ઓછાં સમય માટે જેલમાં રહેવાનાં હો તો.
- જો આપ પહેલેથી હાઉસિંગ બૅનિફિટ નહોતા મેળવતા તો તે માટે દાવો કરવા ફૉર્મ માંગવા માટે આપની સ્થાનિક કાઉન્સિલને પત્ર લખો.

**જો આપ ભાડું ભરી શકો તેમ ન હો અને આપ હાઉસિંગ બૅનિફિટ ન મેળવી શકતા હો તો**

- આપ આપનું ઘર મકાનમાલિકને અથવા ઍસ્ટેટ એજન્ટને પાછું આપવા માંગતા હો તેમ બની શકે છે. પાછળથી તેમને ઘણાંબધાં નાણાં ચૂકવવાના બાકી નીકળે અને દેવામાં ફસાઈ જવાય તેના કરતા આ વધુ સારો વિકલ્પ હોઇ શકે છે.
- જ્યારે આપ જેલમાંથી બહાર નીકળો ત્યારે આપના મકાનમાલિક આપના માટે ક્યાંક રહેવાની વ્યવસ્થા કરી આપવા માટે સંમત થઈ શકે છે.
- **સલાહ મેળવવા માટે પહેલાં NACRO અથવા સિટિઝન્સ એડવાઈસ બ્યુરોને પૂછો.**
- આ સંગઠનો જેલની મુલાકાત લઈ શકે છે.  જો મુલાકાત ન લે તો આપ 0800 0181 259 નંબર પર NACROને કૉલ કરી શકો છો

## આપનું મોર્ટગેજ

આપ કે આપનું કુટુંબ મોર્ટગેજનો **વ્યાજવાળો** હિસ્સો ચૂકવવા માટે સક્ષમ બની શકે છે જો

- આપ આપના કુટુંબ સાથે રહેતા હો તો અને તેઓ આપના ગયા બાદ પણ ઘરમાં રહેતા હોય
- આપને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા **ન** હોય અથવા જો આપ આપની સજા માટે રાહ જોઈ રહ્યા હો અને આપ આપની જાતે ઘર ખરીદી રહ્યા હો.

## શું કરવું

✓ જો આપ અથવા આપનું કુટુંબ હાઉસિંગ લાભ માટે દાવો કરવા માંગતા હો તો આપે અથવા તેમણે સ્થાનિક જૉબસેન્ટર પ્લસ કાર્યાલયને પત્ર લખવો જોઇએ.

✓ આપની મોર્ટગેજ કંપની, બૅંક અથવા બિલ્ડીંગ સોસાયટીને એવી જાણ કરવાની ખાતરી રાખો કે આપ જેલમાં છો.

✓ આગળ શું થશે તે અંગે તમને જે લાગતું હોય તે પણ તેમને જણાવો. દાખલા તરીકે, જો આપ આપના મોર્ટગેજનો માત્ર વ્યાજનો હિસ્સો ચૂકવવા માંગતા હો. અથવા આપ માનતા હો કે આપ તેની બિલકુલ ચૂકવણી કરી શકશો નહીં.

✓ આપ થોડા સમય માટે ચૂકવણીઓ કરવાનું બંધ કરવા માંગતા હો તેમ બની શકે. અથવા ઘર વેચવા માંગતા હો.

### હાઉસિંગ લાભ કેવી રીતે ચૂકવવામાં આવશે

**જો આપે આપનું ઘર 2 ઑક્ટોબર 1995 પહેલાં ખરીદ્યું હોય તો**

- અઠવાડિયું 1થી 8 — હાઉસિંગનાં ખર્ચ માટે આપને નાણાં મળશે **નહીં**
- અઠવાડિયું 9થી 27 — આપ અડધા નાણાં મેળવશો
- અઠવાડિયું 27થી — આપ બધા નાણાં મેળવશો

**જો આપે આપનું ઘર 2 ઑક્ટોબર 1995 પછી ખરીદ્યું હોય તો**

- અઠવાડિયું 1થી 39 — હાઉસિંગનાં ખર્ચ માટે આપને નાણાં મળશે **નહીં**
- અઠવાડિયા 39થી — આપ બધા નાણાં મેળવશો

## 4. કાઉન્સિલ ટૅક્સ

**શું કરવું**

✓ આપની સ્થાનિક કાઉન્સિલને કહો કે આપ જેલમાં છો. આપે કદાચ કાઉન્સિલ ટૅક્સ ચૂકવવાની જરૂર ન પડે અથવા આપના કુટુંબે ઓછો કાઉન્સિલ ટૅક્સ ચૂકવવાની જરૂર પડે.

✓ જયારે આપ પ્રથમ જેલમાં જાઓ ત્યારે આપે કાઉન્સિલ ટૅક્સ વિશેની પત્રિકા મેળવવી જોઇએ. પત્રિકા સાથે કેટલાંક ફૉર્મ્સ હોવા જોઇએ. આપની સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરવા માટે આ ફૉર્મ્સ ભરો.

## 5. પાણી, ગૅસ, વીજળી અને ટૅલિફોન જેવા બિલો

આપ જેલમાં હો તે દરમિયાન આ બિલો અંગે આપ કોઇ મદદ મેળવી **શકો નહીં.**

**શું કરવું**

✓ આપ આ કંપનીઓને એવી જાણ કરતો પત્ર લખી શકો છો કે આપ જેલમાં છો. પત્ર લખવામાં મદદ કરવા માટે સ્ટાફને કહો.

✓ આપ જેલમાંથી છૂટો ત્યારે આપ બિલ ભરી શકો તેમ છો કે નહીં તે આપ તેમને પૂછી શકો છો. અથવા આપ ગૅસ, પાણી કે વીજળીનાં જોડાણ કાપવાનું કહી શકો છો.

## 6. રાષ્ટ્રીય વીમો

**જો આપે જેલમાં આવતા પહેલાં રાષ્ટ્રીય વીમાની ચૂકવણી કરી હોય તો**

- આપ જેલમાં હો તે દરમિયાન આપને કોઇ રાષ્ટ્રીય વીમો ચૂકવવામાં આવશે **નહીં.**
- પરંતુ જો આપની ઉંમર 16થી 18 વર્ષ હોય તો ટૅક્સ ક્રેડિટ મેળવશો.
- જો આપ 60થી 65 વર્ષનાં હો તો પણ આપ ક્રેડિટ મેળવી શકો છો.

## આપે જે ચૂકવો છે તે રાષ્ટ્રીય વીમાનાં નાણાં

જેલમાં હોવા દરમિયાન

આપ નીચે જણાવ્યા મુજબની ચૂકવણી **કરી શકતા નથી**

- વર્ગ 1 અને વર્ગ 2 કહેવાતા રાષ્ટ્રીય વીમાનાં પ્રકારો (નોકરીમાં હોય તેને લાગુ પડે છે).
- પરંતુ જો આપ જેલમાં હોવા દરમિયાન વિશેષ પ્રોજેક્ટ પર હો તો આપ **કદાચ** આની ચૂકવણી કરી શકો છો. દાખલા તરીકે, જ્યાં આપને સમુદાયમાં કરવા બદલ ચૂકવણી કરવામાં આવતી હોય.

આપ નીચે પ્રમાણેની ચૂકવણી **કરી શકો છો**

- વર્ગ ૩ તરીકે ઓળખાતાં રાષ્ટ્રીય વીમાનો પ્રકાર.
- જો આપ રાષ્ટ્રીય વીમાનાં આ પ્રકારમાં ચૂકવણી કરવાનું બંધ કરો તો આપના પેન્શન અથવા મૃત્યુને લીધે વિયોગનાં લાભો પર અસર પડી શકે છે. આપની સજા કેટલી લાંબી છે તેના જેવી બાબતો પર આનો આધાર રહેલો છે.

**વધુ માહિતી મેળવવા માટે આપના જૉબસેન્ટર પ્લસ કાર્યાલયનો સંપર્ક કરો અથવા નીચેના સરનામે પત્ર લખો**

HM Revenue & Customs
National Insurance Contributions Office
Benton Park View
Newcastle on Tyne
NE98 1ZZ

ટેલિફોન 0845 302 1479

## 7. આપનું સરકારી પેન્શન

નીચેની પરિસ્થિતિઓમાં આપને આપનું સરકારી પેન્શન મળશે **નહીં**

- જો આપને સજા કરવામાં આવી હોય તો.
- આપ રિમાંડ પર હો અથવા આપના કેસની કાર્યવાહીની રાહ જોઇ રહ્યા હો.

નીચેની પરિસ્થિતિમાં આપ આપનું પેન્શન **મેળવશો**

- જો આપને સજા કર્યા વિના છોડવામાં આવ્યા હોય. આપને જ્યારે છોડવામાં આવે ત્યારે આપ નાણાં મેળવશો.

**જો આપનો સાથીદાર હોય તો**

- આપ જેલમાં હો તે દરમિયાન પણ આપના સાથીદારને તેમનું પેન્શન મળશે સિવાય કે તેઓ **આશ્રિતનાં વધારા (ડિપેન્ડન્ટ્સ ઈન્ક્રીઝ)** જેવું કશુંક મેળવતા ન હોય.

- જો તેમને ખાતરી ન હોય તો તેમણે તેમના જૉબસેન્ટર પ્લસ કાર્યાલય પર તપાસ કરવી જોઇએ.

**વધુ માહિતી માટે નીચેના સરનામે પેન્શન સેવાને પત્ર લખો**

National Pension Centre
Tyneview Park
Whitley Road
Benton
Newcastle-upon-Tyne
NE98 1BA

ટેલિફોન 0845 6060 265

## 8. આવક વેરો

- આપ જેલમાં હો તે દરમિયાન આપના ટૅક્સ અંગેની કોઈપણ બાબત હોય તો તેના પર આપ નજર રાખો તે અગત્યનું છે.

- સિટિઝન્સ એડવાઈસ બ્યુરો જેવા સંગઠનો આપની જેલમાં આવી શકે છે અને આપના ટૅક્સ અંગેનાં પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આપને મદદ કરી શકે છે.

**શું કરવું**

✓ જો આપને મદદની જરૂર હોય તો આપની ટૅક્સ ઑફિસનો સંપર્ક કરો. જો શક્ય હોય તો તેમને આપનો નેશનલ ઈન્સ્યોરન્સ નંબર અને રેફરન્સ નંબર કહો.

✓ કઈ ટૅક્સ ઑફિસ આપની છે તે અંગે આપને ખાતરી ન હોય તો સ્થાનિક ટૅક્સ ઑફિસને પૂછો.

✓ આમ છતાં જો આપને કોઈપણ ટૅક્સ ફૉર્મ મોકલવામાં આવ્યા હશે તો આપે તે ભરવાની જરૂર પડશે. અથવા જો આપ કોઈ આવક ધરાવતા હો તો આપે તેમને તે અંગે જાણ કરવાની રહેશે.

✓ કોઈ વ્યક્તિ આપના માટે ટૅક્સ ઑફિસનો સંપર્ક કરી શકે છે. પરંતુ આમ કરવું તેમના માટે યોગ્ય છે તેવું બતાવવા માટે આપે લેખિતમાં કશુંક આપવું પડશે.

✓ આપ જેલમાં હો તે દરમિયાન આપના નોકરીદાતા કે માલિક આપના માટે નોકરી સાચવી રાખતા હોય તો આ બાબતને લેખિતમાં રાખવા તેમને કહો જેથી આપની પાસે તેની નોંધ રહે.

✓ આપ જેલમાં હો તે દરમિયાન પણ આપના **વ્યક્તિગત ભથ્થાં** મેળવી શકો છો.
આપનું વ્યક્તિગત ભથ્થું એ આવકની એ રકમ છે જે આપ દર વર્ષે મેળવી શકો છો અને આપે તેના પર ટૅક્સ ચૂકવવાની જરૂર નથી.

**વધુ માહિતી માટે આપ આપની ટૅક્સ ઑફિસનો સંપર્ક કરી શકો છો**

✓ જો આપના પત્ની કે સાથીદાર નોકરી કરતા હોય તો આપ ચિલ્ડ્રન્સ ટૅક્સ ક્રેડિટનાં નાણાં તેમના નામે બદલી શકો કે કેમ.

✓ આપની બૅન્ક કે બિલ્ડિંગ સોસાયટીમાંથી લેવામાં આવેલો ટૅક્સ આપ પાછો મેળવી શકો કે કેમ. આમ કરવા માટે આપે એક ફૉર્મ ભરવાનું રહેશે.

✓ જો આપની નોકરી હોય અને આપની પાસે P45 કહેવાતો દસ્તાવેજ હોય તો આપે 5 એપ્રિલથી ભરેલો આવક વેરો આપ પાછો મેળવી શકો કે કેમ.

✓ અથવા આપ પોતાનાં માટે કામ કરતા હો (સ્વરોજગારી) તો સલાહ મેળવવા માટે.

# જેલમાં આપને મદદ કરી શકે તેવા લોકો

- આપ જેલમાં હો તે દરમિયાન આપને કોઈપણ સમસ્યાઓ હોય તો તે વિશે આપ જેલનાં સ્ટાફ સાથે વાત કરી શકો છો.
- પરંતુ અન્ય લોકો પણ છે જે આપને મદદ કરી શકે છે.
- અન્ય કયા લોકો આપને મદદ કરી શકે તે અંગે જેલનો સ્ટાફ આપને કહેશે. આપની જેલ વિંગમાં પણ આ વિશે માહિતી હશે.

**આપને જેલમાં મદદ કરી શકે તેવા અન્ય લોકોની અહીં યાદી આપી છે. પછીનાં પાના પર વધુ લોકોની યાદી આપી છે.**

**જો આપ અપસેટ હો કે ચિંતામાં હો અથવા કોઇ વ્યક્તિની સાથે વાતચીત કરવા માંગતા હો તો, આપ નીચે જણાવેલી વ્યક્તિઓ સાથે વાત કરી શકો છો**

✓ **ધર્મગુરૂ અથવા ધર્મ સાથે સંબંધિત અન્ય કોઇ વ્યક્તિ.**

✓ **સમેરિટન્સ (મદદરૂપ થનાર વ્યક્તિ).** જો આપ સમેરિટન્સ સાથે વાત કરવા માંગતા હો તો જેલનાં સ્ટાફને જણાવો. સમેરિટન્સ એવા લોકો છે કે જ્યારે આપ ખૂબ અપસેટ કે ચિંતામાં હો અથવા જો આપને લાગતું હોય કે આપ પોતાને નુકસાન પહોંચાડવા માંગો છે કે પોતાનો જીવ લેવા માંગો છો ત્યારે આપ તેમની સાથે ખાનગીમાં વાત કરી શકો છો. સમેરિટન્સ દિવસમાં 24 કલાક ઉપલબ્ધ હોય છે. આપ ખાનગીમાં સમેરિટન્સને મળી શકો છો અથવા તેમની સાથે ફોન પર વાત કરી શકો છો (આપે સ્થાનિક નંબર માંગવાનો રહેશે) અથવા નીચેના સરનામે તેમને પત્ર લખી શકો છો
Chris
PO Box 9090
Stirling
FK8 2SA

✓ **શ્રોતા (લિસનર) અથવા મિત્ર (બડી) કહેવાતા અન્ય કેદીઓ.** શ્રોતાઓ એવા **કેદીઓ** છે કે જ્યારે આપ ખૂબ અપસેટ કે ચિંતામાં હો ત્યારે આપને સાંભળવા માટે અને સહાય કરવા માટે તેમને તાલીમ આપવામાં આવેલી હોય છે. આપે શું કહ્યું તે તેઓ જેલનાં સ્ટાફને કહેશે **નહીં** સિવાય કે તેમને ચિંતા હોય કે આપ પોતાની જાતને કે અન્ય કોઇ વ્યક્તિને નુકસાન કરશો. કેટલીક જેલોમાં બડીઝ પણ હોય છે. બડીઝ એવા કેદીઓ છે કે જ્યારે આપને કોઇ વ્યક્તિ સાથે વાતચીત કરવાની જરૂર જણાય ત્યારે તેઓ તે માટે હાજર હોય છે. આપે કહેલી વાતો બડીઝ જેલનાં સ્ટાફને કહી શકે છે જો તેમને તે જરૂરી લાગે તો.

✓ **જેલનાં સત્તાવાર મુલાકાતીઓ.** આ સ્થાનિક લોકો છે જેઓ એવા કેદીઓની મુલાકાત લઈ શકે છે જેમની મુલાકાત લેનારી બહુ ઓછી વ્યક્તિઓ હોય અથવા જેમને જેલની બહારની કોઇ વ્યક્તિ સાથે વાત કરવાની જરૂર હોય. આવી કોઇ વ્યક્તિ મુલાકાત લે તેવું ઈચ્છતા હો તો તેની ગોઠવણ કરી આપવા માટે સત્તાવાર જેલ મુલાકાત લાયઝન અધિકારી તરીકે ઓળખાતી વ્યક્તિ સાથે વાત કરો.

**આપને મદદ કરી શકે તેવા અન્ય લોકો**

**જો કોઈ આપને ઈજા પહોંચાડી રહ્યું હોય કે આપના પ્રત્યે હિંસક હોય તો**

✓ તાત્કાલિક જેલ સ્ટાફનાં **કોઈપણ** સભ્યને વાત કરો. તેઓ આપને મદદ કરી શકશે.

**અન્ય બાબતો અંગે સહાય**

✓ **અન્ય સંગઠનો** પણ કેદીઓને સહાય કરી શકે છે. દાખલા તરીકે, સિટિઝન્સ એડવાઈસ બ્યુરો નાણાં અને કાયદા જેવા બાબતોમાં મદદ કરે છે. આલ્કોહૉલિક્સ અથવા નાર્કૉટિક્સ ઍનોનિમસ ડ્રગ અથવા આલ્કોહૉલ સંબંધિત સમસ્યાઓ અંગે મદદ કરે છે. આપ આપની જેલ ખાતે શી મદદ મેળવી શકો તેમ છો તે વિશે જેલનાં સ્ટાફને પૂછો.

✓ **ધ ન્યુ બ્રિજ ફાઉન્ડેશન.** આ એવું સંગઠન છે જે જેલમાં કેદીઓની મુલાકાત લેવા આવીને અને તેમને જેલ બાદ્નું જીવન જીવવાની તૈયારી કરવામાં મદદ કરીને તેમને સહાય કરે છે.
જો આપ ઈચ્છતા હો કે કોઈ સ્વયંસેવક આપની જેલમાં આવે તો જેલનાં સ્ટાફને કહો. અથવા આપ નીચેના સરનામે ન્યુ બ્રિજ ફાઉન્ડેશનનો સંપર્ક કરી શકો છો

The New Bridge Foundation
27a Medway Street
London
SW1P 2BD
ટેલિફોન 0207 976 0779

**આપની સમસ્યાઓ અંગે જેલમાં કોની સાથે વાત કરવી**

✓ **સ્વતંત્ર નિયામક બૉર્ડ.** આ લોકો જેલની તપાસ કરે છે જેથી ખાતરી કરી શકાય કે તે સારી અને ન્યાયી રીતે ચલાવવામાં આવી રહી છે. તેઓ જેલ માટે કામ કરતા નથી. તેઓ સ્થાનિક વિસ્તારનાં લોકો છે જેઓ સ્વયંસેવકો છે. જો આપને જેલનાં જીવન વિશે ફરિયાદ કરવી હોય તો આપ સ્વતંત્ર નિયામક બૉર્ડમાંથી કોઈ વ્યક્તિ અથવા સમગ્ર બૉર્ડને મળવા માટે કહી શકો છો. જયારે તેઓ જેલમાં આવવાના હોય ત્યારે આપને મળશે. આમ કરવા માટે આપે એક ખાસ ફૉર્મ ભરવાનું રહેશે. સ્વતંત્ર નિયામક બૉર્ડ વિશેનું ફૉર્મ અને પત્રિકા આપની જેલની વિંગમાં મળશે.

✓ આપ જેલનાં સ્ટાફને અથવા પ્રિઝન્સ ઍન્ડ પ્રોબેશન ઓમ્બડ્ઝમેન (બિનસરકારી તપાસ સંશોધક) તરીકે ઓળખાતી વ્યક્તિને પણ ફરિયાદ કરી શકો છો. **વધુ માહિતી માટે પાન નં 115 જુઓ.**

# કુટુંબીજનો અને મિત્રો સાથે સંપર્કમાં રહેવું

આપની જેલ આપને કુટુંબીજનો અને મિત્રો સાથે સંપર્ક જાળવી રાખવામાં મદદ કરશે.

જેલમાં આપ

- પત્રો લખી શકો છો
- ટૅલિફોન કૉલ્સ કરી શકો છો
- મુલાકાતીઓને બોલાવી શકો છો.

જો આ બાબતોમાં આપને મદદની જરૂર હોય તો જેલ અધિકારીને મદદ કરવા વિનંતી કરો.

## કુટુંબીજનો અથવા મિત્રો તરફથી મુલાકાતો

**મુખ્ય મુદ્દાઓ (પછીનાં પાન પર કેટલાંક વધુ મુદ્દાઓ આપ્યા છે)**

✓ જેલમાં કોઇ વ્યક્તિ આપની મુલાકાત લઈ શકે તે પહેલાં આપે સામાન્ય રીતે **વિઝિટિંગ ઑર્ડર** તરીકે ઓળખાતું ફૉર્મ ભરવાનું રહેશે (સિવાય કે આપ કાચા કામનાં કેદી હો અથવા નાગરિક કેદી હો)

✓ મુલાકાતો જેલમાં એક હૉલમાં યોજાશે. હૉલનાં કયા ભાગમાં બેસવાનું છે તે અંગે જેલનો સ્ટાફ આપને જણાવશે.

✓ મુલાકાત કયા સમયે અને દિવસે થઈ શકે તે અંગે દરેક જેલનાં ગવર્નર નિર્ણય લેશે. મુલાકાતો સામાન્ય રીતે જાહેર રજાઓનાં દિવસે **યોજાઈ શકશે નહીં** (જેમ કે નાતાલ અને ઈસ્ટર).

✓ બાળકો આપની મુલાકાત લઈ શકશે કે નહીં તે અંગે જેલનાં સ્ટાફે નિર્ણય કરવો પડી શકે છે. આપે કરેલા ગુના અને જેલમાં હોવા દરમિયાન આપના વર્તન પર આનો આધાર રહેલો છે. જો આમ થાય તો જેલનો સ્ટાફ આપને જણાવશે.

- ✓ સામાન્ય રીતે કોઈપણ બાળકો સાથે પુખ્ત વયની વધુમાં વધુ 3 વ્યક્તિઓ દરેક વખતે આપની મુલાકાત લઈ શકશે. તેમણે બધાએ એક જ સમયે મુલાકાત લેવાની રહેશે. અને તેમના બધાનાં નામો વિઝિટિંગ ઑર્ડરમાં હોવા જોઈએ.

- ✓ બાળકોએ સામાન્ય રીતે પુખ્ત વયની વ્યક્તિ સાથે હાજર રહેવું જરૂરી છે. પરંતુ કેટલીક જેલોમાં 16થી 18 વર્ષનાં લોકો તેમની જાતે મુલાકાત લઈ શકે છે.

- ✓ આપની મુલાકાત કોણ લઈ રહ્યું છે તે જાણવું એ સારો વિચાર છે. જો લોકોનો અન્ય સમૂહ એ જ દિવસે મુલાકાત લે તો તેઓને આપની મુલાકાત ન લેવા દેવામાં આવે તેમ બની શકે છે.

- ✓ **જેલ સેવા આદેશ 4410**માં વધુ માહિતી છે. એક નકલ પુસ્તકાલયમાં છે.

## કાચા કામનાં કેદીઓ અને નાગરિક કેદીઓ માટે

- ✓ આપને મળવાના સમયની ગોઠવણ કરવા માટે આપના કુટુંબે સામાન્ય રીતે જેલને ફોન કરવાનો રહેશે. આપે વિઝિટિંગ ઑર્ડર ફ ભરવાની જરૂર **નથી.**

- ✓ સામાન્ય રીતે આપને અઠવાડિયામાં 3 મુલાકાતોની મંજૂરી આપવામાં આવે છે. આ દરેક મુલાકાતો દરેક વખતે 1 કલાકની હશે. આ મુલાકાતો પૈકીની એક શનિ–રવિવારે હોઇ શકે છે.

- ✓ કેટલીક જેલોમાં વધારે દિવસોએ આપ ટૂંકી મુલાકાત ગોઠવી શકો છો.

- ✓ આપ વધુ મુલાકાતો અથવા લાંબી મુલાકાતો મેળવી શકો છો. આપના વર્તન અને આપ જે જેલમાં હો તેમાં પર આનો આધાર રહેલો છે. **જુઓ પાન નં 64.**

- ✓ દરેક મુલાકાત માટે કોઈપણ બાળકો સાથે પુખ્ત વયની વધુમાં વધુ 3 વ્યક્તિઓ આવી શકે છે.

- ✓ જો તરુણ વયનાં બાળકો આપની મુલાકાત લેવા આવી રહ્યાં હોય તો જેલનાં સ્ટાફ સાથે આ અંગે તપાસ કરો. કેટલીક જેલોમાં તરુણોને પુખ્ત વયની વ્યક્તિઓ માનવામાં આવે છે.

- ✓ આપના કુટુંબમાં આપ કોઈ એવી વ્યક્તિને મળી શકો છો જે બીજી જેલમાં કાચા કામનાં કેદી હોય. જો આપ બંને વધુ એક મહિના માટે જેલમાં રહેવાની સંભાવના હોય તો જ સામાન્ય રીતે આ મુલાકાત થઈ શકે છે. જો આપ આ મુલાકાત કરવા માંગતા હો તો જેલનાં સ્ટાફને કહો.

**અન્ય તમામ કેદીઓ માટે**

✓ આપ દર 4 અઠવાડિયે ઓછામાં ઓછી 2 મુલાકાતો મેળવી શકો છો. આ મુલાકાતો 1 કલાક ચાલશે.
✓ જેલમાં હોવા દરમિયાન આપના વર્તનનાં આધારે આપ વધુ મુલાકાતો મેળવી શકો છો. **જુઓ પાન નં 64.**

## મુલાકાતની ગોઠવણ કઈ રીતે કરવી

1. **વિઝિટીંગ આદેશ** કહેવાતું ફૉર્મ ભરો. આપ દર 2 અઠવાડિયે નવો વિઝિટીંગ આદેશ મેળવશો.

2. જે લોકો આપની મુલાકાત લે તેવું આપ ઈચ્છતા હો તે તમામ લોકોનાં નામ ફૉર્મ પર લખો. જે બાળકો આપની મુલાકાત લે તેવું આપ ઈચ્છતા હો તે તમામનાં નામો લખો.

3. આપ જેમને મળવા માંગતા હો તેવા લોકો પૈકીની એક વ્યક્તિને વિઝિટીંગ આદેશ મોકલો.

4. આપની મુલાકાત લેનારા લોકોએ તેમની સાથે ફૉર્મ લાવવાનું રહેશે.

## મુલાકાતો વિશે અન્ય માહિતી

## અન્ય જેલમાં આપના કુટુંબમાંથી કોઇ વ્યક્તિની મુલાકાત લેવી

આપ આપના કુટુંબનાં નજીકનાં સભ્યની મુલાકાત લઈ શકો છો જેઓ અન્ય જેલમાં છે. આપ દર ત્રણ મહિને એક વખત આ માટે અરજી કરી શકો છો. આપ બંનેએ આ માટે એક વિઝિટીંગ ફૉર્મ ભરવાનું રહેશે. મુલાકાતની ગોઠવણી થવામાં થોડોઘણો સમય લાગી શકે છે.

## જો આપને આપના કુટુંબ કે મિત્રોથી ખૂબ દૂર કોઇ જેલમાં ખસેડવામાં આવ્યા હોય

- આપ મુલાકાતો બચાવી રાખી પણ શકો છો. આપ ઓછામાં ઓછી 3 મુલાકાતો અને કદાચ વધુમાં વધુ 26 મુલાકાતો બચાવી રાખી શકો છો. આને **જમા થયેલી મુલાકાતો** કહે છે. આવું કઈ રીતે કરવું તે માટે જેલનાં સ્ટાફને પૂછો.  આમ થવા માટે આપે રાહ જોવી પડી શકે છે કારણ કે જેલો વ્યસ્ત હોય છે.

- આપના કુટુંબ કે મિત્રોને નજીક પડે તેવી અન્ય જેલમાં **થોડા સમય** માટે આપને ખસેડી શકવા માટે આપ ગવર્નરને પણ પૂછી શકો છો. આપની હાલની જેલમાં દાખલ થયા બાદ 6 મહિના બાદ આપ આમ કરી શકો છો.

- આપે આપની જેલનાં મુલાકાતનાં નિયમોનું પાલન કરવાનું રહેશે.

- આપ આપની જૂની જેલમાં પાછા આવો ત્યારે આપ ફરીથી મુલાકાતો બચાવવાનું શરૂ કરી શકો છો.

## મુલાકાતીઓ માટે પ્રવાસનાં ખર્ચ અંગે મદદ

- આપની મુલાકાત લેતાં  લોકો જ્યારે આપને મળવા આવે ત્યારે તેમના પ્રવાસનાં ખર્ચ માટે થોડાં નાણાં મેળવી શકે છે. આ મદદ મેળવવા માટે તેઓ 18 વર્ષથી વધુ ઉંમરના હોવા જોઇએ, કોઇ લાભો પર હોવા જોઇએ અને બહુ કમાતા ન હોવા જોઇએ.

- આસિસ્ટેડ પ્રિઝન વિઝિટ્સ સ્કીમ તરીકે ઓળખાતી સ્કીમમાંથી નાણાં મેળવવા માટે અરજી કરવા તેમણે એક **ફૉર્મ** ભરવાની જરૂર પડે છે.

- **જેલ સેવા આદેશ 4405**માં અને જ્યાં લોકો આપની મુલાકાત લે છે તે હૉલમાં આના વિશે માહિતી છે.

- આપ જેલ, મુલાકાતી કેન્દ્ર અને જ્યાં લોકો આપની મુલાકાત લે છે તે હૉલમાંથી ફૉર્મ ભરવા માટે મેળવી શકો છો અથવા નીચેના સરનામે આસિસ્ટેડ પ્રિઝન્સ વિઝિટ્સ યુનિટનો સંપર્ક કરીને ફૉર્મ મેળવી શકો છો

  Assisted Prison Visits Unit
  PO Box 2152
  Birmingham
  B15 1SD

ટૅલિફોન  0845 300 1423  અથવા 0121 626 2000
(સોમવારથી શુક્રવાર 10:15-11:45 અને 14:15-15:45)
ટૅક્સ્ટફોનઃ  0845 304 0800 (ઉપરનાં સમયે જ)

## પત્રો

### મુખ્ય મુદ્દાઓ

- ✓ આપના પત્રમાં શું લખી શકાય અને શું ન લખી શકાય તે અંગે **જેલ સેવા આદેશ 4411**માં માહિતી છે. જેલ આદેશ શું કહે છે તે અંગે આપને ખાતરી ન હોય તો જેલનાં સ્ટાફને પૂછો કારણ કે આપે નિયમો જાણવા જરૂરી છે.
- ✓ આપ દર અઠવાડિયે 1 પત્ર મફત મોકલી શકશો. આનો અર્થ એ છે કે આપે સ્ટૅમ્પનાં નાણાં ચૂકવવાની જરૂર નથી. જો આપ કાચાં કામનાં કેદી હો તો આપ અઠવાડિયે 2 પત્રો મફત મોકલી શકો છો.
- ✓ આપને કોઇ સજા થાય તો પણ આમાં ફેરફાર થશે નહીં.
- ✓ અન્ય કોઇપણ પત્રો મોકલવા માટે આપે નાણાં ચૂકવવાનાં રહેશે.
- ✓ જો કોઇ વ્યક્તિ કોઇ કારણસર આપની મુલાકાત લેવા આવી ન શકે તો તેઓ આપની મુલાકાત લે તેના બદલે આપ તેમને મફત પત્ર મોકલી શકો છો.
- ✓ કોઇ ખાસ કારણ કે તાકીદની પરિસ્થિતિમાં આપને પત્ર મોકલવાની જરૂર પડે તો આપ વધારાનો મફત પત્ર મેળવી શકો છો. દાખલા તરીકે, આપે બહુ ઝડપથી અન્ય જેલમાં રહેવાનું આવે અને આપે આપના કુટુંબને જાણ કરવાની જરૂર પડે.
- ✓ આપ ઈચ્છો તેટલા પત્રો અન્યો તરફથી મેળવી શકો છો.

### આપના પત્રો કેટલાં ખાનગી છે?

- આપ મોકલો અને મેળવો તેવા તમામ પત્રો જેલનાં સ્ટાફ દ્વારા ફોડવામાં આવશે. પત્રો સાથે જે મોકલવાની મંજૂરી નથી તે મોકલવામાં આવતું નથી તેવી ખાતરી કરવા માટે આમ કરવામાં આવે છે.  સોલિસિટર, અદાલતો અને કેટલાક અન્ય ગુપ્ત સંગઠનો તરફથી મળતાં પત્રો આ બાબતમાં અપવાદ છે.  **જુઓ પાન નં 47.**
- જેલનો સ્ટાફ મોટાભાગનાં પત્રો વાંચતો **નથી.** પરંતુ તેઓ સમયાંતરે થોડાંક પત્રો વાંચતા રહેશે.

**પત્રો વિશે વધુ માહિતી**

- નીચેની પરિસ્થિતિઓમાં જેલનો સ્ટાફ આપના તમામ પત્રો વાંચી **શકે છે**
  - જો આપ વર્ગ Aનાં કેદી હો તો
  - જો તેઓ માનતા હોય કે જેલમાંથી ભાગી જઈ શકો છો
  - જો તેઓ માનતા હોય કે આપ બાળકો માટે જોખમરૂપ હોઇ શકો છો (આની તપાસ દર 6 મહિને કરવામાં આવશે)
  - જો આપ સતામણીનાં ગુના બદલ રિમાંડ પર હો અથવા આપના પર તે ગુનો સાબિત થયો હોય તો
  - જો આપને રિસ્ટ્રેઈનિંગ આદેશ (કોઇ વ્યક્તિને નુકસાન પહોંચાડે તેવા કૃત્ય પર પ્રતિબંધ મૂકતો આદેશ) અથવા મનાઈ હુકમ આપવામાં આવ્યો હોય (આની તપાસ દર 6 મહિને થઈ શકે છે)
  - જો કોઈ કારણસર જેલનો સ્ટાફ માનતો હોય કે પત્રમાં જે લખેલું છે તે જેલ માટે કે અન્ય લોકો માટે જોખમી હોઇ શકે છે.

# ટેલિફોન કૉલ્સ

**મુખ્ય મુદ્દાઓ (પછીનાં પાન પર થોડા વધુ મુદ્દાઓ છે)**

✓ આપ જેમને કૉલ કરવા માંગતા હો તેવા ટેલિફોન નંબરોની યાદી જેલનો સ્ટાફ આપને આપશે. દાખલા તરીકે, આપના કુટુંબનાં લોકો, આપના મિત્રો અને આપના સોલિસિટર.

✓ જેલ સ્ટાફે ત્યારબાદ કહેવાનું રહેશે કે આ યાદી બરાબર છે કે નહીં. કેટલાંક કિસ્સાઓમાં, જેલનો સ્ટાફ પ્રથમ લીલી ઝંડી આપે તે વિના આપ ફોન નંબર લગાડી શકો છો. આપની સુરક્ષાનો કયો વર્ગ છે તેના પર આનો આધાર રહેલો છે.

✓ જેલનો સ્ટાફ આપને **પિન** નંબર કહેવાતો નંબર આપશે. આપ **દરેક** ફોન કૉલ કરો તે પહેલાં આપે આ નંબર ટાઈપ કરવાનો રહેશે.

✓ ત્યારબાદ આપ કાગળનાં એક ટુકડા પર સહી કરશો જેથી બતાવી શકાય કે આપ ફોનનો ઉપયોગ કરવા વિશેનાં કેટલાંક નિયમો સાથે સંમત છો.

✓ **ક્રેડિટ** તરીકે ઓળખાતી કોઇ વસ્તુ ખરીદીને આપ કૉલ્સ માટે ચૂકવણી કરી શકો છો. અહીં આપ નાણાં શરૂઆતથી ચૂકવી શકો છો. આપ દરેક વખતે કૉલ કરો ત્યારે કૉલનો ખર્ચ લઈ લેવામાં આવે છે.

✓ આપના અંગત નાણાં અથવા કમાયેલાં નાણાંથી આપ જેલની દુકાનમાંથી ક્રેડિટ ખરીદી શકો છો.

✓ આપ જેલમાં હો તે દરમિયાન આપના વર્તનનાં આધારે આપ ટેલિફોન પર વધુ સમય વીતાવી શકો છો. **જુઓ પાન નં 64.**

✓ જો આપને આપના સોલિસિટર સાથે તાત્કાલિક વાત કરવાની જરૂર હોય તો આપ વધુ એક ટેલિફોનનો ઉપયોગ કરવા માટે કહી શકો છે જે વધુ ખાનગી હોય. અથવા જો કોઇ મહત્ત્વનું કારણ હોય તો. આપ આમ કરી શકો છો કે કેમ તે અંગે ગવર્નર નિર્ણય લેશે.

**જેલ સેવા આદેશ 4440નાં પ્રકરણ** 4માં વધુ માહિતી છે. પુસ્તકાલયમાં એક નકલ છે.

## જો આપનું કુટુંબ કે મિત્રો અન્ય દેશમાં રહેતા હોય તો

- આપ કોઈપણ કૉલ્સ કરો તે ઉપરાંત આપ સામાન્ય રીતે તેમને મહિનામાં 1 **મફત** ફોન કૉલ કરી શકો છો. આ કૉલ 5 મિનિટ જેટલો હોઇ શકે છે. જો આપના કુટુંબ કે મિત્રોએ ગત મહિને આપની મુલાકાત લીધી હોય તો આપ આ મફત કૉલ મેળવી શકશો **નહીં.**
- વિદેશી નાગરિકો (યુકેનો પાસપૉર્ટ ન હોય તેવા લોકો) અથવા અન્ય દેશમાં નજીકનાં કુટુંબો સાથેનાં કેદીઓ તેમના અંગત નાણાંનો વધુ હિસ્સો આ દેશમાં કુટુંબો અથવા મિત્રોને ફોન કરવામાં વાપરી શકે છે.

## આપના ફોન કૉલ્સ કેટલાં ખાનગી છે?

- જો આપ ઊંચા કે અસાધારણ જોખમનાં વર્ગ Aનાં કેદી હો તો જેલનો સ્ટાફ આપના **બધા** કૉલ્સ સાંભળી શકે છે.
- જો આપ ઉપરોક્ત વર્ગનાં કેદી ન હો તો જેલનો સ્ટાફ આપના **થોડા** કૉલ્સ સાંભળી શકે છે.
- જેલનો સ્ટાફ ફોન કૉલમાં બંને છેડેની વ્યક્તિઓને સાંભળી શકે છે. તેઓ ફોન કૉલ્સ ટેપ પણ કરી શકે છે જેથી તેમની પાસે તેની નકલ રહે.
- જો આપની જેલમાં આમ થઈ શકે છે કે કેમ તે અંગે જેલનો સ્ટાફ આપને કહેશે.
- જો આપ ન કહેવા જેવી વાત કહો તો જેલનો સ્ટાફ આપના કૉલને અટકાવી શકે છે.
- આપના સોલિસિટરને અથવા કેટલાંક અન્ય ખાનગી સંગઠનોને કરવામાં આવેલા કૉલ્સને સ્ટાફ સાંભળશે નહીં.

## લગ્ન કરવા અથવા સમલિંગી સહજીવન (સિવિલ પાર્ટનરશીપ) જીવવું

- આપ જેલમાં હો તે દરમિયાન આપ લગ્ન કરવા માટે અથવા સમલિંગી સહજીવન (સિવિલ પાર્ટનરશીપ) માટે આપ અરજી કરી શકો છો.
- આમ કરવા માટે, એક વિનંતી ફૉર્મ ભરો અથવા ગવર્નરને પત્ર લખો અને તે મોકલવા માટે જેલનાં સ્ટાફને આપો.
- લગ્ન અથવા સિવિલ સમારોહ જેલમાં થવો જોઇએ કે નજીકની રજીસ્ટર ઑફિસ ખાતે થવો જોઇએ તે અંગે ગવર્નર નિર્ણય લેશે.
- આપ અને આપના સાથીદારે તમામ વ્યવસ્થાઓ અંગે નિર્ણય કરવાનો રહેશે. દાખલા તરીકે, આપે યોગ્ય લોકોનો સંપર્ક કરવાની જરૂર પડશે, યોગ્ય ફૉર્મ ભરવાનાં રહેશે અને કોઇપણ ખર્ચ માટે ચૂકવણી કરવાની રહેશે.
- ધર્મગુરૂ આપને કેટલીક વ્યવસ્થાઓ કરવામાં મદદ કરી શકે છે.

**વધુ માહિતી**

- **જેલ સેવા આદેશ 4450**માં લગ્ન કરવા વિશે વધુ માહિતી છે.
- **જેલ્સ સેવા આદેશ 4445**માં સમલિંગી સહજીવન વિશે વધુ માહિતી છે.

આપ પુસ્તકાલયમાં આની નકલો મેળવી શકો છો.

# આપના સોલિસિટર અથવા અન્ય સત્તાવાર લોકો સાથે સંપર્ક

## આપના સોલિસિટર, અદાલતો અથવા અન્ય સત્તાવાર સંગઠનોને લખેલા અને તેમની તરફથી મેળવેલા પત્રો

- કાનૂની બાબતો અંગે જેલનાં સ્ટાફ આપના સોલિસિટર કે અદાલતોને લખેલા પત્રો ફોડશે કે વાંચશે **નહીં** સિવાય કે તેમ કરવા માટે સબળ કારણ હોય. આને **નિયમ 39** મેઈલ કહે છે.
- જેલ અને પ્રોબેશન ઓમ્બડ્ઝમેન, આપના એમપી અને સમેરિટન્સ જેવા કેટલાંક અન્ય સંગઠનોને લખેલા પત્રો માટે પણ બાબત લાગુ પડે છે. આ સંગઠનોની યાદી માટે **જેલ સેવા આદેશ 4411** જુઓ. પુસ્તકાલયમાં એક નકલ છે.

### આપના સોલિસિટર, અદાલતો અથવા અન્ય સત્તાવાર સંગઠનોને પત્ર લખવા માટે

આપ પરબિડીયું મોકલવા માટે જેલનાં સ્ટાફને આપો તે પહેલાં નામ અને સરનામા સાથે આપે આ બાબતો પરબિડીયાં પર લખવાની રહેશે

- આપના સોલિસિટર અથવા અદાલતોને લખેલા પત્રોનાં પરબિડીયા પર **જેલ નિયમ 39** લખો.
- અન્ય સત્તાવાર લોકોને લખેલા પત્રોનાં પરબિડીયા પર **ગુપ્ત પહોંચ (કૉન્ફિડન્શિયલ ઍક્સેસ)** લખો.

### આપના સોલિસિટર, અદાલતો અથવા આ અન્ય સત્તાવાર સંગઠનો તરફથી પત્ર મેળવવા માટે

આપને પત્ર મોકલનાર વ્યક્તિએ પરબિડીયા પર આ બાબતો લખવાની રહેશે

- આપનું નામ અને કેદી નંબર
- તેઓનું સરનામું અને ફોન નંબર
- જેલ નિયમ 39 અથવા ગુપ્ત પહોંચ
- આપના સોલિસિટરે ત્યારબાદ પરબિડીયા પર સહી કરવી જોઇએ. ત્યારબાદ તેઓએ તેને અન્ય પરબિડીયામાં મૂકવું જોઇએ અને તેના પર ગવર્નરનું સરનામું લખવું જોઇએ. અથવા તેઓ તેના બદલે પત્ર લખવા માટે એક ટૂંકી નોંધ લખી શકે છે.

- જો પત્ર કાનૂની બાબત વિશે હોય તો આપે પત્ર પર માત્ર **નિયમ 39** એમ લખવું જોઇએ.
- પત્રમાં આપને જે મોકલવાની મંજૂરી **ન** હોય તેવી કોઈપણ વસ્તુ આપે તેમાં **ન** મૂકવી જોઇએ.
- જો જેલનાં સ્ટાફને લાગે કે કંઈક ખોટું છે તો જેલનો સ્ટાફ આપની સામે પત્ર ફોડી શકે છે. તેઓ આમ કરી શકે કે નહીં તે માટે પહેલાં તેમણે ગવર્નર અથવા ડિરેક્ટરને પૂછવું પડે છે.

## આપના સોલિસિટર અથવા અન્ય સત્તાવાર લોકો તરફથી મુલાકાતો અને ટૅલિફોન કૉલ્સ

- આપના સોલિસિટર અને અન્ય સત્તાવાર મુલાકાતીઓ (જેમ કે કાયદા સાથે સંબંધ હોય તેવા લોકો) જેલમાં આપની મુલાકાત લઈ શકે છે.
- જ્યારે આ લોકો આપની મુલાકાત લે ત્યારે જેલ અધિકારી હાજર રહેશે. પરંતુ આપ શું કહો છો તે સંભળાય નહીં તેટલા દૂર તેઓ ઊભા હશે.
- આપ આપના સોલિસિટર કે અન્ય કાનૂની લોકોને કોઈપણ ફોન કૉલ્સ કરો તેને જેલનો સ્ટાફ સાંભળશે **નહીં.**

## વર્તમાનપત્રો, ટીવી, રેડિયો અથવા મેગેઝિન્સ સાથે સંપર્ક

નીચેની શરતોનું પાલન થતું હોય ત્યાં સુધી આપ વર્તમાનપત્રો, ટીવી, રેડિયો અને મેગેઝિન્સને લખી શકો છો

- આપે કરેલા ગુના વિશે અથવા અન્ય કોઇ વ્યક્તિએ કરેલા ગુના વિશે આપ ન લખો (સિવાય કે તે ગુના, ગુનેગાર ઠેરવવા, ન્યાય, સજા અથવા જેલની સેવા વિશેની કંઈક ગંભીર બાબત હોય)
- આપ કોઈપણ કેદી કે જેલ સ્ટાફનાં સભ્ય વિશે **ન** લખો જ્યાં એ સ્પષ્ટ હોય કે વ્યક્તિ કોણ છે. દાખલા તરીકે, આપ વ્યક્તિનું નામ લખી ન શકો.
- આપ પત્રો વિશેના બધા નિયમોનું પાલન કરો
- આપ જે કંઈપણ કરતા હો તેના માટે આપને ચૂકવણી કરવામાં આવતી **ન હોય** (સિવાય કે આપ કાચાં કામનાં કેદી હો).

આપ પત્રકારો તરફથી ફોન કૉલ્સ કે મુલાકાતો મેળવી શકો કે કેમ તે અંગે આપે ગવર્નર અથવા ડિરેક્ટરને પૂછવાનું રહેશે.

**જેલ સેવા આદેશ 4470**0માં વધુ માહિતી છે. તેની એક નકલ પુસ્તકાલયમાં છે.

# જેલનું જીવન

## આપનો કેદી નંબર

આપ પહેલાં જેલમાં આવો ત્યારે આપને એક કેદી નંબર આપવામાં આવશે. જો આપ અન્ય જેલમાં જાઓ તો પણ આ નંબર સમાન રહેશે. આ નંબર જેલનાં સ્ટાફને આપ અને આપની ચીજવસ્તુઓનું ધ્યાન રાખવામાં મદદ કરે છે.

## આપની જેલ નોંધો

આપની જેલ નોંધ એ એવી **માહિતી** છે જે જેલ આપના વિશે કાગળ અને કોમ્પ્યૂટર પર નોંધી રાખે છે.

તેમાં નીચેની ચીજોનો સમાવેશ થાય છે

- આપનું નામ અને જન્મતારીખ
- આપ કઈ કોટડીમાં છો તે
- આપ જ્યારે અદાલતમાં જાઓ તે વિશેની માહિતી
- આપ જેલમાં હો તે દરમિયાન ન્યાયાધીશે આપેલો કોઇપણ ચુકાદો
- આપના સ્વાસ્થ્ય વિશેની માહિતી
- આપ કરતા હો તેવું કોઈપણ કામ કે શિક્ષણ વિશેની માહિતી.

## જેલ સેવા આદેશો (Prison Service Orders = PSO) અને જેલ સેવા સૂચનાઓ (Prison Service Instructions = PSI)

આ જેલનાં નિયમો (ધારાઓ) અને જેલ કઈ રીતે કાર્યો કરે છે તે સમજાવે છે.

## જેલનો સ્ટાફ આપના વિશેની માહિતીનું શું કરે છે

- ✓ જેલનો સ્ટાફ આપના વિશેની માહિતી ગુપ્ત રાખશે. પરંતુ તેમણે પોલિસ અને અદાલતનાં લોકોને આ માહિતી બતાવવાની જરૂર પડશે.
- ✓ જેલ આપના વિશે જે માહિતી રાખે છે તે આપ જોઇ શકો છો. જો આપ **બધી** માહિતી જોવા માંગતા હો તો આપને £10નો ખર્ચ થશે.
- ✓ આમ કરવા માટે આપે **વ્યક્તિ પહોંચ વિનંતી ફૉર્મ (સબ્જેક્ટ ઍક્સેસ રિક્વેસ્ટ ફૉર્મ)** તરીકે ઓળખાતું ફૉર્મ ભરવાનું રહે છે. આ માટે જેલ અધિકારીને કહો. અથવા આપ તે અંગે પૂછવા માટે કાગળ પર નોંધ લખી શકો છો.
- ✓ ફૉર્મ અથવા નોંધ શિસ્ત/ કસ્ટડી ઑફિસ અથવા કર્મચારી વિભાગને મોકલો.
- ✓ કાયદો કહે છે કે જેલ કેટલીક ચોક્કસ માહિતી આપનાથી ગુપ્ત રાખે તે ફરજિયાત છે. દાખલા તરીકે, ગુનો ઉકેલવા માટે જે માહિતીનો ઉપયોગ થઈ રહ્યો છે તે તેઓ આપને આપી શકે નહીં.
- ✓ **જેલ સેવા આદેશ 9020**માં વધુ માહિતી છે. પુસ્તકાલયમાં એક નકલ છે.
- ✓ આપના વિશેની માહિતીનો જેલો કઈ રીતે ઉપયોગ કરે છે તે અંગે વધુ જાણવા માટે નીચેના સરનામે લખો

  The information manager<br>
  H M Prison Service<br>
  Room 330<br>
  Bell House<br>
  John Islip Street<br>
  London<br>
  SW1P 4LH

## આપનો સુરક્ષા વર્ગ

**ઉપયોગી શબ્દો**

**ખુલ્લી જેલો.** આ એવી જેલો છે જેમાં આસપાસ ફરવા અને કામો કરવા માટે આપને અન્ય જેલો કરતાં વધુ સ્વતંત્રતા મળે છે. આપની પાસે પોતાની ચાવી સાથે પોતાની કોટડી હોઇ શકે છે. જો આપ વિશ્વાસપાત્ર છો તેવું સ્ટાફ માનતો હોય તો આપને ખુલ્લી જેલમાં રાખવામાં આવી શકે છે.

**બંધ જેલો.** જેલમાં મોટાભાગનાં લોકો બંધ જેલોમાં હોય છે.  આ જેલો સલામત હોય છે અને લોકો તેમાંથી ભાગી જઈ શકતા નથી.

### આપનો સુરક્ષા વર્ગ શું છે?

- આપ કેવા પ્રકારનાં કેદી છો તે આપનો સુરક્ષા વર્ગ છે.
- આપ અન્યોને નુકસાન પહોંચાડી શકો તેમ છો કે કેમ અથવા આપ જેલમાંથી છૂટવાનો પ્રયત્ન કરો તેમ છો કે નહીં અને જો આપ ભાગી છૂટો તો આપ કેટલાં જોખમી સાબિત થઈ શકો તેવી બાબતો પર જેલનો સ્ટાફ ધ્યાન આપશે.
- આપ કયા વર્ગમાં હોવા જોઇએ તે અંગે જેલનો સ્ટાફ નક્કી કરશે અને ત્યારબાદ આપને કહેશે.
- જો આપ ઉચ્ચ સુરક્ષા વર્ગમાં હો (જેમ કે A અથવા B) તો આપને જેલમાં કામો કરવા માટે અન્ય કેદીઓ કરતા ઓછી સ્વતંત્રતા હશે. આપની પર નજર રાખવા માટે અને આપને ભાગી છૂટતાં અટકાવવા માટે જેલનો સ્ટાફ વધુ સાવચેત રહેશે.
- પુખ્ત વયનાં કેદીઓની સરખામણીમાં યુવા ગુનેગારોનાં સુરક્ષા વર્ગો અલગ હોય છે.

**પુખ્ત વયની વ્યક્તિઓ માટેનાં સુરક્ષા વર્ગો આ પ્રમાણે છે**

1. **વર્ગ A.** આ એવો વર્ગ છે જેમાં જેલનો સ્ટાફ માને છે કે આપ જેલની બહાર કોઈ વ્યક્તિને નુકસાન પહોંચાડશો અને/અથવા આપ ભાગી છૂટવાનો પ્રયત્ન કરી શકો છો તેથી આપને ભાગી છૂટતા અટકાવવા માટે શક્ય તેટલાં પગલાં લેવામાં આવશે.

2. **વર્ગ B.** આ એવો વર્ગ છે જેમાં જેલનો સ્ટાફ માને છે કે આપને ભાગી છૂટવાની કોઈ તક ન આપવી જોઈએ.

3. **વર્ગ C.** આ એવો વર્ગ છે જેમાં જેલનો સ્ટાફ માને છે કે આપ ભાગશો નહીં પરંતુ ખુલ્લી જેલમાં આપના પર વિશ્વાસ મૂકી ન શકાય.

4. **વર્ગ D.** આ એવો વર્ગ છે જેમાં જેલનો સ્ટાફ માને છે કે આપ ખુલ્લી જેલમાં હો તો પણ તેઓ આપનો વિશ્વાસ કરી શકે છે.

**યુવા ગુનેગારો માટેનાં સુરક્ષા વર્ગો આ પ્રમાણે છે**

1. **વર્ગ A.** આ એવો વર્ગ છે જેમાં જેલનો સ્ટાફ માને છે કે આપ કોઈને નુકસાન પહોંચાડશો અને આપને યુવા ગુનેગાર સંસ્થામાંથી ભાગી છૂટતા અટકાવવા માટે શક્ય તેટલા પગલાં લેવા જોઈએ.

2. **અંકુશિત સ્થિતિ.** આ એવો વર્ગ છે જેમાં જેલનો સ્ટાફ માને છે કે આપને યુવા ગુનેગાર સંસ્થાનાં સલામત ભાગમાં રાખવા જોઈએ.

3. **બંધ સ્થિતિઓ.** આ એવો વર્ગ છે જેમાં સ્ટાફ માને છે કે આપ ઓછા જોખમી છો પરંતુ ખુલ્લી યુવા ગુનેગાર સંસ્થામાં આપને રાખવા સલામત નથી.

4. **ખુલ્લી સ્થિતિઓ.** આ એવો વર્ગ છે જેમાં સ્ટાફ માને છે કે આપને ખુલ્લી યુવા ગુનેગાર સંસ્થામાં રાખવા તેમને ભરોસાપાત્ર લાગે છે.

## આપનો સુરક્ષા વર્ગ યોગ્ય છે તે સુનિશ્ચિત કરવા માટે તેની ચકાસણી કરવી

આપ યોગ્ય સુરક્ષા વર્ગમાં છો કે નહીં તે જેલનો સ્ટાફ નિયમિતપણે ચકાસતો રહેશે. જો આપ વધુ સલામત કે વધુ જોખમી બન્યા હોય તો તેઓ આપનો સુરક્ષા વર્ગ બદલશે.

- **જો આપની સજા 1 વર્ષ અને 4 વર્ષની વચ્ચે હોય તો**

જેલનો સ્ટાફ દર 6 મહિને આપના સુરક્ષા વર્ગની તપાસ કરશે.

- **જો આપની સજા 4 વર્ષથી વધારે હોય તો**

જેલનો સ્ટાફ દર વર્ષે આપના સુરક્ષા વર્ગની ચકાસણી કરશે.

- **જો આપ વર્ગ Aનાં કેદી હો તો**

જેલ સેવા મુખ્ય કાર્યાલય ખાતે કામ કરતો સ્ટાફ આપના સુરક્ષા વર્ગની ચકાસણી કરશે.

- **જો આપ વર્ગ Dનાં કેદી હો તો**

જેલના સ્ટાફને આપના સુરક્ષા વર્ગની ચકાસણી કરવાની બહુ જરૂર નહીં પડે.

જો આપને લાગતું હોય કે આપ જે સુરક્ષા વર્ગમાં છો તે ખોટું છે તો આપ તેની ફરિયાદ કરી શકો છો. **જુઓ પાન નં 110.**

## આપ આપની સજા ક્યાં ગાળશો

✓ આપને જે અદાલતમાં સજા સંભળાવવામાં આવી હતી તેની નજીકની સ્થાનિક જેલ અથવા યુવા ગુનેગાર સંસ્થામાં આપ આપની સજા કાપવાનું શરૂ કરશો.

✓ જો આપની સજા ટૂંકા સમય માટે હોય તો આપે આખો સમય એક જ જેલમાં રોકાવાનું રહેશે.

✓ જો આપની સજા લાંબા સમય માટે હોય તો આપને બાદમાં તરત અન્ય જેલમાં ખસેડવામાં આવશે.

✓ આપને કઈ જેલમાં જવું છે તેની પસંદગી આપ કરી **શકો નહીં.** પરંતુ જો આપ આપના મિત્રો કે કુટુંબીજનોની નજીકની જેલમાં જવા માંગતા હો તો આપ જેલનાં સ્ટાફને કહી શકો છો. તેઓ આપને આ અંગે મદદ **કરી શકે.**

✓ અન્ય જેલમાં જવા માટે લાંબો સમય રાહ જોવી પડી શકે છે કારણ કે ઘણાં બધા કેદીઓ એવા છે જેઓ બીજી જેલમાં જવા માંગતા હોય છે.

# વિવિધ પ્રકારની જેલો

## 1. સ્થાનિક જેલો

- નીચેના કિસ્સાઓમાં આપ પ્રથમ સ્થાનિક જેલ અથવા સ્થાનિક યુવા ગુનેગારોની સંસ્થામાં જઈ શકો છો
  - જો આપને અદાલત ખાતે થોડો સમય પહેલાં જ ગુનેગાર ઠેરવવામાં આવ્યા હોય અથવા સજા સંભળાવવામાં આવી હોય
  - જો આપ રિમાંડ પર હો અને આપના કેસની કાર્યવાહી માટે રાહ જોઈ રહ્યા હો.

- આપને અહીં આપનો સુરક્ષા વર્ગ આપવામાં આવશે.

- આપ અહીં રોકાશો અથવા અન્ય જેલ કે યુવા ગુનેગાર સંસ્થામાં જશો. આપની સજા કેટલી લાંબી છે તેના પર આનો આધાર છે.

- બધી સ્થાનિક જેલો બંધ જેલો છે.

## 2. તાલીમી જેલો

- આપ સ્થાનિક જેલમાં જાઓ તેના તરત થોડા સમય પછી આપને તાલીમી જેલમાં ખસેડવામાં આવી શકે છે.

- તાલીમી જેલો ખુલ્લી કે બંધ જેલો હોઈ શકે છે.

- આપ જ્યારે જેલ છોડો ત્યારે આપને વધુ એક ગુનો આચરતા અટકાવવામાં મદદ કરવા માટે આપ આ જેલોમાં અભ્યાસક્રમો અને તાલીમમાં જોડાઈ શકો છો. તાલીમ અથવા અભ્યાસક્રમો મેળવવા માટે આપે થોડો સમય રાહ જોવી પડી શકે છે.

## 3. યુવા ગુનેગાર સંસ્થાઓ

- આ 15થી 21 વર્ષનાં એવા યુવા લોકો માટેની જગ્યા છે જેમણે ગુનો કર્યો છે.

## 4. ઉચ્ચ સલામતી ધરાવતી જેલો

- આ એવા કેદીઓ માટે છે જેઓને વર્ગ A અથવા B સુરક્ષા વર્ગ આપવામાં આવ્યો છે.
- હાલ ઉચ્ચ સલામતી ધરાવતી 8 જેલો છે. તે આ પ્રમાણે છેઃ બેલમાર્શ, ફ્રેન્કલેન્ડ, ફુલ સટન, લોંગ લાર્ટિન, માંચેસ્ટર, વેકફિલ્ડ, વ્હાઈટમૂર, અને વૂડહિલ.

## 5. ખાનગી કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતી જેલો (ક્યારેક કરારબદ્ધ કે કૉન્ટ્રાક્ટેડ જેલો કહેવાય છે)

- આ જેલો ખાનગી કંપનીઓ દ્વારા ચલાવવામાં આવે છે.
- અન્ય જેલોનાં કેદીઓની જેમ જ આ જેલનાં કેદીઓ સમાન નિયમોનું પાલન કરે છે અને તેમના હક્કો પણ સમાન હોય છે.
- કેટલોક સ્ટાફ અલગ હોય છે. દાખલા તરીકે, ખાનગી જેલો ગવર્નર નહીં પરંતુ ડિરેક્ટર તરીકે ઓળખાતી વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવે છે.
- જેલ અધિકારીઓને જેલ કસ્ટડી અધિકારીઓ કહેવામાં આવે છે.
- હાલ 11 ખાનગી જેલો ચાલે છે. તે આ પ્રમાણે છેઃ ઑલ્ટકોર્સ, એશફિલ્ડ, બ્રૉન્ઝફિલ્ડ (મહિલાઓ માટે), ડોન્કેસ્ટર, ડવગેટ, ફૉરેસ્ટ બૅન્ક, લોધામ ગ્રેન્જ, પાર્ક, પીટરબરો (પુરુષો અને મહિલાઓ માટે), રાય હિલ અને ધ વૉલ્ડ્સ.

## આપ જેલમાં શું રાખી શકો અને શું ન રાખી શકો

### મુખ્ય મુદ્દાઓ

✓ આપ જેલમાં બહુ વસ્તુઓ ન રાખી શકો.

✓ આપ જે ન રાખી શકો તેવી કોઇપણ વધારાની વસ્તુઓ જ્યારે મુલાકાતીઓ આપને મળવા આવે ત્યારે તેમને આપી દેવી જોઇએ.

✓ આપની પાસે કોઇ મોંઘી કે કિંમતી ચીજો હોય તે મુલાકાતીઓને મોકલવી કે આપવી એ સારો વિચાર છે. આનું કારણ એ છે કે જો આપની ચીજો ખોવાઈ જાય કે તૂટી જાય તો જેલ તે અંગે કશું કરી શકતી નથી, સિવાય કે એવું બતાવી શકાય કે તે જેલના સ્ટાફને કારણે થયું છે.

✓ આપ રાખી ન શકો અથવા મુલાકાતીઓને આપી ન શકો તેવી કોઇપણ વસ્તુઓ આપ જેલ છોડીને ન જાઓ ત્યાં સુધી જેલની અંદર કે બહાર સલામત સ્થળે સીલ કરેલી બેગોમાં મૂકવામાં આવશે.

✓ નીચેના સમયે જેલનો સ્ટાફ આપને એક ફૉર્મ (સંપત્તિ કાર્ડ)માં સહી કરવાનું કહેશે

- જ્યારે આપ જેલમાં એ કહેવા જાઓ કે જેલનાં સ્ટાફે બેગોમાં જે મૂક્યું છે તે આપે જોયું છે અને બેગો આપની નજર સામે બંધ કરવામાં આવી છે
- જ્યારે આપ નવી જેલમાં જાઓ અથવા તે જેલ છોડો એ કહેવા માટે કે આપની ચીજવસ્તુઓ બરાબર છે
- આપને તમામ ચીજવસ્તુઓ તેની જગ્યાએ છે તે કહેવા માટે જ્યારે આપને જેલમાંથી છોડવામાં આવે ત્યારે.

✓ જ્યારે આપને જેલમાંથી છોડવામાં આવે ત્યારે આપ આપની બધી ચીજવસ્તુઓ પાછી મેળવશો, સિવાય કે એવી વસ્તુઓ જે સાથે રાખવાની આપને મંજૂરી નથી અથવા તે કાયદાની વિરુદ્ધ છે.

## આપ આપની કોટડીમાં શું રાખી શકો

- આપ આપની કોટડીમાં એટલી વસ્તુઓ રાખી શકો જે 2 બૉક્સમાં સમાઈ શકે.
- આપ નીચેની વસ્તુઓ પણ રાખી શકો છો
  - સંગીત સાંભળવા માટે સ્ટિરિયો કે તેના જેવું કશુંક
  - કંઈક મોટી વસ્તુ, દાખલા તરીકે, ગિટાર
  - કોઈપણ કાનૂની કાગળો કે જે રાખવાની આપને મંજૂરી હોય.
- જેલનો સ્ટાફ અવારનવાર ચકાસણી કરતો રહેશે જેથી ખાતરી કરી શકાય કે આપની પાસે ઘણીબધી વસ્તુઓ નથી અથવા ખોટી વસ્તુઓ નથી.
- કેટલીક વસ્તુઓ આપની કોટડીમાં રાખવા માટે આપે હક કમાવો પડે તેમ બની શકે છે. **જુઓ પાન નં 64.**

આપને આપની કોટડીમાં રાખવાની મંજૂરી **કદાચ આપવામાં** આવે તેવી ચીજવસ્તુઓની યાદી નીચે આપેલી છે. દરેક જેલ માટે આ યાદી અલગ અલગ હોઇ શકે છે અને આપનો સુરક્ષા વર્ગ કયો છે તેના પર તે આધાર રાખી શકે છે.

## આપ આ વસ્તુઓ કદાચ રાખી શકો તેમ બને

✓ વર્તમાનપત્રો, પુસ્તકો અને મેગેઝિન્સ.

✓ સંગીત સાંભળવા માટે કોઇક સાધન અને ઈયરફોન્સ.

✓ કોમ્પ્યૂટર અને તેની સાથે સંબંધિત વસ્તુઓ, જેમ કે ફ્લૉપી ડિસ્ક.

✓ ધુમ્રપાન માટે જરૂરી વસ્તુઓ. **ગુનેગાર ઠેરવવામાં આવેલા** કેદીઓ 62.5 ગ્રામ સુધી તમાકુ અથવા 80 સિગારેટ કે સિગાર અથવા બંને રાખી શકે છે.
**કાચાં કામના** કેદીઓ 137.5 ગ્રામ સુધી તમાકુ અથવા 180 સિગારેટો રાખી શકે છે. આપને માત્ર આપની કોટડીમાં જ ધુમ્રપાન કરવા દેવામાં આવે તેમ બની શકે છે.

✓ ઈલેક્ટ્રોનિક ગેમ્સ સહિત રમવા માટે કેટલીક રમતો.

✓ શોખ સાથે જેને સંબંધ હોય તેવી કેટલીક ચીજો. દાખલા તરીકે, કળા અથવા લેખન.

## આપ આપની કોટડીમાં કદાચ રાખી શકો તેવી અન્ય ચીજવસ્તુઓ

- ✓ પક્ષીનું પાંજરું અને એક નાનું પક્ષી (જો જેલમાં પાંજરામાં કેદ પક્ષી રાખવાની મંજૂરી આપવામાં આવતી હોય તો જ, ઘણી જેલો મંજૂરી આપતી નથી).
- ✓ ઘડિયાળ.
- ✓ ઈલેક્ટ્રિક શેવર.
- ✓ જો આપને ખોડખાંપણ હોય તો તેમાં મદદરૂપ થતી વસ્તુઓ.
- ✓ બેટરીઓ.
- ✓ ટૉઇલેટનાં સાધનો (જેમ કે ટૂથબ્રશ, ટૂથપેસ્ટ અને ડિઓૅડરન્ટ).
- ✓ લગ્નની વીંટી અથવા અન્ય સાદી વીંટી.
- ✓ ચંદ્રક અથવા લૉકેટ.
- ✓ આપના ધર્મ સાથે સંબંધિત હોય તેવા પુસ્તકો અને અન્ય ચીજો. અને અગરબત્તી.
- ✓ તસ્વીરો અને ચિત્રો (જો તે કાચ વિનાની ફ્રેમમાં હોય તો).
- ✓ શુભેચ્છા કાર્ડ્સ (જેમ કે જન્મદિવસનાં કાર્ડ, જો તેના પર કોઈપણ પ્રકારનું પૅડિંગ ન હોય તો).
- ✓ કેલેન્ડર અને ડાયરી અથવા પર્સનલ ઑર્ગેનાઈઝર.
- ✓ ઍડ્રેસ બૂક.
- ✓ સ્ટૅમ્પ અને પરબિડીયાંઓ.
- ✓ દવાઓ (સ્ટાફ આપને કહેશે કે આપ તે આપની કોટડીમાં રાખી શકો કે નહીં).

## જો આપ અન્ય જેલમાં જાઓ અને રાત્રે ક્યાંક રહેવું પડે તો

આપ નીચેની ચીજો લઈ જઈ શકો છો: સાબુ, બનિયાન, કાંસકો, ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, રેઝર, શેવિંગ ક્રીમ, શેમ્પૂ, ડિઑડરન્ટ, રેડિયો, પુસ્તક, પેન અને કાગળ. આપની ચીજવસ્તુઓનું ધ્યાન રાખવું અને તે સલામત છે તેની ખાતરી રાખવી એ આપનું કામ છે.

## આપના નાણાં

### મુખ્ય મુદ્દાઓ

- ✓ આપના મિત્રો અથવા આપના કુટુંબીજનો આપ જેલમાં હો તે દરમિયાન આપને નાણાં મોકલી શકે છે.
- ✓ આ નાણાંને આપના **ખાનગી નાણાં** કહે છે.
- ✓ નાણાં સીધા આપની પાસે આવી શકે નહીં. તે જેલ દ્વારા આપના માટે રાખી મૂકવામાં આવશે.
- ✓ આપ નાણાં વાપરી શકો છો. આપ કેટલાં નાણાં વાપરી શકો છો તેનો આધાર આપ જેલમાં કેટલું સારું વર્તન કરો છો તેના પર છે.
- ✓ દાખલા તરીકે, જો આપ **ગુનેગાર જાહેર કરવામાં આવેલા** કેદી હો તો આપ દર અઠવાડિયે £4.00, £15.50 કે £25.50 ખર્ચી શકો છો. આપનું વર્તન કેટલું સારું છે તેના પર આનો આધાર રહેલો છે.
- ✓ જો આપ **કાચાં કામના** કેદી હો તો આપના વર્તનનાં આધારે આપ દર અઠવાડિયે £22, £47.50 અથવા £51.00 ખર્ચી શકશો.
- ✓ આપ આ અંગે વધુ જાણકારી **પાન નં 64** પર મેળવી શકો છો.
- ✓ ગવર્નર ક્યારેક આપને આપના નાણાંનો વધુ હિસ્સો ખર્ચવા દે એમ બની શકે છે. દાખલા તરીકે, આપને કાનૂની બાબતો માટે નાણાંની જરૂર હોય તો અથવા આપ વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદી હો અને આપે અન્ય દેશમાં આપના કુટુંબને ફોન કરવાની જરૂર હોય તો.

## મિત્રો અથવા કુટુંબીજનો આપને જેલમાં નાણાં કેવી રીતે મોકલી શકે

- તેઓએ ચેક અથવા પોસ્ટલ આદેશ મોકલવાનો પ્રયત્ન કરવો જોઇએ. તે **એચએમ પ્રિઝન સર્વિસ (HM Prison Service)**નાં નામે હોવા જોઇએ અને **ગવર્નર**ને મોકલવામાં આવવા જોઇએ.

- જો તેઓએ નાણાં રોકડમાં મોકલવા જરૂરી હોય તો તેઓએ પત્ર સાથે એક નોંધ લખવી જોઇએ કે પરબિડીયામાં કેટલાં નાણાં છે.

- તેઓએ નીચેની બાબતો પરબિડીયાં પર લખવી જોઇએ
  - તેમનું નામ અને સરનામું
  - આપનું નામ અને કેદી નંબર.

## જેલની દુકાન - જેને કેન્ટીન પણ કહે છે

- આપ દર અઠવાડિયે દુકાનમાં તમાકુ, બેટરીઓ, મિઠાઇઓ અને ટૉઇલેટનો સામાન (જેમ કે ટૂથબ્રશ અને ડિઑડરન્ટ) જેવી ચીજો ખરીદી શકો છો.

- દરેક જેલની દુકાનમાં અલગ અલગ ચીજો હશે.

- જો આપને કંઈક ખાસ ચીજ જોઇતી હોય જેમ કે આપની ચામડી કે વાળ માટે કોઇ વસ્તુ, તો દુકાનમાં પૂછી જુઓ કે તેઓ આપના માટે તે મંગાવી શકે છે કે કેમ.

- કેટલીક કંપનીઓ પાસેથી આપને મેઇલ આદેશ દ્વારા ચીજવસ્તુઓ ખરીદવાની મંજૂરી આપવામાં આવી શકે છે (આપે જે ખરીદ્યું હોય તે કંપનીઓ આપને ટપાલથી મોકલશે). આ અંગેની માહિતી માટે જેલનાં સ્ટાફને પૂછો.

## ધુમ્રપાન

- જેલની ઈમારતની અંદર માત્ર આપની કોટડી જ એવું સ્થળ છે જ્યાં આપ ધુમ્રપાન કરી શકો છો. આપ ધુમ્રપાન કરો ત્યારે આપે આપની કોટડીનું બારણું બંધ રાખવું પડશે.

- જો આપ ધુમ્રપાન ન કરો તો, આપે આપની કોટડી એવી વ્યક્તિ સાથે વહેંચવાની જરૂર **નથી** જે ધુમ્રપાન કરતી હોય.

**ધુમ્રપાન વિશે વધુ માહિતી**

નીચેની જગ્યાઓમાં આપ બિલકુલ ધુમ્રપાન કરી શકશો નહીં
- 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટેની જગ્યાઓએ
- જેલ સેવા વાહનોમાં
- જ્યાં ઘણી બધી પથારીઓ હોય તેવી કોટડીઓમાં (ડૉર્મિટરીઝ)
- એવી કોટડીઓ અથવા વિસ્તારોમાં જ્યાં જેલ સ્ટાફનાં કહેવા પ્રમાણે આપ ધુમ્રપાન કરી ન શકો.

જો આપ ધુમ્રપાન બંધ કરવા માંગતા હો તો સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફને મદદ માટે કહો.

## ખોરાક

- જેલ તરફથી આપને જે ખોરાક આપવામાં આવે તે સારો છે તેની ખાતરી કરવા માટે જેલોએ ચકાસણી કરવી પડે છે. દાખલા તરીકે, તે ખાવા માટે સ્વાસ્થ્યપ્રદ, સલામત હોય અને આપ પૂરતો ખોરાક મેળવો.

- જો આપને ખોરાક અંગે કોઇ તકલીફ હોય તો કૅટરિંગ સ્ટાફ (રસોડામાં કામ કરતો સ્ટાફ) સાથે વાત કરો.

- ભોજન પહેલાં, આપ મેનુમાંથી એવો ખોરાક પસંદ કરી શકશો જે આપ ખાવા માંગતા હો.

મેનુમાં નીચેનાં ખોરાકનો સમાવેશ થયેલો હશે

- માંસ કે માછલી સાથેની કોઇક ચીજ
- શાકાહારી ખાણું
- વિગન ખાણું (પ્રાણીજ પેદાશો સિવાયનો ખોરાક)
- હલાલ કરેલો ખોરાક
- કોશર ખાણું (યહૂદી ધર્મ પ્રમાણે શુદ્ધ હોય તેવું)

- આપ બટેટાંની બદલે ભાત ખાવાનું પસંદ કરી શકો છો.

- જો આપને આપના સ્વાસ્થ્યને કારણે ખાસ ખોરાક ખાવાની જરૂર હોય તો સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ આપને આ અંગે કહેશે.

- જ્યારે કોઇ ધાર્મિક તહેવાર કે પ્રસંગ હોય ત્યારે જેલ આપના માટે આપના ધર્મ પ્રમાણે વિશેષ ખોરાક લાવી આપી શકે છે.

# કપડાં

### ગુનેગાર ઠેરવવામાં આવેલા કેદીઓ

- જેલ આપને જે કપડાં આપે તે આપે પહેરવા પડશે. આ કપડાંમાં જાંગિયા, મોજાં અને શર્ટનો સમાવેશ થાય છે.

- જેલનાં સ્ટાફે એ વાતની ખાતરી કરવાની રહેશે કે આ કપડાં ચોખ્ખા હોય, સારી હાલતમાં હોય અને આપને હૂંફ આપે અને તંદુરસ્ત રહેવામાં મદદ કરે.

- જેલનાં સ્ટાફે ખાતરી કરવાની રહેશે કે તેઓ આપને અવારનવાર ચોખ્ખાં કપડાં આપતા રહે.

- કેટલીક જેલોમાં જો આપ સારું વર્તન કરો તો આપને પોતાનાં કપડાં પહેરવા દેવામાં આવી શકે છે. **જુઓ પાન નં 64.**

### કાચાં કામના કેદીઓ

- જેલમાં આપ આપના પોતાનાં કપડાં પહેરી શકો છો જ્યાં સુધી તે પહેરવા યોગ્ય હોય અને ચોખ્ખાં તથા વ્યવસ્થિત હોય.

- પરંતુ નીચેની સ્થિતિઓમાં જેલ દ્વારા આપવામાં આવેલા કપડાં આપે પહેરવા પડી શકે છે

    - જો આપ સુરક્ષા વર્ગ Aનાં કેદી હો તો

    - જો ગવર્નર માનતા હોય કે આપ ભાગી જઈ શકો તેમ છો. એવા કિસ્સામાં આપે એવા કપડાં પહેરવાનાં થઈ શકે કે જેથી આપ ભાગવાનો પ્રયત્ન કરો તો સ્ટાફ આપને આસાનીથી જોઇ શકે.

    - જો આપ અદાલત જઈ રહ્યાં હો તો. જો આમ થાય તો, અન્ય લોકો આપને આવા કપડાંમાં ન જુએ તે માટે જેલનો સ્ટાફ શક્ય તેટલો પ્રયત્ન કરશે.

- આપના કુટુંબીજનો અને મિત્રો આપના માટે કપડાં લાવી શકે છે અને ધોવા માટે લઈ જઈ શકે છે.

- નીચેની સ્થિતિઓમાં આપે આપના પોતાનાં કપડાં પહેરવા પડશે
    - જ્યારે આપ અદાલત ખાતે હો
    - જો આપને ગુનેગાર ઠેરવવામાં અવ્યા ન હોય અને આપ જેલ છોડો તો.

- જો આપની પાસે પોતાનાં કપડાં પહેરવા માટે પૂરતા પ્રમાણમાં ન હોય તો જેલનાં સ્ટાફને કપડાં આપવા માટે કહો.

## પાથરણું - આપના પલંગ માટે ચાદરો અને ધાબળાઓ

- આપનું પાથરણું
    - ચોખ્ખું અને વ્યવસ્થિત સ્થિતિમાં હોવું જોઇએ
    - હૂંફાળું હોવું જોઇએ.

- ચટ્ટાઈઓ અને પાથરણું અઠવાડિયામાં ઓછામાં ઓછા 1 કલાક માટે ખુલ્લી હવામાં તપાવવા જોઇએ.

- જેલમાં એક લૉન્ડ્રી છે (જ્યાં આપ કપડાં ધોઇ શકો છો). આપ ત્યાં અઠવાડિયામાં એક વખત કપડાં અને પાથરણું મૂકી શકશો.

## સ્નાન, શાવર અને ટૉઇલેટ

- આપ કોઇપણ સમયે ટૉઇલેટ અને સિન્કનો ઉપયોગ કરી શકશો.

- અઠવાડિયામાં ઓછામાં ઓછી 3 વખત આપ ગરમ પાણીથી ન્હાઈ શકશો કે શાવર લઈ શકશો.

- જો આપની પાસે ટૉઇલેટનો સામાન (ટૂથપેસ્ટ, ટૂથબ્રશ અને ડિઑડરન્ટ જેવી વસ્તુઓ) ખરીદવા માટે પૂરતા નાણાં ન હોય તો જેલનો સ્ટાફ આપને આ વસ્તુઓ આપી શકે છે.

## ખુલ્લી હવામાં બહાર સમય પસાર કરવો

- બધા કેદીઓ રોજ ખુલ્લી હવામાં 30 મિનિટથી 1 કલાક જેટલો સમય પસાર કરી શકશે. બહાર આપને જે સમય ગાળવા દેવામાં આવે તે દરેક જેલ માટે અલગ હોય છે.

- ક્યારેક આમ ન થાય તેમ બની શકે છે. દાખલા તરીકે, જો હવામાન ખરાબ હોય અથવા આપને અંદર રાખવા માટે અન્ય કોઇ કારણ હોય.

- આપ ચાલવા જેવી કેટલીક કસરતો કરી શકો છો. આપની જેલ ખાતે આપ કેવી કસરતો કરી શકો છો તે અંગે જેલનો સ્ટાફ આપને કહેશે.

- ઘણી જેલોમાં એવો સમય ફાળવેલો હોય છે જ્યારે આપ શારીરિક શિક્ષણ (રમત જેવી પ્રવૃત્તિઓ) અને અન્ય પ્રવૃત્તિઓ પણ કરી શકો છો જેથી આપ આપની કોટડીથી બહાર સમય વીતાવી શકો.

## પ્રોત્સાહનો અને કમાયેલાં વિશેષાધિકારો (જેને Incentives and Earned Privileges = IEPs પણ કહે છે)

આ એવી વધારાની બાબતો વિશે છે જે આપ નીચેની શરતોએ મેળવી શકો છો અથવા કરી શકો છો

- જો આપ નિયમો પાળો તો
- જો આપ આપની સજાના આયોજન જેવા કામ અને અન્ય પ્રવૃત્તિઓમાં સારી રીતે ભાગ લો તો
- આપ જે વધારાની બાબતો મેળવી શકો અથવા કરી શકો તે દરેક જેલમાં અલગ છે.

દાખલા તરીકે, જો આપ નિયમોનું પાલન કરો અને જેલમાં આપના પોતાનાં માટે સારી હોય તેવી બાબતો કરો તો આપ નીચેની પ્રવૃત્તિઓ કરી શકો છો

- આપના નાણાંનો વધુ હિસ્સો વાપરી શકો
- આપના કુટુંબીજનો અને મિત્રો તરફથી વધુ મુલાકાતો મેળવી શકો
- વધુ નાણાં કમાઈ શકો
- આપની કોટડીમાં ટીવી મેળવી શકો
- આપના પોતાનાં કપડાં પહેરી શકો
- આપની કોટડીની બહાર વધુ સમય વીતાવી શકો.

**પરંતુ જો આપ નિયમોનું પાલન ન કરો તો આપની પાસેથી આ ચીજો લઈ લેવામાં આવી શકે છે.**

**આ કેવી રીતે કામ કરે છે**

આપ કેટલી વધારાની બાબતો કરી શકો અથવા મેળવી શકો તે આપના વર્તનનાં આધારે જેલનો સ્ટાફ આપને કહેશે. પ્રોત્સાહનો અને કમાયેલાં વિશેષાધિકારોનાં (Incentives and Earned Privileges = IEP) **3** સ્તરો છે

**મૂળભૂત સ્તર.** જો આપ મૂળભૂત સ્તર પર હો તો તેનો અર્થ એ છે કે આપ કેટલીક વસ્તુઓ ધરાવી શકો છો જે કાયદા પ્રમાણે આપ ધરાવી શકો છો, જેમ કે થોડાં પત્રો અને મુલાકાતો. આપને અન્ય કોઈપણ વધારાની વસ્તુની મંજૂરી આપવામાં આવશે નહીં.

**પ્રમાણિત સ્તર.** આનો અર્થ એ છે કે આપને વધુ મુલાકાતો અને પત્રોની મંજૂરી આપવામાં આવી શકે છે. આપને આપની કોટડીમાં ટીવી રાખવાની અને આપના નાણાંનો વધુ હિસ્સો ખર્ચવાની મંજૂરી આપવામાં આવી શકે છે.

**તીવ્ર સ્તર.** આનો અર્થ એ છે કે આપ હજીપણ વધુ ચીજો મેળવી શકો છો. દાખલા તરીકે, આપને વધુ મુલાકાતો, આપની કોટડીમાં ટીવી, અથવા આપના નાણાંનો વધુ હિસ્સો ખર્ચવાની મંજૂરી આપવામાં આવી શકે છે.

# આપનું સ્વાસ્થ્ય

**મુખ્ય મુદ્દાઓ - આગામી પાના પર કેટલાંક વધુ મુદ્દાઓ છે.**

**આપનું શારીરિક સ્વાસ્થ્ય**

✓ જેલની બહાર હોય તેવી કોઇપણ વ્યક્તિ જેવી જ સ્વાસ્થ્યસંભાળ કેદીઓ મેળવી શકે છે.

✓ જેલમાં સ્વાસ્થ્યસંભાળ માટે એક વિસ્તાર હશે. જેલમાં હૉસ્પિટલ પણ હોઇ શકે છે.

✓ જેલમાં સ્વાસ્થ્યસંભાળ ટીમ હશે. આ એવા લોકો છે જેઓ આપને સ્વાસ્થ્યસંભાળ આપશે જેમ કે ડૉક્ટરો, નર્સો અને ડેન્ટિસ્ટ.

✓ જેલમાં સ્વાસ્થ્યસંભાળ વિશે આપ ઘણી માહિતી મેળવી શકશો.

✓ તમામ સ્વાસ્થ્યસંભાળ સ્ટાફને જેલની બહારનાં સ્વાસ્થ્યસંભાળ સ્ટાફ જેવા જ ઊંચા ધોરણની તાલીમ આપવામાં આવેલી હોય છે.

✓ નીચેની સ્થિતિમાં સ્વાસ્થ્યસંભાળ સ્ટાફને જાણ કરો

- જો આપને દવાઓ અને આલ્કોહૉલ જેવી ચીજો અંગે કોઇ તકલીફ હોય તો
- જો આપને એચઆઈવી અથવા એઇડ્ઝ હોય તો
- જો આપે દવા લેવાની જરૂર હોય તો.

**આપનું માનસિક સ્વાસ્થ્ય**

જેલમાં ઘણાં લોકોને માનસિક સ્વાસ્થ્યને લગતી જરૂરિયાતો હોય છે.  આ એવા લોકો છે જે આપને મદદ કરી શકે છે.

નીચેની સ્થિતિમાં સ્વાસ્થ્યસંભાળ સ્ટાફને જાણ કરો

- ✓ જો આપ મનોચિકિત્સક અથવા સમુદાય મનોચિકિત્સક નર્સ ધરાવતાં હતાં અથવા આપે માનસિક બિમારીને કારણે હૉસ્પિટલમાં સમય ગાળ્યો હતો.
- ✓ જો આપ આપના માનસિક સ્વાસ્થ્ય માટે સમુદાયમાં દવા લઈ રહ્યાં હતાં.
- ✓ આપે ચિંતા અનુભવી કે અપસેટ થયાં.
- ✓ જો આપ ઉદાસી કે વિષાદ અનુભવતા હો.
- ✓ જો આપ ચિંતિત કે ભયભીત હો તો.
- ✓ જો આપને ઊંઘવામાં તકલીફ પડતી હોય કે ખૂબ થાક અનુભવતાં હો તો.
- ✓ જો આપ માનતા હો કે લોકો આપના વિશે વાતો કરી રહ્યાં છે.
- ✓ જો આપ આપના માથાંની અંદર અવાજો સાંભળતા હો તો.
- ✓ જો આપ ખૂબ ગુસ્સો અનુભવતાં હો તો.
- ✓ જો આપ મૂંઝવણ અનુભવતા હો કે ભૂલી જતાં હો.
- ✓ જો આપ એકના એક વિચારો વારંવાર કર્યા કરતાં હો તો.

## જેલ સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ

જેલમાં કામ કરતો કેટલોક સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ નીચે પ્રમાણે છે

- ડૉક્ટરો
- નર્સો
- ડેન્ટિસ્ટ
- ફાર્માસિસ્ટ (આ એવા લોકો છે જેઓ કેમિસ્ટની દુકાનોમાં કામ કરે છે અને આપના ડૉક્ટર દ્વારા લખી આપવામાં આવેલી દવા આપને આપી શકે છે)
- દવા અને આલ્કોહૉલની સમસ્યાઓમાં મદદ કરવા માટે સ્ટાફ
- આપના માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધિત સમસ્યાઓમાં મદદ કરવા માટે સ્ટાફ. આ સ્ટાફને મનોચિકિત્સક અને મનોવિજ્ઞાનીઓ કહે છે
- આપના જાતિય અને સામાન્ય સ્વાસ્થ્ય અંગે આપને મદદ કરવા માટે સ્ટાફ.

### ડૉક્ટર અથવા નર્સને મળવું

- જો આપે કોઇ ડૉક્ટર કે નર્સને મળવાની જરૂર હોય તો આપની વિંગમાં જેલ અધિકારીને જાણ કરો. નર્સો અને ફાર્માસિસ્ટ ઘણી સમસ્યાઓનો ઉકેલ લાવી શકશે અને આપે ડૉક્ટરને મળવાની જરૂર પડશે નહીં. પરંતુ જો આપને હજી ચિંતા હોય તો ડૉક્ટરને મળવાનું કહો.

- ડૉક્ટર, નર્સ કે સ્વાસ્થ્ય સંભાળ ટીમનાં અન્ય સભ્યે આપને આપની સ્વાસ્થ્યની તકલીફ વિશે જે કહ્યું હોય તેનાથી આપ સંતુષ્ટ ન હો તો આપ સ્વાસ્થ્ય સંભાળ ટીમમાં અન્ય કોઇને મળવાનું કહી શકો છો.

- જો જેલનાં સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ દ્વારા આપની સ્વાસ્થ્યની તકલીફનો ઉકેલ ન આવી શકે તો નીચે પૈકીની એક બાબત બની શકે છે
    - આપને જેલમાં આવીને મળવા માટે નિષ્ણાત સ્વાસ્થ્ય સંભાળ વ્યક્તિને બોલાવી આપવાની વ્યવસ્થા જેલ કરી શકે છે
    - આપને જે સ્વાસ્થ્યસંભાળની જરૂર હોય તે મેળવવા માટે આપને અન્ય જેલમાં ખસેડવામાં આવી શકે છે
    - આપને જેલ બહારની હૉસ્પિટલમાં લઈ જવામાં આવી શકે છે. જો આમ થાય તો પણ આપનો હવાલો જેલને હસ્તક રહેશે.

## ડેન્ટિસ્ટ અથવા ઑપ્ટિશિયનને મળવું (આપની આંખો માટે)

- જો આપને ડેન્ટિસ્ટ કે ઑપ્ટિશિયનને મળવાની જરૂર હોય તો જેલનાં સ્ટાફને જાણ કરો.
- આપ જે કંઈપણ સારવાર મેળવો તે મફત હશે સિવાય કે તે તબીબી કારણસર ન હોય.
- જો આપને આપની આંખો માટે ચશ્માં કે અન્ય વસ્તુઓની જરૂર હોય તો આપ તે મફત મેળવી શકશો.

## દવા

- આપ જેલમાં પોતાની સાથે લાવો તેવી કોઈપણ દવા રાખી **શકશો નહીં.**
- જો આપ કોઈપણ દવા લઈ રહ્યાં હો તો રિસેપ્શન, ડોક્ટર અથવા સ્વાસ્થ્ય સંભાળ ટીમનાં સ્ટાફને જાણ કરો.
- જેલમાં ડૉક્ટર આપને જરૂરી હોય તેવી કોઈપણ દવાઓ લખી આપશે. આપ જેલમાંના કેમિસ્ટ પાસેથી આ દવાઓ મેળવી શકો છો.
- આ દવા મેળવ્યા બાદ આપને પોતાની સાથે દવા રાખવા દેવામાં આવી શકે છે. આપ દવા રાખી શકો કે કેમ તે અંગે જેલનો સ્ટાફ નિર્ણય લેશે અને આપને જાણ કરશે.

## આપની સ્વાસ્થ્ય નોંધો (સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ આપના સ્વાસ્થ્યની સમસ્યાઓ અને આપ મેળવો તેવી કોઈપણ સ્વાસ્થ્યસંભાળની નોંધ કાગળ પર અને કોમ્પ્યૂટરમાં રાખે છે)

- આપ જ્યારે જેલમાં આવશો ત્યારે જેલ સામાન્ય રીતે આપના માટે નવી સ્વાસ્થ્ય નોંધ શરૂ કરશે. જેલ પાસે સામાન્ય રીતે જેલની બહારની આપની જૂની સ્વાસ્થ્ય નોંધો **નહીં હોય.**

- જેલમાં ડૉક્ટરોને જો જરૂર પડે તો તેઓ આપની જૂની સ્વાસ્થ્ય નોંધોમાંથી માહિતી મેળવી શકે છે. પરંતુ આપ પહેલાં તે માટે મંજૂરી આપો ત્યાર પછી જ આમ થશે.

- જો આપ આપની સ્વાસ્થ્ય નોંધો જોવા માંગતા હો તો તે જોવા માટે કહી શકો છો. સામાન્ય રીતે જેલ આપના વિશે જે માહિતી રાખે છે તે આપ જોઇ શકો છો.  પરંતુ કેટલીક એવી માહિતી છે જે આપ જોઇ ન શકો.

- જો આપ આપની સ્વાસ્થ્ય નોંધો જોવા માંગતા હો તો સ્વાસ્થ્ય સંભાળ ટીમનાં સભ્યને પૂછો. અથવા આપની સ્વાસ્થ્ય નોંધો જોવાની વિનંતી કરવા માટે એક ફૉર્મ ભરો.

- આપે જે માહિતી માંગી છે તે આપને આપવામાં જેલનાં સ્ટાફને 40 દિવસથી વધુ સમય લાગશે નહીં. જો આપની સ્વાસ્થ્ય નોંધો અન્ય જેલમાં હોય તો તે આપની જેલમાં મોકલવામાં આવશે.

- ડૉક્ટરો અદાલતોને અથવા પેરોલ બૉર્ડને આપના સ્વાસ્થ્ય વિશે જે માહિતી આપે તે આપ જોઇ **શકો છો** સિવાય કે ડૉક્ટર એમ કહે કે આપ જોઇ શકો તેમ નથી.

## સ્વાસ્થ્યની સમસ્યાઓ અને બિમારીઓ

### એચઆઈવી અને એઈડ્ઝ

- એઈડ્ઝ **એચઆઈવી** (Human Immunodeficiency Virus = HIV) તરીકે ઓળખાતાં વાયરસથી થાય છે.
- લોકોને એઈડ્ઝની પહેલાં એચઆઈવીનો ચેપ લાગે છે.
- જયારે વ્યક્તિનું શરીર પોતાને બીમાર પડતું અટકાવી ન શકે ત્યારે બાદમાં એઈડ્ઝ થાય છે.
- જેમને એચઆઈવી હોય તેવા લોકો દેખાવમાં સારા લાગી શકે છે અને સારું અનુભવી શકે છે. પરંતુ તો પણ તેઓ અન્ય લોકોને એચઆઈવીનો ચેપ લગાડી શકે છે.

### આપને એચઆઈવી/ એઈડ્ઝ કઈ રીતે થઈ શકે?

- એચઆઈવીનો જેને ચેપ લાગ્યો હોય તેવી કોઇ વ્યક્તિનું લોહી કે વીર્ય આપનામાં આવે તો આપને એચઆઈવી થઈ શકે છે.
- આપને એચઆઈવીનો ચેપ લાગવાની મુખ્ય રીતો આ પ્રમાણે છે
  - કૉન્ડોમ વિના સંભોગ કરવાથી
  - સોય અને વર્ક્સ વહેંચવાથી (દાખલા તરીકે, **નશી**લી દવાઓ લેવી, શરીર પર ટેટ્ટુ કરાવવા કે આપના કાન કે શરીરને વીંધાવવાથી). વર્ક્સ એ નશીલી દવાઓનાં ઈન્જેક્શન લેવા માટેની સોય અને સાધનનું અન્ય નામ છે.

નીચેની રોજિંદી પ્રવૃત્તિઓ કરવાથી આપને એચઆઈવીનો ચેપ લાગી **શકતો નથી**

- તેમની સાથે વાતો કરવાથી
- તેમની સાથે હાથ મિલાવવાથી
- તેમની બાજુમાંથી પસાર થતી વખતે અડવાથી
- એક જ પ્લેટ્સ અને ચપ્પુઓ કે ફૉર્ક વાપરવાથી
- એક જ ટૉઈલેટનો ઉપયોગ કરવાથી

## ઉપચારો અને દવાઓ

- એચઆઈવી કે એઈડ્ઝ માટે કોઈ ઉપચાર **નથી.** પરંતુ એચઆઈવીને અંકુશમાં લેવા અને જો આપને એઈડ્ઝ હોય તો તેને અંકુશમાં લેવા માટે કેટલીક દવાઓ છે.

## આપ શું કરી શકો

**પોતાની જાતને એચઆઈવી/ એઈડ્ઝથી સુરક્ષિત રાખવા માટે**

✕ કૉન્ડોમ વિના સંભોગ કરવો **નહીં.**

✕ **કોઈપણ કારણસર** કોઈની પણ સાથે સોય વહેંચશો **નહીં.**

**જો આપને એચઆઈવી/ એઈડ્ઝ વિશે ચિંતા હોય તો**

✓ આપ સ્વાસ્થ્યસંભાળ ટીમનાં કોઈપણ સભ્ય સાથે ખાનગીમાં વાત કરી શકો છો.

✓ અથવા આપ જેલમાં કાઉન્સેલર અથવા ટીમનાં સભ્ય સાથે વાત કરવાની વિનંતી કરી શકો છો જેને કમ્યુનિકેબલ ડિસીઝ મેનેજમેન્ટ ટીમ કહે છે.

✓ આપ જેલમાં એચઆઈવી પરીક્ષણ કરાવી શકો છો. આ પરીક્ષણનાં પરિણામો **ખાનગી** રાખવામાં આવશે.

✓ જો આપને જરૂર પડે તો સંભોગ માટે સ્વાસ્થ્યસંભાળ ટીમ પાસે કૉન્ડોમ, ડેન્ટલ ડૅમ્સ (મુખમૈથુન માટે) અથવા લ્યુબ્રિકન્ટ માંગો. જો સ્વાસ્થ્યસંભાળ સ્ટાફને લાગતું હોય કે આપને એચઆઈવી થવાનું જોખમ છે તો તેમણે આપને આ ચીજવસ્તુઓ આપવાની રહેશે.

✓ જો આપ કોઈપણ કારણસર અન્ય લોકો સાથે સોય વહેંચતા હો તો સ્વાસ્થ્યસંભાળ ટીમમાં કોઈ વ્યક્તિને પૂછો. સોય અને અન્ય ચીજવસ્તુઓને (વર્ક્સ) ચોખ્ખી બનાવવા માટે તેઓ આપને કંઈક આપી શકશે.

## હિપેટાઈટિસ બી અને હિપેટાઈટિસ સી

- કેટલાંક એવા વાયરસ છે જેનો ચેપ આપને અન્ય વ્યક્તિ તરફથી લાગી શકે છે. કોઇ અન્ય વ્યક્તિનાં લોહીથી કે અન્ય વ્યક્તિ સાથે સંભોગ દ્વારા આ વાયરસ આપનામાં પ્રવેશી શકે છે.

- હિપેટાઈટિસ સી માટે નહીં પરંતુ હિપેટાઈટિસ બી માટે એક રસી આપ લઈ શકો છો. રસી એ એવી વસ્તુ છે જેનાથી આપને શરૂઆતમાં જ ચેપ લાગતો અટકાવવામાં મદદ મળી શકે છે.

- જો આપને હિપેટાઈટિસ બી અથવા સી વિશે ચિંતા હોય અથવા આપને વધુ માહિતી જોઈતી હોય તો સ્વાસ્થ્ય સંભાળ ટીમમાં કોઇ વ્યક્તિની સાથે વાત કરો.

## જાતિય સંસર્ગથી ફેલાતા રોગો અને ચેપો - કોઈની સાથે સંભોગ કરવાથી આપને થઈ શકતી બિમારીઓ. જેને એસટીડી (Sexually Transmitted Diseases = STDs) પણ કહે છે

- જાતિય સંસર્ગથી ફેલાતાં ઘણાં અલગ પ્રકારનાં રોગો છે. ક્લેમાઈડિયા અને જેનિટાલ હર્પિસ (વિસર્પિકા) તેના કેટલાંક ઉદાહરણો છે.

- જો આપ સ્વાસ્થ સંભાળ સ્ટાફનો તાત્કાલિક સંપર્ક કરો તો આમાનાં મોટાભાગનાં રોગોની સારવાર અને ઉપચાર કરી શકાય તેમ છે.

- જેનો સેક્સ સાથે સંબંધ હોય તેવી સ્વાસ્થ્યની કોઈપણ તકલીફો અંગે આપ જેમને મળી શકો તેવો વિશેષ સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ મોટાભાગની જેલોમાં હોય છે. પરંતુ ઘણાં ડૉક્ટરો અને અન્ય સ્વાસ્થ્ય સંભાળ સ્ટાફ પણ જાતિય સંસર્ગથી ફેલાતાં રોગો અને ચેપોની સારવાર કરી શકે છે.

- સંભોગ દ્વારા આપને કોઇ બિમારી લાગુ પડી હોવાની આપને ચિંતા હોય તો સ્વાસ્થ્ય સંભાળ ટીમ સાથે વાત કરો. આપ તેમની સાથે ખાનગીમાં વાત કરી શકો છો.

# નશીલી દવાઓ અને આલ્કોહૉલની સમસ્યાઓ

**મુખ્ય મુદ્દાઓ**

- ✓ જો આપને આલ્કોહૉલ અથવા ડ્રગ્ઝ અંગેની તકલીફ હોય તો મદદ માટે શક્ય તેટલી જલદી સ્વાસ્થ્યસંભાળ ટીમનાં સભ્ય સાથે વાત કરો.
- ✓ આપ યોગ્ય પ્રકારની મદદ મેળવો તેની તેઓ ખાતરી આપી શકે છે.
- ✓ જેલમાં ડ્રગ્ઝ અથવા આલ્કોહૉલનો ઉપયોગ બંધ કરવા માટે આપ ઘણી મદદ મેળવી શકો છો.
- ✓ જો અન્ય કેદીઓ આપને ડ્રગ્ઝ અથવા આલ્કોહૉલનાં રવાડે ચડાવવા માંગતા હોય અથવા આવી વસ્તુઓ જેલમાં લાવતા હોય તો આપના વ્યક્તિગત અધિકારી અથવા જેલનાં સ્ટાફનાં અન્ય સભ્યને કહો.

## નશીલી દવાઓ માટે આપનું પરીક્ષણ કરવું

આપે **નશીલી દવાઓ** લીધી હોય તો તે ચકાસવા માટે જેલનો સ્ટાફ આપના પર પરીક્ષણ કરી શકે છે. આમ કરવા માટે તેઓ આપના મૂત્રનો નમૂનો લેશે અને આપે **નશીલી દવાઓ** લીધી હોવાના કોઈપણ ચિહ્નો તેમાં જણાય છે કે નહીં તે જોવા માટે આ નમૂનાનું પરીક્ષણ કરશે.

- નીચેનાં કિસ્સામાં આપ જેલમાં હો તે દરમિયાન **નશીલી દવાઓ** માટે આપનું પરીક્ષણ કરવામાં આવી શકે છે
  - જો સ્ટાફ પરીક્ષણ કરવા માટે આપને પસંદ કરે તો. દરેક મહિને ચકાસણી કરવા માટે જેલનો સ્ટાફ નાની સંખ્યામાં કોઈપણ કેદીઓની પસંદગી કરશે
  - જો જેલનો સ્ટાફ માનતો હોય કે આપે **નશીલી દવાઓ** લીધેલ હોઈ શકે છે
  - જો આપે ભૂતકાળમાં **નશીલી દવાઓ**નો ખૂબ ઉપયોગ કર્યો હોય અને જેલમાં હોવા દરમિયાન આપે વર્ગ અમાં આવતા **નશીલી દવાઓ** લીધી હોવાનું પરીક્ષણો બતાવતા હોય તો. જો આમ થાય તો આપનું વારંવાર પરીક્ષણ કરવામાં આવી શકે છે.

નશીલી દવાઓ**નાં પરીક્ષણ વિશે વધુ માહિતી**

- જેલનો સ્ટાફ આપને કેટલીક પ્રવૃત્તિઓ કરવા દે તે પહેલાં તેઓ ખાતરી કરવા માંગતા હોય છે કે આપે ન**શી**લી દવાઓ લીધી નથી. દાખલા તરીકે, તેઓ આપને થોડા સમય માટે જેલની બહાર જવા દે તે પહેલાં, અથવા જેમાં લોકો આપનો વિશ્વાસ કરી શકે તેવું કામ તેઓ આપને કરવા દે તે પહેલાં.
- જો આપ અન્ય જેલમાં જાઓ તો અથવા જ્યારે આપ જેલમાં પ્રથમ વખત આવો ત્યારે આપનું પરીક્ષણ કરવામાં આવી શકે છે.

## આપ નશીલી દવાઓનું પરીક્ષણ કરાવો ત્યારે શું થશે?

1. પરીક્ષણ વખતે શું થશે અને શા માટે આપ ન**શી**લી દવાઓનું પરીક્ષણ કરાવી રહ્યા છો તે અંગે જેલનો સ્ટાફ આપને કહેશે.

2. જેલનો સ્ટાફ આપનું પરીક્ષણ કરી શકે તે માટે આપે તેમને આપના મૂત્રનો એક નમૂનો આપવાનો રહેશે.

3. આપ ખાનગીમાં આમ કરી શકો છો પરંતુ આપ આપના મૂત્રનાં નમૂના સાથે કંઈ કરી રહ્યા નથી તેની ખાતરી કરવા માટે જેલનો સ્ટાફ આપને જોઇ શકે તે ફરજિયાત છે.

4. પ્રયોગશાળા તરીકે ઓળખાતાં સ્થળે આપના મૂત્રનાં નમૂનાની ચકાસણી કરવામાં આવશે જેથી ખાતરી કરી શકાય કે તેમાં ન**શી**લી દવાઓનાં અંશો નથી.

5. જેલનો સ્ટાફ શક્ય તેટલી જલદી આપને પરીક્ષણનાં પરિણામો આપશે.

6. જો પરિણામો બતાવે કે આપે ન**શી**લી દવાઓ લીધી છે તો જેલનો સ્ટાફ સ્વાસ્થ્ય સંભાળ ટીમને જાણ કરશે. આ એ બાબતની ખાતરી કરવા માટે છે કે આપ કોઇ એવી દવા લઈ રહ્યા નથી જેનાથી પરીક્ષણમાં પરિણામ પર અસર પડી શકે. જેલનો સ્ટાફ સ્વાસ્થ્ય સંભાળ ટીમને કહી શકે તે પહેલાં આ બરાબર છે તેવું આપે કહેવું જરૂરી છે.

7. જો પરીક્ષણ બતાવે કે આપે ન**શી**લી દવાઓ લીધી છે તો આપે કહેવું પડશે કે આપ દવા લેવાનાં **દોષી** છો કે **દોષી નથી.** આ વિશે વાત કરવા માટે આપે ન્યાયાધીશ પાસે જવું પડશે (આ અંગે વધુ માહિતી નીચે આપેલી છે).

## જો આપ કહો કે આપ દોષી નથી તો

- પ્રથમ પરીક્ષણનાં પરિણામો સાચાં હતા કે ખોટાં હતાં તે જોવા માટે આપ વધુ એક **નશી**લી દવ**ા**ઓનું પરીક્ષણ કરાવશો.

- જો આ પરીક્ષણનાં પરિણામો હજીપણ સમાન આવે તો આપ નમૂનાનું ફરીથી પરીક્ષણ કરાવવા માટે તેને જેલની બહારની પ્રયોગશાળામાં મોકલાવી શકો છો.

- જો પરીક્ષણનાં પરિણામો બતાવે કે આપે **નશી**લી દવ**ા**ઓ લીધી છે અથવા જો આપ વધારાનાં પરીક્ષણ માટે ચૂકવણી કરવા માંગતા હો તો જેલનો સ્ટાફ આપને કેટલાંક દસ્તાવેજો આપશે. આ દસ્તાવેજોનાં નામ નીચે મુજબ છે
    - ફરજિયાત **નશી**લી દવ**ા**ઓના પરીક્ષણ અંગે કેદીઓને માહિતી
    - ફરજિયાત **નશી**લી દવ**ા**ઓના પરીક્ષણ નમૂનાનું સ્વતંત્ર વિશ્લેષણ મેળવવા અંગે સોલિસિટરો અને કેદીઓ માટે માહિતી.

## જો આપ કહો કે આપ દોષી છો અથવા જો પરીક્ષણો હજીપણ બતાવે કે આપે નશીલી દવાઓ લીધી છે તો

**1**. જો આપે **નશી**લી દવ**ા**ઓ લીધી છે તો તેનો અર્થ એ છે કે આપે **જેલ કાયદા નં 51(9)** અથવા **યુવા ગુનેગાર કાયદા નં 55(10)** તોડ્યો છે.

**2.** સામાન્ય રીતે આપના પર ગુનાનો આરોપ મૂકવામાં આવશે અને આપે લવાદી પાસે જવાનું રહેશે. લવાદી એ એવું સ્થળ છે જયાં આપ અને જેલની બહારનાં ગવર્નર અથવા ન્યાયાધીશ ગુના વિશે વાત કરે છે અને આપ દોષી છો કે નહીં તે નક્કી કરે છે.

**3.** જો આપ દોષી જણાઓ તો જેલ કયો સારામાં સારો નિર્ણય લઈ શકાય તે જોશે. આપ કોઇ સજા મેળવી શકો છો અથવા આપના કેટલાંક વિશેષાધિકારો લઈ લેવામાં આવે તેમ બની શકે છે. અથવા આપની **નશી**લી દવ**ા**ઓની સમસ્યા અંગે મદદ માટે આપને ક્યાંક મોકલવામાં આવી શકે છે. દાખલા તરીકે, CARAT (માર્ગદર્શન, આકારણી, ભલામણ, સલાહ અને સંપૂર્ણ કાળજી) તરીકે ઓળખાતો સમૂહ.

## સ્ટાફને નશીલી દવાઓ પરીક્ષણો માટે કહેવું (આને સ્વૈચ્છિક નશીલી દવાઓનું પરીક્ષણ કહે છે)

જો આપ **નશીલી દવાઓ**ના પરીક્ષણો કરાવવા માંગતા હો તે માટે કહી શકો છો. આપ **નશીલી દવાઓ**નો ઉપયોગ બંધ કરવા માંગતા હો તે કારણે આપ આમ કરી શકો છો. જો આપ કહો કે આપ **નશીલી દવાઓ**નો ઉપયોગ બંધ કરશો તો જેલનો સ્ટાફ આપને શક્ય તેટલી મદદ કરશે.

આપ બે બાબતો કરી શકો છો

1. જેલનાં **સ્વૈચ્છિક નશીલી દવાઓ**ના **પરીક્ષણ યુનિટ** તરીકે ઓળખાતાં ભાગમાં જવા માટે કહી શકો છો. આ જેલનો એક સુરક્ષિત ભાગ છે જ્યાં આપ રોકાઈ શકો છો અને **નશીલી દવાઓ** બંધ કરવા અંગે મદદ મેળવી શકો છો. જેલનાં આ ભાગમાં રહેવા અંગે કેટલાંક નિયમોનું પાલન કરવા માટે આપ સંમત થાઓ છો તેવું કહેવા માટે આપે એક ફૉર્મમાં સહી કરવાની રહેશે. આપે કેટલાંક **નશીલી દવાઓ**ના પરીક્ષણો પણ કરાવવાના રહેશે.

2. જેલનાં આ અન્ય ભાગમાં આવ્યા વિના પણ આપ **નશીલી દવાઓ**થી દૂર રહેવા માટે મદદ મેળવી શકો છો. આપ સ્વૈચ્છિક **નશીલી દવાઓ**ના પરીક્ષણ કાર્યક્રમ કહેવાતી કોઇ બાબતનાં ભાગ બનવાનું કહી શકો છો. આ અંગેનાં નિયમોનું આપ પાલન કરશો તેમ કહેવા માટે આપે એક ફૉર્મમાં સહી કરવાની રહેશે. આપે કેટલાંક **નશીલી દવાઓ**ના પરીક્ષણો પણ કરાવવાના રહેશે.

- ✓ જો આપ ડ્રગ્સ લેવાનું બંધ કરવા માંગતા હો તો આપ કેટલાંક નિયમોનું પાલન કરવા માટે સંમત થાઓ છો તેવું કહેવા માટે આપે એક ફૉર્મમાં સહી કરવાની રહેશે.
- ✓ જો પરીક્ષણો બતાવે કે આપ હજી પણ ડ્રગ્ઝ લઈ રહ્યા છો તો શું થશે તે અંગે ફૉર્મમાં માહિતી આપેલી હશે.
- ✓ જો આપ ડ્રગ્ઝ લઈ રહ્યાં છો તેવું માલૂમ પડે તો આપને સજા થશે નહીં. પરંતુ જેલનો સ્ટાફ અન્ય પગલાં લઈ શકે છે જેમ કે આપને જેલનાં તે ભાગથી દૂર લઈ જવા.

- કેટલીક જેલોમાં, જો આપ **નશીલી દવાઓ**ના પરીક્ષણો કરાવવા સંમત થાઓ અને પરીક્ષણો બતાવે કે આપ **નશીલી દવાઓ** લઈ રહ્યા નથી તો આપ વિશેષાધિકારો તરીકે ઓળખાતી વધારાની બાબતો મેળવી શકો છો. દાખલા તરીકે, આપ વધારાની મુલાકાતો મેળવી શકો છો અથવા આપને આપના વધુ નાણાં વાપરવા દેવામાં આવી શકે છે.

- જેલ સ્ટાફને આ વિશે પૂછો. આપ કેટલાંક નિયમો સાથે સંમત થાઓ છો અને આપ **નશીલી દવાઓ** લેશો નહીં તેવું બતાવવા માટે આપે એક ફૉર્મમાં સહી કરવાની રહેશે. આપે શું કરવાની જરૂર છે અને જો આપ **નશીલી દવાઓ** લેતાં જણાઓ તો શું થશે તે ફૉર્મ આપને કહેશે.

## નશીલી દ્વાઓ અને આલ્કોહૉલની સમસ્યાઓ અંગે આપ મેળવી શકો તેવી મદદ

ન**શી**લી દ્વા**ઓ** અથવા આલ્કોહૉલનો ઉપયોગ બંધ કરવા માટે **કોઈપણ** કેદી મદદ મેળવી શકે છે

આપ નીચેનાં લોકો તરફથી મદદ મેળવી શકો છો

1. **સ્વાસ્થ્ય સંભાળ ટીમ.** આપને ન**શી**લી દ્વા**ઓ** અથવા આલ્કોહૉલનો ઉપયોગ બંધ કરાવવામાં મદદ માટે તેઓ ઘણું બધું કરી શકે છે.

2. આપ જેલની વિંગમાં હો તે દરમિયાન અથવા જેલનાં સ્વૈચ્છિક ન**શી**લી દ્વા**ઓ**ના પરીક્ષણ યુનિટ તરીકે ઓળખાતાં અન્ય વિભાગમાં સ્થળાંતર કરીને આપ મદદ મેળવી શકો છો. **જુઓ પાન નં 76.**

3. **CARAT સેવા** (માર્ગદર્શન, આકારણી, ભલામણ, સલાહ અને સંપૂર્ણ કાળજી). આ એવા લોકો છે જે જેલની બહારથી હોય છે અથવા તેઓ જેલનાં અધિકારીઓ હોય છે. તેઓ કેદીઓને ન**શી**લી દ્વા**ઓ**નો ઉપયોગ બંધ કરાવવામાં મદદ માટે કામ કરે છે. આપ જેલમાં આવો ત્યારબાદ તરત ઈઅછ્અઝમાંથી કોઇ વ્યક્તિને મળી શકો છો. આપને ન**શી**લી દ્વા**ઓ**નો ઉપયોગ બંધ કરાવવામાં મદદ માટેની યોજના બનાવવા તેઓ આપની સાથે કામ કરશે.

4. ન**શી**લી દ્વા**ઓ**ના **પુનર્વસન કાર્યક્રમો.** CARATમાંથી આપ જે વ્યક્તિ સાથે કામ કરી રહ્યા છો તેઓ આપને આ અન્ય પ્રકારની મદદ વિશે કહી શકે છે જે આપ મેળવી શકો છો. સૌપ્રથમ આપના માટે આ મદદ મેળવવી આપના માટે યોગ્ય છે તેમ આપના CARAT કાર્યકરે કહેવાની જરૂર રહેશે. આ મદદ મેળવવા માટે આપ અન્ય જેલમાં સ્થળાંતર કરી શકો છો.

   આ પ્રકારની મદદ સાથે આપે ન**શી**લી દ્વા**ઓ**ના પરીક્ષણો કરાવવા પડે તેમ બની શકે છે. જો આપ ન**શી**લી દ્વા**ઓ**નો ઉપયોગ કરતા હોવાનું જણાય તો આપને આ મદદ મળતી બંધ થઈ શકે છે.

- ડ્રગ્ઝનો ઉપયોગ કરવા વિશે આપને જે મદદ કરે છે તે વ્યક્તિ સાથે વાત કરવામાં ચિંતા અનુભવશો નહીં. તેઓ કઈ માહિતી ખાનગી રાખી શકે અને કઈ માહિતી તેઓએ અન્ય લોકોને જણાવવાની હોય છે તે અંગે તેઓ આપને જાણ કરશે.

- જો આપના કુટુંબમાં કોઇ વ્યક્તિ ડ્રગ્ઝ લેતી હોય તેના વિશે અથવા આપની ડ્રગની સમસ્યા તેમને કઈ રીતે અસર કરી રહી છે તે અંગે આપ ચિંતિત હો તો આ અંગે CARATમાંથી કોઇ વ્યક્તિને કહી શકો. CARATમાંથી કોઇ વ્યક્તિ આપના કુટુંબ માટે થોડી મદદ કે માહિતી આપવા માટે ગોઠવણ કરી શકે છે.

# આપનો ધર્મ

- ✓ આપ જેલમાં આપના ધર્મનું આચરણ કરી શકશો.
- ✓ આપ પ્રથમ જેલમાં જાઓ ત્યારે આપનો ધર્મ શું છે તે આપ જેલનાં સ્ટાફને કહી શકો છો. ત્યારબાદ આપના ધર્મનું આચરણ કરવા માટે આપને જેની જરૂર પડે તે મેળવી આપવામાં તેઓ આપને મદદ કરશે.
- ✓ આપનો ધર્મ પાળવા માટે કોઇ સ્થળ હોય તેની ખાતરી જેલે આપવાની રહેશે. દાખલા તરીકે, પ્રાર્થના કરવા માટે કે ધાર્મિક બેઠકોમાં જવા માટેનું સ્થળ.
- ✓ આપને આપના ધર્મનું આચરણ કરવામાં મદદ માટે દરેક જેલમાં કેટલાંક લોકોની ટીમ હશે. આને **ચેપલેઇન્સી ટીમ (ધર્મગુરૂઓની ટીમ)** કહે છે.
- ✓ આપનો કોઇ ધાર્મિક સંપ્રદાય ન હોય તો પણ આપ ધર્મગુરૂને મળવા કહી શકો છો. જેને વાત કરવા માટે કોઇ વ્યક્તિની જરૂર હોય તેવા **કોઇપણ** કેદીને સાંભળવા માટે ધર્મગુરૂઓ હંમેશા હાજર હોય છે. દાખલા તરીકે, તેઓ અપસેટ હોવાની લાગણી અનુભવતા હોય અથવા ચિંતિત હોય.
- ✓ જેલ પ્રાર્થના અને ધાર્મિક સેવાની રજાઓ અને તહેવારોની તારીખો અને સમયની નોંધ રાખશે.
- ✓ આપ આપના ધર્મ માટે હંમેશા મુખ્ય સેવામાં જઈ શકો છો. દાખલા તરીકે, જો આપ એકાંતવાસમાં હો (સેગ્રિગેશન), આપ ભાગેડુની યાદીમાં હો અથવા હૉસ્પિટલમાં હો તો. જો આપ હજી પણ સેવામાં જવા માંગતા હો તો સેવાની સમક્ષ ધર્મગુરૂને કહો.
- ✓ જો આપની ધાર્મિક જરૂરિયાતો જેલમાં પૂરી થતી ન હોય તો કોઇ એક ધર્મગુરૂ સાથે વાત કરો અથવા **ડાયવર્સિટી ઑફિસર** તરીકે ઓળખાતી વ્યક્તિને વાત કરો.
- ✓ વધુ માહિતી **જેલ સેવા આદેશ 4550**માં છે. એક નકલ પુસ્તકાલયમાં છે.

## આપને આપના ધર્મનું આચરણ કરવામાં મદદ કરી શકે તેવા લોકો

- ધર્મગુરૂઓની ટીમ એ વિવિધ ધર્મોનાં લોકોની ટીમ છે જે આપને આપના ધર્મનું આચરણ કરવામાં મદદ માટે હાજર હોય છે.

- દરેક જેલમાં આ ટીમ અલગ છે પરંતુ સામાન્ય રીતે એવા ધર્મગુરૂઓ હશે જેઓ આ ધર્મો અને સંપ્રદાયોમાંથી હશે

    - ચર્ચ ઑફ ઈંગ્લેન્ડ
    - રોમન કૅથોલિક, મેથડિસ્ટ અને ફ્રી ચર્ચ
    - મુસ્લિમ
    - બૌદ્ધ
    - યહૂદી
    - હિન્દુ
    - શીખ

અન્ય ધર્મો અથવા સંપ્રદાયોનાં લોકો પણ જો જરૂર પડે તો જેલમાં આવી શકે છે.

રસ્તાફેરિયાનિઝમને જેલોમાં ધર્મ તરીકે માન્ય ગણવામાં આવતો નથી. પરંતુ, જો આપ રસ્તાફેરિયન હો તો ધર્મગુરૂઓની ટીમ આપને મદદ કરવાનો પ્રયત્ન કરશે. આપ શાકાહારી અથવા વિગન ખોરાક ખાઈ શકશો અને આપને જરૂર હોય તેવી અન્ય વસ્તુઓ મેળવી શકશો, જેમ કે પુસ્તકો.

## જેલનો સ્ટાફ આપના ધર્મ વિશે જાણે તેની ખાતરી કરવી

- આપ પ્રથમ જેલમાં જાઓ ત્યારે જો આપ કોઇ ધર્મનું આચરણ કરવા માંગતા હો તો આપે જેલનાં સ્ટાફને કહેવાનું રહેશે. જેથી જેલનો સ્ટાફ એ ખાતરી કરી શકે કે આપને આપના ધર્મનું આચરણ કરવા માટે જેની જરૂર છે તે મળી રહે.

- આપ પ્રથમ જેલમાં જાઓ ત્યારે આપનો ધર્મ શું છે તે અંગે આપને પૂછવામાં આવશે. આપનો ધર્મ શું છે તે અંગે આપ જેલનાં સ્ટાફને કહી શકો છો અથવા આપના કોઇ ધર્મ નથી તેમ આપ કહી શકો છો.

- આને આપનો ધર્મ **રજીસ્ટર કરાવવો** એમ કહેવામાં આવે છે.

**આપના ધર્મ વિશે વધુ માહિતી**

- જો આપ ત્યારબાદ ધાર્મિક સેવાઓ અથવા પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંગતા હો તો આપે જે ધર્મ રજીસ્ટર કરાવ્યો હોય તે માટેની સેવાઓમાં આપ જશો.

- આપ પ્રથમ જેલમાં આવો ત્યારબાદ તરત ધર્મગુરૂ આપને મળવા આવશે જેથી ખાતરી કરી શકાય કે આપના માટે યોગ્ય ધર્મ રજીસ્ટર કરવામાં આવ્યો છે અને આપની કોઈપણ ધાર્મિક જરૂરિયાતો હોય તો તે વિશે જાણી શકાય.

## જો આપ આપનો ધર્મ બદલવા માંગતા હો તો

- આપનો જે ધર્મ રજીસ્ટર કરાવવામાં આવ્યો હોય તે બદલીને આપ અન્ય ધર્મ રખાવી શકો છો.
- આપ અન્ય ધર્મ રખાવવા માંગો છો તેમ બતાવવા માટે આપે એક ફૉર્મ ભરવાનું રહેશે અને તેમાં સહી કરવાની રહેશે.
- ધર્મગુરૂની ટીમ આપના નવા ધર્મ માટે યોગ્ય ધર્મગુરૂ શોધી આપવામાં આપને મદદ કરશે.

## જો આપ આપનો ધર્મ બદલ્યા વિના અન્ય ધર્મનાં ધર્મગુરૂને મળવા માંગતા હો તો

જયાં સુધી નીચેની બાબતો લાગુ પડતી હોય ત્યાં સુધી આપ આમ કરી શકો છો

- ગવર્નર અને ધર્મગુરૂઓ એ વાતે ખુશ હોય કે આપ ખરેખર અન્ય ધર્મ વિશે વધુ જાણવા માંગો છો અથવા તેનું આચરણ કરવા માંગો છો
- ગવર્નર અને ધર્મગુરૂઓ એમ માનતા હોય કે આપ સારા કારણ માટે આમ કરી રહ્યા છો અને કોઈ તકલીફ ઊભી કરવા માટે આમ કરતા નથી.

## ધાર્મિક સેવાઓ અથવા અન્ય ધર્મની પ્રવૃત્તિઓમાં જવું

- ધાર્મિક સેવાઓ માટે જેલ તરફથી દર અઠવાડિયે ઓછામાં ઓછો 1 કલાક મળવો જોઇએ.

- ધર્મગુરૂઓની ટીમ આપને ધાર્મિક સેવાઓ, બેઠકો અથવા પ્રવૃત્તિઓની તારીખો અને સમય કહેશે.

- આપે જે ધર્મ રજીસ્ટર કરાવ્યો હોય તેની મુખ્ય સેવામાં આપ જઈ શકો છો.

- પૂરતી જગ્યાઓ બાકી રહી હોય તો આપ આપના ધર્મનાં અન્ય સમૂહો અથવા પ્રવૃત્તિઓમાં જઈ શકો છો.

- આપે જેલને કહ્યું હોય કે આપનો કોઇ ધર્મ નથી તો પણ આપ ધાર્મિક સેવામાં જઈ શકો છો.

- આપ અલગ ધર્મની બેઠકોમાં જઈ શકો તેમ બની શકે. આ અંગે પ્રથમ આપના ધર્મગુરૂ સાથે વાત કરો.

- ક્યારેક આપ જેલમાં કરો તેવી અન્ય બાબતો, જેમ કે રોજિંદી કસરત અથવા કોઇ મુલાકાત લેવા આવે, એ જ સમયે થતી હોય કે જયારે આપના ધર્મને લગતી કોઇ મહત્ત્વની બાબત કરવાની હોય. જો આમ થાય તો જેલનો સ્ટાફ આપને ધાર્મિક પ્રસંગમાં હાજરી અપાવવા માટે મદદ કરી શકે છે.

## ધર્મગુરૂઓ આપના માટે શું કરી શકે

- ધર્મગુરૂઓ આપને જેલની બહારની દુનિયા સાથે સંપર્ક રાખવામાં મદદ કરી શકે છે. દાખલા તરીકે તેઓ આપના ઘર, ચર્ચ, મસ્જિદ, મંદિર કે સમુદાયની કોઇ ધાર્મિક વ્યક્તિ જેલમાં આપની મુલાકાત લેવા આવે તેવી ગોઠવણ કરી શકે છે.

- તેઓ આપને આપના કુટુંબ સાથે સંપર્ક જાળવી રાખવામાં પણ મદદ કરી શકે છે. આમ કરવા માટે તેઓ આપના કુટુંબ અથવા પ્રોબેશન સેવા જેવા અન્ય લોકો સાથે કામ કરી શકે છે.

- જો આપ અન્ય દેશનાં હો તો (વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદી) ધર્મગુરૂ તે દેશમાં આપના કુટુંબ સાથે સંપર્ક જાળવી રાખવામાં આપને મદદ કરી શકે છે.

**અન્ય મદદ. દાખલા તરીકે, પેરોલ મેળવવા જેવી બાબતોમાં**

- આપ જેલમાં હો તે દરમિયાન આપના વિશે તૈયાર કરવામાં આવતા કોઈપણ અહેવાલો વિશે કંઈક કહેવા અથવા કંઈક લખવા માટે આપ આપના ધર્મગુરૂને કહી શકો છો.

- જેલનો સ્ટાફ આપના વિશે અહેવાલો લખશે જેમાં આપના વર્તન અને આપે કરેલા કામો જેમ કે કામ અથવા શિક્ષણ વિશે તેમાં માહિતી હશે. આપના વિશે નિર્ણયો લેવા માટે આ અહેવાલોનો ઉપયોગ કરવામાં આવશે. દાખલા તરીકે, આપ પેરોલ મેળવી શકો કે નહીં તે નક્કી કરવા માટે પેરોલ બૉર્ડનાં લોકો આ અહેવાલો જોશે.

# જેલનાં નિયમો

**મુખ્ય મુદ્દાઓ**

- જેલનાં નિયમો દરેક જેલને લાગુ પડે છે પરંતુ ગવર્નર સ્થાનિક નિયમો પણ ધરાવતા હોઈ શકે છે.
- જ્યારે આપ જેલનાં નિયમો તોડો ત્યારે તેને **ગુનો** કહે છે.
- આપના પર એક ગુનાનો આરોપ મૂકવામાં આવી શકે છે અને સજા કરવામાં આવી શકે છે.
- **જેલ નિયમ નંબર 51** અને **યુવા ગુનેગાર સંસ્થા નિયમ નંબર 55**માં ગુનાઓ વિશે વાત કરવામાં આવી છે.
- જેલનાં નિયમો સમજવામાં અઘરા હોઈ શકે છે. જેલ શિસ્ત મેન્યુઅલ નામનાં પુસ્તકમાં આપ આ નિયમો જોવા માંગી શકો છો. તેને **જેલ સેવા આદેશ 2000** પણ કહે છે. દરેક વિંગમાં અને પુસ્તકાલયમાં આ પુસ્તકની નકલ હોવી જોઇએ.

## આગામી પાનાંઓ પર આપેલી કોઈપણ બાબત આપ કરો તો તેનો અર્થ એ છે કે આપે જેલનાં નિયમો તોડ્યા છે અને ગુનો આચર્યો છે.

### એવું વર્તન કરવું જેનાથી કોઈની લાગણી દુભાય, કોઈના પર જોખમ આવે અથવા કોઈને દુઃખ થાય

- જો આપ કોઈપણ વ્યક્તિની લાગણી દુભવો કે મારો અથવા કોઈની પણ સાથે ઝઘડો કરો.
- જો આપ કોઇ વ્યક્તિને તેની જાતિનાં કારણે તેની લાગણી દુભવો અથવા તેમને મારો (જાતિ એટલે વ્યક્તિની ચામડીનો વર્ણ અને તેમની પૃષ્ઠભૂમિ–બૅકગ્રાઉન્ડ અથવા સંસ્કૃતિ જેવી બાબતો).
- જો આપ એવું કંઈપણ કહો કે કરો જેનાથી કોઈપણ વ્યક્તિ અપસેટ થાય, જોખમમાં મૂકાય કે ડરી જાય. અને જો આપ કોઈની જાતિનાં કારણે આમ કરો.
- જો આપ કોઇ વ્યક્તિને તેની મરજી વિરુદ્ધ અન્ય લોકોથી દૂર રાખો. દાખલા તરીકે, જો આપ તેમને ક્યાંક પૂરી રાખો.
- જો આપ એવી રીતે વર્તન કરો કે જેનાથી કોઇ વ્યક્તિ જોખમમાં મૂકાય અથવા તેમના સ્વાસ્થ્યને નુકસાન પહોંચે.
- જો જેલ અથવા યુવા ગુનેગાર સંસ્થા ખાતે કામ કરનાર અથવા તેની મુલાકાત લેનાર કોઈપણ વ્યક્તિ સાથે આપ તોછડાઈથી વર્તો.

## જેલનાં સ્ટાફને તેમનું કામ કરતો અટકાવવો

- જેલમાં કામ કરતી કોઈપણ વ્યક્તિને જેલમાં ક્યાંક જવું પડે તેમ હોય અને આપ તેમને જતા અટકાવો તો.  દાખલા તરીકે કોઈ વ્યક્તિને આપની કોટડીમાં આવતા અટકાવવા માટે અવરોધ મૂકવો.
- જો આપ જેલમાં કામ કરતી કોઈપણ વ્યક્તિને તેમનું કામ કરતા અટકાવો તો.

## જેલમાંથી ભાગી છૂટવું

- જો આપ જેલ અથવા કસ્ટડીમાંથી ભાગી છૂટો તો.  દાખલા તરીકે, આપની સાથે જે ટુકડી હોય તેમના ઘેરામાંથી આપ ભાગી છૂટો તો.
- જો આપને જેલમાંથી થોડા સમય માટે બહાર જવાની મંજૂરી આપવામાં આવી હોય અને આપ પાછા ન આવો તો. આને ભાગેડુ કહે છે.

## નશીલી દવાઓ અને આલ્કોહૉલ

- જો આપને આપના મૂત્રનું પરીક્ષણ કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હોય અને તે એમ બતાવતું હોય કે આપે કોઈપણ એવી નશીલી દવાઓ લીધી છે જે લેવાની મંજૂરી ન હોય, પછી ભલે તે નશીલી દવાઓ આપ જેલમાંથી થોડા સમય માટે બહાર હો તે દરમિયાન લીધી હોય.
- જો આપ આલ્કોહૉલ પીવાનું પસંદ કરો અથવા આલ્કોહૉલ પીધા બાદ આપ નશામાં ચકચૂર હોવાનું જણાય તો.

## જેલ અથવા યુવા ગુનેગાર સંસ્થાને નુકસાન પહોંચાડવું

- જો આપે ઈમારતનાં કોઈપણ ભાગ અથવા તેની અંદરની કોઈપણ વસ્તુને આગ ચાંપી હોય તો.
- જો આપ ઈમારતનાં કોઈપણ ભાગને નુકસાન પહોંચાડો અથવા તેનો નાશ કરો અથવા તેની અંદરની કોઈપણ વસ્તુને નુકસાન પહોંચાડો કે નાશ કરો જે આપની નથી.
- જો આપ દીવાલો પર કંઈપણ ચોંટાડો કે લખો કે દોરો કે જેનાથી કોઈપણ વ્યક્તિ અપસેટ થાય, જોખમમાં મૂકાય અથવા કોઈ ડરી જાય.
- અથવા આપ કોઈની જાતિનાં કારણે આમાંની કોઈપણ બાબતો કરો.

## આપ રાખી શકો અને ન રાખી શકો તેવી ચીજવસ્તુઓ

- જો આપની પાસે એવી કોઇ વસ્તુ હોય જે આપે ન રાખવી જોઇએ. દાખલા તરીકે, મોબાઈલ ફોન, ચપ્પુ અથવા નશીલી દવાઓ.
- જો આપની પાસે કોઇ ચોક્કસ વસ્તુ મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં હોય તો.
- આપની મુલાકાત લેવા આવનાર કોઇ વ્યક્તિ પાસેથી આપ એવી કોઇ વસ્તુ સ્વીકારો જે જેલમાં રાખવાની આપને મંજૂરી નથી. દાખલા તરીકે, નશીલી દવાઓ.
- જો આપ કોઇ વ્યક્તિને એવી વસ્તુ વેચો અથવા આપો જે રાખવાની આપને મંજૂરી નથી.
- જો આપ કોઇ વ્યક્તિને એવી વસ્તુ વેચો કે આપો જે માત્ર આપને જ પોતાની પાસે રાખવાની છૂટ હોય.
- જો આપ અન્ય વ્યક્તિ પાસેથી અથવા જેલમાંથી કોઇ એવી વસ્તુ લો કે ચોરી કરો જે આપની નથી.

## જેલમાં એવી જગ્યાએ હાજરી હોવી જ્યાં આપે ન હોવું જોઇએ

- જો આપ એવી જગ્યા છોડીને જાઓ જ્યાં આપે હાજર હોવું જોઇએ.
- જો આપ એવી જગ્યાએ જાઓ જ્યાં આપે **ન** જવું જોઇએ.

## જેલ સ્ટાફ આપને જે કરવાનું કહે તે ન કરવું

- જો આપને કામ કરવાનું કહેવામાં આવે અને આપ તે બરાબર **ન કરો** અથવા બિલકુલ ન કરો.
- આપે જે આદેશ કે નિયમનું પાલન કરવું જોઇએ તે આપ **ન** કરો તો.
- જો આપ જેલનાં કોઇપણ નિયમો તોડો અથવા અન્ય વ્યક્તિને તે તોડવામાં મદદ કરવાનો પ્રયત્ન કરો તો.

## આપ થોડા સમય માટે જેલની બહાર હો ત્યારે નિયમો તોડવા અંગે

- જો આપને જેલમાંથી થોડા સમય માટે બહાર જવા દેવામાં આવે અને આપ નિયમો તોડો તો. આ **જેલ નિયમ નંબર 9** અથવા **યુવા ગુનેગાર સંસ્થા નિયમ નંબર 5** વિશે છે.

## જેલનાં નિયમો તોડવા

જયારે આપ જેલનાં નિયમો તોડો ત્યારે તેને **ગુનો** કહે છે.

## જો આપ ગુનો આચરો તો શું થશે?

**1.** જો જેલનાં અધિકારી માનતા હોય કે આપે ગુનો આચર્યો છે તો તેઓ આપને તરત (અથવા **48** કલાકની અંદર) કહેશે કે ગુનો શું છે. તેઓ આપને ગુના વિશે જાણ કરતું એક ફૉર્મ આપશે.

**2.** આપે સુનાવણીમાં જવું પડશે (જેને લવાદની પ્રક્રિયા પણ કહે છે). અહીં આપ અને જેલનાં સ્ટાફ ગુના વિશે વાત કરશો અને શું થયું હતું તે અંગે આપ બધા શું માનો છો તેની વાત કરશો. સુનાવણી ગવર્નર અથવા જેલની બહારનાં સ્વતંત્ર લવાદ તરીકે ઓળખાતી વ્યક્તિ દ્વારા કરવામાં આવશે.

**3.** સુનાવણી વખતે આપે કહેવાનું રહેશે કે આપ ગુનાનાં દોષી છો કે નહીં.

**4.** આપ ગુનાનાં દોષી છો કે નહીં તે અંગે ગવર્નર અથવા સ્વતંત્ર લવાદ નિર્ણય લેશે. આપને તથા ઘટના બની હોય તેના વિશે જાણનારા લોકોને સાંભળ્યા બાદ તેઓ આ નિર્ણય લેશે.

**5**. જો આપ દોષી જણાઓ તો આપને સજા આપવામાં આવશે. **પાન નં 87** પર સજાઓની યાદી છે. જો આપ દોષી માલૂમ ન પડો તો આગળ કોઇ કાર્યવાહી થશે નહીં.

## સજાઓ

### મુખ્ય મુદ્દાઓ

- ✓ આપ જે સજાઓ મેળવી શકો તે વિશે **જેલ નિયમ 55 અને 55A** તથા **યુવા ગુનેગાર નિયમ 60 અને 60A**માં વાત કરવામાં આવી છે.
- ✓ આપ જે સજા મેળવો તેનો આધાર આપનો ગુનો કેટલો ગંભીર છે તેના પર છે.
- ✓ જો જેલ માનતી હોય કે ગુનો ગંભીર છે તો તેઓ પોલિસનો સમાવેશ કરી શકે છે.
- ✓ જો આપ એકથી વધુ ગુનો કરો તો આપને દરેક ગુના માટે સજા થઈ શકે છે. એક સજા પૂરી થયા બાદ બીજી સજા ચાલુ થશે.
- ✓ જો ગુનો બહુ ગંભીર હોય તો આપે જેલમાં વધારાનાં દિવસો વીતાવવા પડી શકે છે.
- ✓ પરંતુ, જો આપને વધારાના દિવસો આપવામાં આવે તો આપને દરેક સજા માટે આપવામાં આવેલા વધારાના દિવસો 42થી વધુ નહીં હોય.
- ✓ ચેતવણી સિવાયની કોઈપણ સજા પર 6 મહિના સુધી અમલ મોકૂફ રાખવામાં આવી શકે છે. આનો અર્થ એ છે કે જો આપ તે સમય દરમિયાન વધુ એક ગુનો કરો તો આપની સજા શરૂ થઈ શકે છે.
- ✓ ગવર્નર આપને વધારાના દિવસો ઉપરાંત કોઈપણ સજા આપી શકે છે.
- ✓ સ્વતંત્ર લવાદ (જિલ્લા ન્યાયાધીશ) એ એવી એકમાત્ર વ્યક્તિ છે જે આપને વધારાનાં દિવસો તેમજ અન્ય કોઈપણ સજા આપી શકે છે.

## ગુનો આચરવા માટે આપ મેળવી શકો તેવી સજાઓની યાદી અહીં આપી છે

- આપને ચેતવણી આપવામાં આવી શકે છે.
- આપની પાસેથી આપના વિશેષાધિકારો (જેમ કે આપની કોટડીમાં ટીવી હોવું) 42 દિવસ સુધી છીનવી લેવામાં આવી શકે છે. અથવા યુવા ગુનેગાર માટે 21 દિવસો સુધી.
- આપ કમાયા હો તેવા કોઈપણ નાણાંની 84 દિવસ પ્રમાણેની રકમ અટકાવવામાં આવી શકે છે. અથવા યુવા ગુનેવાર માટે 42 દિવસો સુધી. પરંતુ આપના કુટુંબ સાથે સંપર્ક જાળવવા માટે સ્ટેમ્પ ખરીદવા અને ફોન કૉલ્સ કરવા માટે આપ પૂરતા નાણાં મેળવશો.
- આપને અન્ય કેદીઓથી દૂર કોઈ કોટડીમાં 35 દિવસો સુધી બંધ કરવામાં આવી શકે છે. અથવા 18 વર્ષથી વધુ ઉંમરનાં યુવા ગુનેગાર માટે 16 દિવસો સુધી. આને સેલ્યુલર અટકાયત કહે છે. આપ આમ કરવા માટે પૂરતા સ્વસ્થ છો તેની ખાતરી કરવા માટે પ્રથમ ડૉક્ટર અથવા નર્સ આપની ચકાસણી કરશે.
- 21 દિવસો સુધી આપને અન્ય કેદીઓ સાથે કામ કરતાં અટકાવવામાં આવી શકે છે.
- જો આપ રિમાંડ પર હો તો આપના વિશેષાધિકારો લઈ લેવામાં આવી શકે છે.
- આપને 28 દિવસ માટે જેલની વિંગ અથવા લિવિંગ યુનિટમાંથી દૂર લઈ જવામાં આવી શકે છે. અથવા યુવા ગુનેગાર માટે 21 દિવસો સુધી.

આ સજાઓ **માત્ર યુવા ગુનેગાર** માટે જ છે

- 21 દિવસો સુધી આપને પ્રવૃત્તિઓમાં ભાગ લેતા અટકાવવામાં આવી શકે છે.
- આપે 21 દિવસો સુધી રોજ 2 કલાક સુધી વધારાનું કામ કરવું પડી શકે છે.

## વધારાનાં દિવસો

- જો ગુનો ગંભીર હોય તો આપને જેલમાં 42 વધારાનાં દિવસો રાખવામાં આવી શકે છે ઉપરાંત અન્ય સજાઓ પણ આપવામાં આવી શકે છે.
- વધારાના દિવસો આપની સજાનો ભાગ નથી પરંતુ આપ જેલમાં વધારાનો સમય વીતાવશો.
- માત્ર સ્વતંત્ર લવાદો (તેઓ જિલ્લા ન્યાયાધીશો છે) આપને વધારાના દિવસો આપી શકે છે.

### વધારાના દિવસો વિશે વધુ માહિતી

- જો આપ રિમાંડ પર હો તો જો આપનો ગુનો સાબિત થયો હોય અને આપને સજા આપવામાં આવી હોય તો જ આપ આપના વધારાના દિવસો જેલમાં વીતાવશો.
- જો આપ જન્મટીપનાં કેદી હો, જાહેર રક્ષણ કેદી માટે કેદ થઈ હોય, નાગરિક કેદી હો અથવા આપના ઈમિગ્રેશન અંગે કાર્યવાહી થઈ રહી હોવા દરમિયાન જેલમાં રાખવામાં આવેલા વિદેશી નાગરિક હો તો આપને વધારાનાં દિવસો આપવામાં આવશે નહીં.

## જેલ લવાદી પ્રક્રિયાઓ - જેને સુનાવણીઓ પણ કહે છે

### મુખ્ય મુદ્દાઓ

- ✓ ગુના વિશે વાત કરવા માટે આપે જેલની સુનાવણી ખાતે જવાનું રહેશે.
- ✓ સુનાવણી ગવર્નર અથવા જેલની બહારનાં જિલ્લા ન્યાયાધીશ (જેમને સ્વતંત્ર લવાદ કહેવામાં આવે છે) દ્વારા કરવામાં આવશે.
- ✓ જેલ સ્ટાફનાં મતે આપે કરેલા ગુના વિશે તેઓ આપને જાણ કરે તેનાં એક દિવસ બાદ સામાન્ય રીતે સુનાવણી થશે.
- ✓ સુનાવણી માટે તૈયાર થવા આપની પાસે ઓછામાં ઓછાં 2 કલાક હશે.
- ✓ આપની સુનાવણી ન થાય ત્યાં સુધી આપને અન્ય કેદીઓથી અલગ રાખવામાં આવશે.
- ✓ શું થયું હોવાનું આપ માનો છો તે અંગે કહેવાની આપને તક મળશે.
- ✓ સુનાવણી ખાતે આવીને વાત કરવા માટે આપ સાક્ષીઓ પણ મેળવી શકો છો.
- ✓ આપને મદદ કરવા માટે આપ કેટલાંક અન્ય લોકો પણ મેળવી શકો છો. દાખલા તરીકે, સોલિસિટર અથવા McKenzie friend તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિ. **જુઓ પાન નં 94.**
- ✓ શું થઈ રહ્યું છે તે આપ સમજતા ન હો અથવા આપને પ્રશ્નો પૂછવાની જરૂર હોય તો જેલ અધિકારી અથવા આપના સોલિસિટર સાથે વાત કરો.

## સુનાવણી પહેલાં શું થશે?

- આપને **રિપોર્ટ પર** રાખવામાં આવશે. જેમાં જેલ અધિકારી આપને કહેશે કે તેમના મતે આપે કયો ગુનો કર્યો છે.

- જેલ અધિકારીના મતે આપે કયો ગુનો કર્યો છે તે અંગે તેઓ આપને તરત (અથવા 48 કલાકની અંદર) કહેશે.

- સુનાવણી સામાન્ય રીતે આના પછીનાં દિવસે થશે (સિવાય કે રવિવાર કે જાહેર રજાનો દિવસ હોય).

- સુનાવણી માટે તૈયાર થવામાં આપની પાસે ઓછામાં ઓછા 2 કલાક હશે.

સુનાવણી પહેલાં આપને 2 ફૉર્મ આપવામાં આવશે

1. **ફૉર્મ 1127A.** જેલના અધિકારીના મતે આપે જે ગુનો કર્યો છે તે અંગે આ ફૉર્મ આપને કહે છે. આ ફૉર્મમાં જે લખ્યું હોય તેમાં આપને સમજ ન પડે તો આપે **ફરજિયાત** આ અંગે કહેવાનું રહેશે.

2. **ફૉર્મ 1127ઈ.** સુનાવણી વખતે શું થશે તે અંગે આ ફૉર્મ આપને કહે છે.

   આ ફૉર્મમાં આપ

   - આપના મતે શું થયું હતું તે અંગે એક નિવેદન લખી શકો છો. ફૉર્મની પાછળ તે લખો. જો આપને જરૂર જણાય તો વધુ કાગળ માંગો.

   - આપ જેમને સુનાવણીમાં બોલાવવા માંગતા હો અને હાલ આપ જેમને જાણતાં હોય તેવા કોઈપણ સાક્ષીઓનાં નામ લખો. સુનાવણી વખતે જો આપ ઈચ્છતા હો તો કહી શકો છો કે આપ કોને સાક્ષીઓ તરીકે રાખવા માંગો છો.

### સુનાવણીઓ વિશે વધુ માહિતી

- સુનાવણી પહેલાં ડૉક્ટર કે નર્સ દ્વારા આપનું સ્વાસ્થ્ય તપાસવામાં આવી શકે છે જેથી ખાતરી કરી શકાય કે આપ સુનાવણીમાં જવા માટે સ્વસ્થ છો.

- આપની સુનાવણી શરૂ ન થાય ત્યાં સુધી આપને અન્ય કેદીઓથી અલગ રાખવામાં આવી શકે છે.

## સુનાવણી પહેલાં શું કરવું

✓ આપ સુનાવણી ખાતે શું કહેવા માંગો છો તેના વિશે વિચાર કરવો.

✓ શું થયું હતું તે અન્ય કોઇ વ્યક્તિએ જોયું હતું કે કેમ તેના વિશે વિચાર કરવો. તેઓ સુનાવણી ખાતે આપના માટે સાક્ષી બની શકે છે.

✓ સુનાવણી પહેલાં જેલ શિસ્ત મેન્યુઅલ નામનું પુસ્તક જોઇ જવું આપના માટે ઉપયોગી નીવડી શકે છે. તેને **પીએસઓ 2000** કહે છે. આપની વિંગમાં અને જેલનાં પુસ્તકાલયમાં તેની એક નકલ હશે. જો આપ પુસ્તકાલયમાં જઈ ન શકો તો તેની એક નકલ જોવા માટે માંગો.

✓ જો આપને આપની સુનાવણી પહેલાં જેલ શિસ્ત મેન્યુઅલ જોવા ન મળે તો આપ સુનાવણીને પછીની કોઈ તારીખ પર ઠેલવા માટે કહી શકો છો.

✓ જો આપને વાંચવા કે લખવામાં તકલીફ પડતી હોય અથવા આપ કંઈક સમજતાં ન હો તો મદદ માટે જેલ અધિકારી અથવા આપના સોલિસિટરને કહો.

## સુનાવણી વખતે શું થશે?

**1**. ગવર્નર ચકાસણી કરશે કે
- આપની પાસે ફૉર્મ **1127A** અને **1127C** છે કે નહીં
- આપ શા માટે સુનાવણી ખાતે હાજર છો અને શું થશે તે આપ સમજો છો કે નહીં
- સુનાવણી માટે તૈયાર થવામાં આપને પૂરતો સમય મળ્યો હતો કે નહીં. દાખલા તરીકે, આપ શું કહેવા માંગો છો તે વિશે વિચારવાનો સમય.
- આપને કોઇ મદદની જરૂર છે કે કેમ, જેમ કે કાનૂની સલાહ અથવા દુભાષિયો

**2**. કોઇ વ્યક્તિ આરોપ વાંચી સંભળાવશે. આરોપ એટલે જેલ સ્ટાફનાં મતે આપે આચરેલો ગુનો.

**3**. આપ ગુનાનાં **દોષી** છો કે **દોષી નથી** તે કહેવાનું આપને પૂછવામાં આવશે.

## જો આપ દોષી હોવાનું જાહેર કરો તો

- આપને રિપોર્ટ પર મૂકનાર જેલ અધિકારી શું થયું તે અંગે નિવેદન વાંચી સંભળાવશે.
- ત્યારબાદ આપે કહેવાનું રહેશે કે આપ આ વિશે શું વિચારો છો. દાખલા તરીકે આપ પ્રશ્નો પૂછી શકો છો.
- જેલ અધિકારીએ જે કહ્યું તેની સાથે આપ સંમત **ન** થતાં હોય તો કહો. જેલ અધિકારીએ જે કહ્યું હોય તેની સાથે આપ સંમત **ન** થતાં હોવ તો આપ સાક્ષીઓ બોલાવવાનું પણ કહી શકો છો.
- જેની સાથે આપ સંમત ન હો તેવી કોઈપણ બાબતમાં ગવર્નરે ધ્યાન આપવાનું રહેશે.
- ગવર્નર એવું નક્કી કરી શકે છે કે હકીકતો સાચી છે અને તેમાં વિશેષ કંઈ જોવાનું રહેતું નથી. જો આમ થાય તો, તેઓ આપને પૂછશે કે આપ **સજા હળવી કરવા માટેની અરજી** કરવા માંગો છો કે નહીં. આ સમયે આપ ગવર્નરને એવી કોઈપણ બાબત કહી શકો છો જેના કારણે આપનો ગુનો ઓછો ગંભીર દેખાવાનું આપ માનતા હોય.
- ત્યારબાદ જેલ સ્ટાફનાં સભ્ય આપ જેલમાં આવ્યા ત્યારથી આપનું વર્તન કેવું રહ્યું છે તે અંગેની માહિતી વાંચી સંભળાવશે. અને આ પહેલાં આપની કોઈપણ સુનાવણીઓ થઈ હોય તો તે વિશે પણ વાંચી સંભળાવશે.
- ત્યારબાદ તેઓએ વાંચી સંભળાવેલી માહિતી વિશે આપ શું વિચારો છો તે અંગે આપ કહી શકો છો.
- ગવર્નર ત્યારબાદ આપને કહેશે કે આપની સજા શું છે. ત્યારબાદ આપને એક ફૉર્મની નકલ આપવામાં આવશે જેમાં આપની સજા શું છે તે જણાવવામાં આવ્યું હશે. આ ફૉર્મને **ફૉર્મ 256D** કહે છે.
- કોઈપણ સમયે જો ગવર્નર માનતા હોય કે આપનો ગુનો એટલો ગંભીર છે કે જેથી આપને વધારાના દિવસો જેલમાં રાખવામાં આવવા જોઈએ તો તેઓ આ કેસની તપાસ કરવા માટે સ્વતંત્ર લવાદને કહેશે.
- સ્વતંત્ર લવાદને મળવા માટે આપે 28 દિવસો સુધી રાહ જોવી પડી શકે છે.

## જો આપ દોષી ન હોવાનું જાહેર કરો અથવા કઈ રીતે જાહેર કરવું તેની આપને ખાતરી ન હોય તો

- આપને રિપોર્ટ પર મૂકનાર જેલ અધિકારી તેમના મતે શું બન્યું હતું તે અંગે એક નિવેદન વાંચી સંભળાવશે.
- આ અંગે આપ શું વિચારો છો તે આપ કહી શકો છો અથવા કોઈપણ પ્રશ્નો પૂછી શકો છો.
- ગવર્નર જેલ અધિકારીને થોડાં પ્રશ્નો પૂછશે. તેઓ થોડાં સાક્ષીઓની જુબાની સાંભળવાનું પણ કહી શકે છે.
- આપ અને ગવર્નર સાક્ષીઓને પ્રશ્નો પૂછી શકે છે.
- ત્યારબાદ આરોપ (જેલ સ્ટાફનાં મતે આપે જે કર્યું છે તે) અને તેમણે આપેલા પુરાવા વિશે આપ શું વિચારો છો તે અંગે કંઈક કહેવા માટે આપને પૂછવામાં આવશે.
- જો આપ ઈચ્છતા હો તો આપના બચાવમાં બોલવા માટે આપ સાક્ષીઓને બોલાવી શકો છો (સિવાય કે ગવર્નર માનતા હોય કે સાક્ષીઓ ન બોલાવવા માટે સબળ કારણ છે).
- આપ, જેલ અધિકારી અને ગવર્નર સાક્ષીઓને પ્રશ્નો પૂછી શકો છો.
- આપ દોષી નથી તેવું આપ શા માટે માનો છો તેનાં મુખ્ય કારણો આપ કહી શકશો.
- ગવર્નર ત્યારબાદ તેમણે લીધેલાં નિર્ણય અંગે આપને કહેશે. આને ચુકાદો કહે છે. ગવર્નરને આપ દોષી જણાઓ તે પહેલાં તેમને પાક્કી ખાતરી હોવી જોઇએ કે આપે ગુનો આચર્યો છે.
- જો આપ દોષી જણાઓ તો આપની સજા શું છે તે ગવર્નર આપને કહેશે. ગવર્નર ત્યારબાદ આપને એક ફૉર્મની નકલ આપશે જેમાં આપની સજા વિશે માહિતી હશે. આ ફૉર્મને **ફૉર્મ 256D** કહે છે.
- કોઈપણ સમયે જો ગવર્નર માનતા હોય કે આપનો ગુનો એટલો ગંભીર છે કે જેથી આપને વધારાના દિવસો જેલમાં રાખવામાં આવવા જોઇએ તો તેઓ આ કેસની તપાસ કરવા માટે સ્વતંત્ર લવાદને કહેશે.

## સુનાવણી વખતે આપ મેળવી શકો તેવી અન્ય મદદ

આપ સુનાવણી વખતે આ પ્રકારની મદદ મેળવી શકો છો

- કાનૂની સલાહ
- કાનૂની પ્રતિનિધિત્વ (આપનું પ્રતિનિધિત્વ કરવા માટે સોલિસિટર સુનાવણી ખાતે આવે છે)
- સાથે આવે તેવા મિત્ર કે સલાહકાર (આ વ્યક્તિને McKenzie friend કહે છે). આ વ્યક્તિ આવીને આપના માટે નોંધો લઈ શકે છે અને આપને સલાહ આપી શકે છે. પરંતુ તેઓ આપનું પ્રતિનિધિત્વ **કરી શકે નહીં** અને ગવર્નરને યોગ્ય લાગે તો જ વાતચીત કરી શકે છે. આપના McKenzie friend ધર્મગુરૂ, જેલ અધિકારી અથવા અન્ય કેદી હોઇ શકે છે.

## જો આપની સુનાવણી ગવર્નર કરતાં હોય તો

આપ કાનૂની સલાહ મેળવી **શકો છો.** તે ટૅલિફોન, પત્ર દ્વારા અથવા આપના સોલિસિટર સાથેની મુલાકાત દ્વારા હોઇ શકે છે.

નીચેની બાબતોનાં કારણે જો ગવર્નર ન કહે તો આપ કાનૂની પ્રતિનિધિત્વ મેળવી **શકો નહીં**

- ગુનો કેટલો ગંભીર છે અને આપને થઈ શકે તેવી સજા
- કાયદા વિશેનાં સંભવિત પ્રશ્નો જે ઊભા થઈ શકે છે
- જે થઈ રહ્યું છે તેના વિશે આપ કેટલું સમજો છો
- એવી બાબતો જેનાથી કેસ ધીમો પડી જાય અથવા કોઇપણ સમસ્યાઓ ઊભી થાય. દાખલા તરીકે, જો આપને આપનો બચાવ તૈયાર કરવામાં તકલીફો હોય કારણ કે આપને અન્ય કેદીઓ કરતા અલગ રાખવામાં આવ્યા છે.

આ પ્રકારની સુનાવણીમાં આપ સામાન્ય રીતે McKenzie friend અથવા સલાહકાર મેળવી **શકો નહીં.**

પરંતુ જો શું થઈ રહ્યું છે તે આપ સમજતા ન હો, કેસ બહુ ગૂંચવણવાળો હોય અથવા ગવર્નર માનતા હોય કે McKenzie friend કે સલાહકારની મંજૂરી આપવી યોગ્ય છે તો આપ તે મેળવી શકો છો.

### જો સુનાવણી સ્વતંત્ર લવાદ (જિલ્લા ન્યાયાધીશ) દ્વારા કરવામાં આવતી હોય તો

- આપ હંમેશા કાનૂની પ્રતિનિધિત્વ મેળવી **શકો** છો (આપનું પ્રતિનિધિત્વ કરવા માટે એક સોલિસિટર આવશે).
- કાનૂની પ્રતિનિધિત્વ મેળવવામાં આપને કોઈપણ તકલીફો હોય તો ગવર્નર અથવા કાનૂની સેવા અધિકારી આપને મદદ કરી શકે છે.

## સુનાવણી અથવા સજા વિશે સમીક્ષા માંગવી

આપ

✓ સમીક્ષા માટે કહી શકો છો જો આપ માનતા હો કે સુનાવણી ખોટી રીતે થઈ હતી અથવા જો આપ માનતા હો કે આપની સજા બહુ કઠોર છે.

✓ ગવર્નર તેના વિશે કશું કરી શકે છે જો તેઓ માનતા હોય કે સુનાવણી ખોટી રીતે કરવામાં આવી હતી.

✓ આપને જે વધારાના દિવસો પાછા આપવામાં આવ્યા હતા તે મેળવવા માટે અરજી કરી શકો છો.

## જો સુનાવણી ખોટી રીતે કરવામાં આવી હોય અથવા આપ માનતા હો કે આપને જે સજા કરવામાં આવી છે તે ખૂબ કઠોર છે તો શું થશે?

### 1. જો ગવર્નર માનતા હોય કે સુનાવણી ખોટી રીતે કરવામાં આવી હતી

#### જો સુનાવણી ગવર્નર દ્વારા કરવામાં આવી હોય તો

- ગવર્નર સુનાવણીનું પરિણામ બદલી શકે છે. દાખલા તરીકે, તેઓ એ હકીકત બદલી શકે છે કે આપ દોષી જણાયા હતાં અને આપને આપવામાં આવેલી સજા બદલી શકે છે.

#### જો સુનાવણી સ્વતંત્ર લવાદ (જિલ્લા ન્યાયાધીશ) દ્વારા કરવામાં આવી હોય તો

ગવર્નર

- આ કેસ તપાસ માટે વરિષ્ઠ જિલ્લા ન્યાયાધીશને પાછો સોંપી શકે છે.

## 2. જો આપ માનતા હો કે સુનાવણી ખોટી રીતે થઈ છે અથવા આપની સજા ખૂબ કઠોર છે.

### જો આપની સુનાવણી ગવર્નર દ્વારા કરવામાં આવી હોય તો

- આપની વિંગમાં જેલ અધિકારી પાસેથી **ફૉર્મ ADJ1** કહેવાતું ફૉર્મ મેળવો.
- ફૉર્મ ભરો અને ગવર્નરને સુનાવણીનાં **6** અઠવાડિયાની અંદર મોકલો.
- એરિયા મેનેજર તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિ આપના કેસનો નિર્ણય લેશે.
- જો એરિયા મેનેજર માનતા હોય કે આપની સુનાવણી ખોટી રીતે થઈ છે તો તેઓ એ હકીકત બદલી શકે છે કે આપ દોષી જણાયા હતાં અથવા સજા બદલી શકે છે.

### જો આપની સુનાવણી સ્વતંત્ર લવાદ દ્વારા કરવામાં આવી હોય તો

- **કોરા કાગળ** પર ગવર્નરને એ સમજાવતો પત્ર લખો કે શા માટે આપ આપની સુનાવણીનાં પરિણામો જોવા માંગો છો. ફૉર્મ ADJ1 ભરશો **નહીં.** આપે ગવર્નરને સુનાવણીનાં 14 દિવસની અંદર પત્ર લખવાનો રહેશે.
- આપનો કાગળ વરિષ્ઠ જિલ્લા ન્યાયાધીશ તરીકે ઓળખાતાં ન્યાયાધીશને જોવા માટે મોકલવામાં આવશે. આ ન્યાયાધીશ વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટ અદાલતનાં છે.
- વરિષ્ઠ જિલ્લા ન્યાયાધીશ આપની સજા બદલવાનું નક્કી કરી શકે છે. પરંતુ તેઓ એ હકીકત બદલી **શકે નહીં** કે આપ દોષી જણાયાં હતાં.

### જો આ પછી પણ આપ ખુશ ન હો તો

- આપના કેસની તપાસ કરવા માટે આપ **પ્રિઝન્સ ઍન્ડ પ્રોબેશન ઓમ્બડ્ઝમેન (બ્રિટિશ સરકારનાં અધિકારી જેઓ નાગરિકોની ફરિયાદની નિષ્પક્ષ તપાસ કરે છે)** તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિને કહી શકો છો. આ વ્યક્તિ જેલ માટે કામ કરતાં નથી. તેમનું કામ જેલનાં જીવન વિશે કેદીઓએ કરેલી ફરિયાદોની તપાસ કરવાનું છે.
- આપના કેસમાં ધ્યાન આપવાનું કહેવા માટે આપ ઓમ્બડ્ઝમેનને પત્ર લખી શકો છો. અથવા આપ આપના સોલિસિટરને આપના માટે આ કામ કરવાનું કહી શકો છો.
- ઓમ્બડ્ઝમેન પ્રથમ આપની અને ગવર્નરની વચ્ચે પરિસ્થિતિનું સમાધાન કરાવવા પ્રયત્ન કરશે.

## ઓમ્બડ્ઝમેન વિશે વધુ માહિતી

- જો આનાથી કશું ન થાય તો ઓમ્બડ્ઝમેનનાં મતે શું થવું જોઇએ તે અંગે તેઓ એક અહેવાલ લખશે.
- આપ આપની સુનાવણી ફરી કરાવી શકશો **નહીં.** પરંતુ ઓમ્બડ્ઝમેન એવું સૂચન કરી શકે છે કે આપ દોષી જણાયા હો તે હકીકત થવા આપ જે સજા મેળવો તેને જેલ દ્બારા બદલવામાં આવે.

  ઓમ્બડ્ઝમેનને નીચેનાં સરનામે પત્ર લખી શકો છો

  Prisons and Probation Ombudsman
  Ashley House
  2 Monck Street
  LONDON
  SW1P 2BQ

## ન્યાયિક સમીક્ષા

- આપના કેસની તપાસ કરવા માટે આપે ન્યાયાધીશને કહેવું જોઇએ. પરંતુ આમ થવા દેવામાં ન આવે તેમ બની શકે છે. તેથી ફરિયાદ એવી રીતે કરવી શ્રેષ્ઠ છે કે જેના વિશે પ્રથમ વાતચીત કરવામાં આવે.
- જો આપ આપના કેસમાં ધ્યાન આપવા માટે ન્યાયાધીશને કહેવા માંગતા હો તો આમ થાય તે માટે આપના સોલિસિટરને પત્ર લખો.

## વધારાનાં દિવસો પાછા મેળવવા

- આપને આપવામાં આવેલા કેટલાંક વધારાના દિવસો પાછા મેળવવા માટે આપ અરજી કરી શકો છો.
- આપ સામાન્ય રીતે આપના **અડધા** દિવસો સુધી પાછા મેળવવા માટે અરજી કરી શકો છો.
- છેલ્લે આપ ગુનો આચરવાનાં દોષી જણાયાં હો તેના **6 મહિના** બાદ આપ વધારાનાં દિવસો પાછાં મેળવવા માટે અરજી કરી શકો છો. અથવા આપે છેલ્લે વધારાના દિવસો પાછા મેળવવા માટે અરજી કરી હોય તેના 6 મહિના બાદ આમ કરી શકો છો.
- જો આપ યુવા ગુનેગાર હો તો આપ **4 મહિના** બાદ અરજી કરી શકો છો.

### વધારાનાં દિવસો પાછા મેળવવા માટે કઈ રીતે અરજી કરવી

- આપની વિંગમાં સભ્ય અથવા સ્ટાફ સાથે વાત કરો. આપ વધારાનાં દિવસો પાછા મેળવી શકો તેમ છો કે તે જોવા માટે સભ્ય અથવા સ્ટાફ ચકાસણી કરશે.

- ત્યારબાદ આપને લેખિતમાં કંઈક મૂકવાનું કહેવામાં આવશે જેથી કહી શકાય કે આપને આપના વધારાના દિવસો પાછા મળવા જોઈએ એવું આપ શા માટે માનો છો.

- ત્યારબાદ આપની વિંગમાં સ્ટાફનાં સભ્ય આપના વિશે અહેવાલ લખશે અને ગવર્નરને મોકલશે. આપે આચરેલા કોઈપણ ગુનાઓ વિશે પણ તેઓ અહેવાલમાં માહિતી મોકલશે.

- આપ કદાચ આપના બધા દિવસો પાછા મેળવશો નહીં. પરંતુ વધુ દિવસો પાછા મેળવવા માટે આપ બાદમાં ફરીથી અરજી કરી શકો છો.

## એકાંતવાસ, આપની કોટડીની તલાશી લેવી અને જેલને સલામત રાખવા માટે જેલનો સ્ટાફ કરી શકે તેવી અન્ય બાબતો

✓ જેલમાં શું થાય છે તેના પર અંકુશ રાખવા માટે જેલનો સ્ટાફ કેટલીક અન્ય બાબતો કરી શકે છે.

✓ આ બાબતોનો સજાઓ તરીકે ઉપયોગ કરી **શકાય નહીં.** પરંતુ જયારે અન્ય લોકોને ઈજા થતી અટકાવવી અને જેલને સલામત રાખવી જરૂરી હોય ત્યારે તેનો ઉપયોગ થઈ શકે છે.

✓ આ બાબતોનો ઉપયોગ ભાગ્યે જ કરવામાં આવે છે.

## **એકાંતવાસ** (વધુ માહિતી **જેલ સેવા નિયમ 45**માં છે)

**એકાંતવાસ શું છે?**

- જયારે આપને અન્ય કેદીઓથી અલગ રાખવામાં આવે તેને એકાંતવાસ કહે છે.
- આપને એકાંતવાસમાં રાખવા જોઇએ કે નહીં તે અંગે ગવર્નર નક્કી કરે છે.
- આપને જેલના અન્ય ભાગમાં રાખવામાં આવી શકે છે જેને એકાંતવાસ યુનિટ કહે છે. આપને અન્ય કેદીઓથી અલગ રાખવામાં આવશે. એકાંતવાસમાં હોય તેવા અન્ય કેદીઓ સાથે પણ આપને રાખવામાં આવી શકે છે.
- આપ કામ કરી ન શકો તેમ બની શકે છે અને અન્ય કેદીઓ કરતાં આપની કોટડીમાં વધુ સમય રોકાવું પડી શકે છે.

**શા માટે આપને એકાંતવાસમાં રાખવામાં આવશે?**

- જો આપ કે જેલનો સ્ટાફ માનતા હોય કે આપ જોખમમાં છો. દાખલા તરીકે, આપે જે પ્રકારનો ગુનો આચર્યો છે તેના કારણે આપ માનતા હો કે અન્ય કેદીઓ આપને ઈજા પહોંચાડશે તો આપ એવું ઈચ્છતા હોઇ શકો છો કે આપને અન્ય કેદીઓ કરતાં અલગ રાખવામાં આવે. દાખલા તરીકે, જો આપે જાતિય ગુનો આચર્યો હોય. આપના વકીલ અથવા પોલિસે આ અંગે આપને સલાહ આપી હોઇ શકે છે.
- જો આપ એવું વર્તન કરો કે જેનાથી જેલ સ્ટાફનાં માનવા મુજબ અન્ય લોકો જોખમમાં મૂકાઈ શકે અથવા બાકીની જેલ માટે તકલીફો ઊભી થઈ શકે.

**આપને કેટલો સમય એકાંતવાસમાં રાખવામાં આવશે?**

- ગવર્નર આપને શરૂઆતમાં ૩ દિવસો સુધી એકાંતવાસમાં રાખી શકે છે.
- ત્યારબાદ આપને 1 મહિના સુધી એકાંતવાસમાં રાખવામાં આવી શકે છે. તેના પછી દરેક વખતે 1 મહિના સુધી આપને એકાંતવાસમાં રાખવામાં આવી શકે છે.
- 21 વર્ષથી ઓછી ઉંમરનાં કેદીઓને વધુમાં વધુ 14 દિવસો સુધી એકાંતવાસમાં રાખવામાં આવી શકે છે.
- પ્રથમ ૩ દિવસો બાદ, ગવર્નરે ઓછામાં ઓછા દર 14 દિવસે ચકાસવું જોઇએ કે આપને હજી પણ એકાંતવાસમાં રાખવામાં આવવા જોઇએ કે નહીં.

### જો આપ એકાંતવાસમાં જવા માંગતા હો તો વિચાર કરવા જેવી બાબતો

- ✓ એકાંતવાસમાં જવું એ બહુ ગંભીર બાબત છે. આપને એકાંતવાસમાં રાખવામાં આવે એવું આપ કહો તે પહેલાં બહુ કાળજીપૂર્વક વિચારો.
- ✓ જો ગવર્નર સંમત થાય કે આપને એકાંતવાસમાં રાખવા યોગ્ય છે તો જ આપ તેમ કરી શકો છો.
- ✓ જો આપ એકાંતવાસમાં જાઓ તો, અન્ય કેદીઓ આપના વિશે એવું વિચારવા લાગે જેનાથી આપના માટે વિંગ પર પાછા ફરવું મુશ્કેલ બને.

### એકાંતવાસમાં હોવા દરમિયાન આપ મેળવી શકો તેવી મદદ

એકાંતવાસમાં હોવા દરમિયાન આપ કોઈપણ બાબતે ચિંતિત હો તો જેલ અધિકારી અથવા ગવર્નર સાથે વાત કરો.

આ લોકો એકાંતવાસ યુનિટની મુલાકાત **દરરોજ** લે છે

- જેલ અધિકારી
- ગવર્નર
- ડૉક્ટર અથવા નર્સ.

આ લોકો પણ એકાંતવાસ યુનિટની મુલાકાત લે છે – પણ રોજ નહીં

- ધર્મગુરૂ
- સ્વતંત્ર નિયામક બૉર્ડમાંથી કોઇક વ્યક્તિ (આ એવા લોકો છે જેઓ એ વાતની ખાતરી કરવા માટે જેલની તપાસ કરે છે કે જેલો સારી અને ન્યાયી રીતે ચલાવવામાં આવી રહી છે).

## વિશેષ રહેઠાણ અને યાંત્રિક અંકુશો

આ બાબતોનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો નથી. પરંતુ નીચેની સ્થિતિઓમાં જેલ સ્ટાફ તેનો ઉપયોગ કરી શકે છે

- જો આપ હિંસક રીતે વર્તન કરી રહ્યાં હો તો
- આપ પોતાની જાતને, અન્ય લોકોને અથવા જેલને હાનિ કે નુકસાન પહોંચાડો તેમ હોય તો.

**વિશેષ રહેઠાણ** એ એવી કોટડી છે જ્યાં જેલ સ્ટાફ આપને પૂરી શકે છે જો આપ હિંસક રીતે વર્તન કરતાં હો તો. કોટડીમાં બિલકુલ ફર્નિચર ન હોય તેમ બની શકે છે. આપ શાંત ન પડો ત્યાં સુધી આપને આ કોટડીમાં પૂરી રાખવામાં આવશે.

**યાંત્રિક અંકુશો** એ એવી બાબતો છે જે આપને પોતાની જાતને અથવા અન્યોને ઈજા પમાડતા અટકાવવા માટે આપના શરીર પર રાખવામાં આવી શકે છે. **બૉડી બેલ્ટ** એ યાંત્રિક અંકુશનો એક પ્રકાર છે જેનો ઉપયોગ કરવામાં આવશે. તે એવો બેલ્ટ છે જે આપની કમર ફરતે હશે અને તેની સાથે હાથકડીઓ જોડેલી હશે.

- જો આપને ખાસ કોટડીમાં પૂરવાથી કોઇ ફાયદો ન થાય તો આપને બૉડી બેલ્ટમાં રાખવામાં આવશે.
- જો આપ 17 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં હો તો જ આપને બૉડી બેલ્ટમાં રાખી શકાશે.
- આપ કેવું વર્તન કરી રહ્યા છો તે જોવા જેલ સ્ટાફ દર 4 કલાકે તપાસ કરશે.
- સ્વતંત્ર નિયામક બૉર્ડ (જેલ સારી અને ન્યાયી રીતે ચાલી રહી છે તેની ખાતરી કરવા માટે જેલની તપાસ કરતાં લોકો)માંથી કોઇ વ્યક્તિ 1 દિવસની અંદર આપની મુલાકાત લેશે. જ્યારે જેલનો સ્ટાફ એ તપાસવા માટે આવે કે આપની પ્રગતિ કેવી છે તે દરમિયાન પણ શક્ય હોય તો આ વ્યક્તિ હાજર રહેશે.

**મુખ્ય મુદ્દાઓ**

- ✓ જેલ સ્ટાફ આપને ખાસ કોટડીમાં પૂરે અથવા આપને બૉડી બેલ્ટમાં રાખે તે પહેલાં ગવર્નરની મંજૂરી મળવી જરૂરી છે.
- ✓ જેલના સ્ટાફે સ્વાસ્થ્યસંભાળ ટીમને આ ઘટનાની જાણ કરવાની રહેશે.
- ✓ ડૉક્ટર અથવા નર્સ શક્ય તેટલી જલ્દી આપને તપાસશે.
- ✓ સ્વતંત્ર નિયામક બૉર્ડ (જેલ સારી અને ન્યાયી રીતે ચાલી રહી છે તેની ખાતરી કરવા માટે જેલની તપાસ કરતાં લોકો)માંથી કોઇ વ્યક્તિ 1 દિવસની અંદર આપની મુલાકાત લેશે.
- ✓ જેલ સ્ટાફે આપને ખાસ કોટડીમાં પૂરીને અથવા આપને બૉડી બેલ્ટમાં રાખીને યોગ્ય કર્યું છે કે નહીં તેની ચકાસણી પણ સ્વતંત્ર નિયામક બૉર્ડ કરશે.
- ✓ આપની પ્રગતિ કેવી છે તે જોવા માટે સ્ટાફ અવારનવાર આપની તપાસ કરતો રહેશે. આપનું વર્તન જોખમી થવાનું બંધ થાય કે તરત જેલ સ્ટાફ આપને વિશેષ કોટડી અને / અથવા બૉડી બેલ્ટમાંથી બહાર લઈ જશે.

## જેલમાં બળવો

જો આપ જેલની કામગીરી ખોરવવા માટેનાં ગંભીર કૃત્યમાં ભાગ લો તો આપના પર **જેલમાં બળવા**નો આરોપ મૂકાઈ શકે છે.

જેલમાં બળવો એ એવી બાબત છે જેમાં આપ અને અન્ય કેદીઓ જેલનો અંકુશ લેવા અને ગવર્નર તથા અન્ય જેલ સ્ટાફને જેલનો હવાલો લેતાં અને જેલનું સંચાલન કરતા રોકવાનો પ્રયત્ન કરવા જેવા કામ કરો.

નીચેનાં કિસ્સામાં આપના પર જેલમાં બળવાનો આરોપ મૂકાઈ શકે છે જો

- સ્ટાફ અથવા કેદીઓને ઈજા થાય
- જો જેલને નુકસાન થાય તો
- જો ગવર્નર જેલના કોઈક ભાગ અથવા સમગ્ર જેલનો અંકુશ ગુમાવે તો.

જો આપના પર જેલમાં બળવાનો આરોપ મૂકવામાં આવે તો

- આપ 10 વર્ષ સુધીની જેલની સજા મેળવી શકો છો
- આપને દંડ થઈ શકે છે જેમાં આપે થોડા નાણાં ચૂકવવા પડી શકે છે
- અથવા આ બંને લાગુ પડી શકે છે.

### જો આપની આસપાસનાં અન્ય કેદીઓ જેલમાં બળવો કરવાની શરૂઆત કરે તો

- તેમની સાથે જોડાશો **નહીં**
- આવું જ્યાં થઈ રહ્યું હોય તે સ્થળ છોડી દો
- જો આપ આમ ન કરો તો જેલનો સ્ટાફ એવું માની શકે છે કે આપ બળવામાં ભાગ લઈ રહ્યાં હતાં અને આપના પર જેલમાં બળવાનો આરોપ મૂકી શકે છે.

## આપની કોટડી અને આપની વસ્તુઓની તલાશી લેવી

- જેલને સલામત રાખવા માટે જેલ અધિકારીઓ કોઈપણ સમયે આપની કોટડી અને આપની વસ્તુઓની તલાશી લઈ શકે છે.
- આ કેટલી વખત થઈ શકે છે તેનો કોઇ નિયમ નથી. આપ કઈ જેલમાં છો અને જેલ સ્ટાફનાં મતે આપ કેટલાં સલામત છો તેના પર આનો આધાર રહેલો છે.

### જ્યારે આપને કોટડી અથવા આપની વસ્તુઓની તલાશી લેવામાં આવે ત્યારે શું થશે?

- આપની કોટડીની તલાશી લેવામાં આવે તે પહેલાં આપની કોટડીમાં આપના શરીરની સંપૂર્ણ તપાસ થશે.
- જે રાખવાની આપને મંજૂરી ન હોય તેવી કોઈપણ વસ્તુ આપે જેલ સ્ટાફને આપવાની રહેશે.
- જ્યારે આપની કોટડીની તલાશી લેવામાં આવી રહી હોય તે દરમિયાન આપને જેલનાં અન્ય વિસ્તારમાં લઈ જવામાં આવશે.
- જેલ સ્ટાફ આપની ચીજોને આપની કોટડીની બહાર તપાસ કરવા માટે લઈ જઈ શકે છે. આપની વસ્તુઓને ઝીણવટપૂર્વક જોવા માટે ઍક્સ–રે મશીનોનો ઉપયોગ થઈ શકે છે.
- સ્ટાફ આપના કાનૂની દસ્તાવેજો ચકાસી શકે છે પરંતુ તેઓ તેને વાંચશે નહીં.

## આપની તલાશી લેવી

### જેલનાં સ્ટાફ બે પ્રકારે આપની તલાશી લઈ શકે છે

## 1. પહેરેલાં કપડે કરવામાં આવતી તલાશી

આમાં જેલ સ્ટાફ

- આપના બૂટ કાઢવાનું કહે છે અને ખિસ્સા ખાલી કરવાનું કહે છે
- આપનું મોં, નાક (આપના નસકોરાં), કાન અને વાળ ચકાસે છે.

✓ જેલ સ્ટાફ આપની પહેરેલાં કપડે તલાશી ગમે ત્યારે કરી શકે છે.

✓ મહિલા સ્ટાફ સહિત જેલ સ્ટાફનાં કોઈપણ સભ્ય આપની પહેરેલાં કપડે તલાશી લઈ શકે છે. જો આપને લાગતું હોય કે કોઈ મહિલા આપની પહેરેલાં કપડે તલાશી ન લે તો જેલ સ્ટાફને કહો. દાખલા તરીકે, ધાર્મિક કારણોસર.

✓ આપ જેલનાં એક વિસ્તારમાંથી અન્ય વિસ્તારમાં સ્થળાંતર કરો તે પહેલાં અને પછી પહેરેલાં કપડે તલાશી થઈ શકે છે.

## 2. શરીરની સંપૂર્ણ તલાશી

આમાં સ્ટાફ

- આપના કપડાની તલાશી લઈ શકે છે.
- આપના શરીરની તલાશી લઈ શકે છે. સ્ટાફ આપને નીચે વળવા અથવા પલાઠી વાળીને જમીન પર બેસવાનું કહી શકે છે જેથી તેઓ જોઇ શકે કે આપના ગુદા અથવા ગુપ્તાંગનાં વિસ્તારમાં કંઈ છુપાવેલું નથી. આમ કરવા માટે તેઓ આપના શરીરને સ્પર્શ કરશે નહીં.
- તલાશી દરમિયાન આપે હંમેશા થોડા કપડાં પહેર્યા હશે. જેલ સ્ટાફ એક સમયે આપના અડધા કપડા તપાસશે અને તેઓ બાકીનાં અડધા કપડાં તપાસે તે પહેલાં આપ આ કપડાં પાછાં પહેરી શકો છો.

**શરીરની સંપૂર્ણ તલાશી વિશે વધુ માહિતી**

✓ કોઇપણ જેલ અધિકારી, વરિષ્ઠ અધિકારી, મુખ્ય અધિકારી અથવા ગવર્નર આપના શરીરની સંપૂર્ણ તલાશી લઈ શકે છે.

✓ તલાશી હંમેશા જેલ સ્ટાફનાં પુરુષ સભ્ય દ્વારા કરવામાં આવશે.

✓ શરીરની સંપૂર્ણ તલાશી ગમે તે સમયે કરવામાં આવી શકે છે. દાખલા તરીકે

- આપ જેલમાંથી બહાર જાઓ કે આવો ત્યારે દરેક સમયે
- આપની કોટડીની તલાશી લેવામાં આવે તેની થોડી જ ક્ષણો પહેલાં
- જ્યારે આપ એકાંતવાસ યુનિટમાં જાઓ ત્યારે
- મિત્રો અથવા કુટુંબ અથવા આપના સોલિસિટરની મુલાકાતો બાદ
- જો આપ ઉચ્ચ સુરક્ષા વર્ગનાં કેદી હો તો દરેક મુલાકાત બાદ.

✓ જેલ સ્ટાફ આપના શરીરની સંપૂર્ણ તલાશી લે તે પહેલાં શું થશે તે અંગે જેલ સ્ટાફ સમજાવશે કે ખરેખર શું થશે.

✓ શરીરની સંપૂર્ણ તલાશી સારી અને સુરક્ષિત રીતે કરવામાં આવવી જોઇએ.

✓ આ તલાશી કરનાર માત્ર જેલનો સ્ટાફ જ સામાન્ય રીતે તલાશી દરમિયાન ત્યાં હાજર હશે.

# જેલમાં આપની સાથે કેવો વ્યવહાર કરવામાં આવવો જોઇએ

જેલમાં, આપની સાથે યોગ્ય રીતે વ્યવહાર કરવામાં આવવો જોઇએ. જો તેમ ન થાય તો આપ આ અંગે કંઈક કરવાનો પ્રયત્ન કરી શકો છો.

પછીનાં પાન પર કેટલાંક કાયદાઓ વિશે માહિતી છે જે આપને સુરક્ષિત રાખવા માટે બનાવવામાં આવ્યા છે, અને આપની સાથે યોગ્ય રીતે વર્તન કરવામાં આવે તેની ખાતરી રાખવા માટે જેલે શું કરવું જોઇએ તેની માહિતી છે.

## માનવ અધિકાર કાનૂન 1998

- આ કાનૂન માનવ અધિકારો વિશે છે. દરેકની પાસે માનવ અધિકારો છે જેમ કે જીવતા રહેવાનો અને કેસની ન્યાયી કાર્યવાહી થવાનો અધિકાર.
- જો આપને લાગે કે આપને આપના માનવ અધિકારો મળ્યા નથી તો આપ આપનો કેસ અદાલતમાં લઈ જઈ શકો છો.
- માનવ અધિકાર કાનૂને વિશે વધુ જાણકારી મેળવવા માટે **માનવ અધિકાર કાનૂનની માર્ગદર્શિકા** નામની પત્રિકા અને **માનવ અધિકાર કાનૂન** તરીકે ઓળખાતું માહિતી પૅક જુઓ. આ બંને પુસ્તકાલયમાં હશે.

## હિંસા અથવા ધાકધમકી

- દરેક કેદીને સુરક્ષિત અનુભવવાનો અધિકાર છે.
- જો કોઇ આપના પ્રત્યે હિંસક હોય અથવા આપને ધાકધમકી આપતું હોય તો તરત જેલ સ્ટાફને જાણ કરો. જેલમાં આપ સ્ટાફનાં કોઈપણ સભ્ય જેમ કે જેલ અધિકારીઓ, ધર્મગુરૂ અને શિક્ષણ સ્ટાફને કહી શકો છો.
- હિંસા અને ધાકધમકી એ એવી બાબતો છે જેમાં લોકો આપને મારે છે અથવા ધમકી આપે છે (દાખલા તરીકે, એવું કહેવું કે તેઓ આપને ઈજા પહોંચાડવા જઈ રહ્યા છે અથવા આપને કંઈક કરવા જઈ રહ્યાં છે).
- જો આપની સાથે આમ થઈ રહ્યું હોય તો સ્ટાફ આપને મદદ કરશે.

## જાતિ સમાનતા - વિવિધ જાતિઓનાં લોકો

- વ્યક્તિની જાતિ તેમની પૃષ્ઠભૂમિ અને સંસ્કૃતિ તથા તેમની ચામડીનાં વર્ણ જેવી ઘણી બાબતો વિશે હોય છે.
- કાયદા મુજબ, જેલોએ એ વાતની ખાતરી આપવી પડે કે તમામ અલગ અલગ જાતિઓનાં લોકો સાથે સારું અને ન્યાયપૂર્ણ રીતે વર્તન કરવામાં આવે. આમ થાય તેની ખાતરી કરવાનો હવાલો ગવર્નર અને વરિષ્ઠ મેનેજરો સંભાળે છે.
- તમામ અલગ અલગ જાતિઓનાં લોકો સાથે સારું અને ન્યાયપૂર્ણ રીતે વર્તન કરવામાં આવે તેની ખાતરી કરવા જેલે શું કરવું જોઇએ તે વિશે **જેલ સેવા આદેશ 2800**માં માહિતી છે. જેલનાં પુસ્તકાલયમાં એક નકલ છે.
- તમામ જાતિઓનાં લોકો સાથે સારું અને ન્યાયપૂર્ણ રીતે વર્તન કરવામાં આવે તેની ખાતરી કરવા વિશેની જેલની યોજનાની એક નકલ પણ આપ વાંચી શકો છો. આને **જાતિ સમાનતા ઍક્શન પ્લાન કહે છે.**

## આપની સાથે કેવું વર્તન કરવામાં આવવું જોઇએ

જેલે ખાતરી કરવી જોઇએ કે આપ

- સાથે સારું અને ન્યાયપૂર્ણ રીતે વર્તન કરવામાં આવે
- આપના ધર્મ અને સંસ્કૃતિ અંગેની બાબતો કરી શકો. દાખલા તરીકે, આપના ધર્મ સાથે સંબંધ હોય તેવા કપડાં પહેરવા, ધાર્મિક પુસ્તકો રાખવા અને ધાર્મિક પ્રસંગોમાં ભાગ લેવો
- આપના ધર્મ અને સંસ્કૃતિ સાથે સંબંધ હોય તેવો ખોરાક ખાઈ શકો
- જો આપને જરૂર હોય તો આ પુસ્તક જેવી માહિતી અન્ય ભાષાઓમાં મેળવી શકો અથવા દુભાષિયા પાસેથી મદદ મેળવી શકો.

## જો આપની જાતિનાં કારણે આપની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હોય અથવા જો આપ અન્ય કોઈની સાથે આમ થતું જુઓ તો શું કરવું

- ✓ સ્ટાફનાં સભ્ય સાથે વાત કરો અથવા **COMP 1** તરીકે ઓળખાતું ફૉર્મ ભરો અથવા **જાતિય બનાવ અંગે જાણ કરવાનું ફૉર્મ** તરીકે ઓળખાતું ફૉર્મ ભરો.

- ✓ જો આપને લાગે કે આપ આ કામો કરી શકો તેમ નથી તો જે થયું હોય તેના પર ધ્યાન આપવા માટે વધુ ખાનગી રીતે આપ ગવર્નર, એરિયા મેનેજર અથવા સ્વતંત્ર નિયામક બૉર્ડનાં અધ્યક્ષને કહી શકો છો.

- ✓ આમ કરવા માટે **COMP2 ગુપ્ત પહોંચ ફરિયાદ ફૉર્મ** તરીકે ઓળખાતું ફૉર્મ ભરો. આપ ફૉર્મને સીલ કરેલા પરબિડીયામાં રાખી શકો છો જેને ગુપ્ત રાખવામાં આવશે.

- ✓ જો આપ આના પછી પણ ખુશ ન હો તો આપ પ્રિઝન્સ ઍન્ડ પ્રોબેશન ઓમ્બડ્ઝમેન તરીકે ઓળખાતી વ્યક્તિનો સંપર્ક કરી શકો છો.

- ✓ અથવા આપ સમાનતા અને માનવ અધિકાર કમિશન તરીકે ઓળખાતા સંગઠનનો સંપર્ક કરી શકો છો. તેઓ એવા કેદીઓને સલાહ અને મદદ આપે છે જેઓ એમ માનતા હોય કે તેમની સાથે તેમની જાતિનાં કારણે ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. આપ નીચેના સરનામે તેમનો સંપર્ક કરી શકો છો

  The Equality & Human Rights Commission
  3 More London Riverside
  Tooley Street
  London SE1 2RG

  ટેલિફોન 0203 117 0235

### આમ કરવામાં આપને મદદ કોણ કરી શકે?

આપ નીચેની વ્યક્તિ પાસેથી મદદ મેળવી શકો છો

- ✓ જેલ સ્ટાફનાં કોઇપણ સભ્ય
- ✓ સ્ટાફનાં સભ્ય જેમને જાતિ સમાનતા અધિકારી કહે છે
- ✓ જાતિ સમાનતા ઍક્શન ટીમ તરીકે ઓળખાતા સ્ટાફની ટીમ
- ✓ કેદીનાં પ્રતિનિધિઓ. આ એવા કેદીઓ છે જેઓ જાતિને લગતી બેઠકોમાં જાય છે અને અન્ય કેદીઓનો દ્રષ્ટિકોણ રજૂ કરે છે
- ✓ ધાકધમકી વિરોધી સમન્વયક અથવા સુરક્ષિત જેલ સમન્વયક તરીકે ઓળખાતો અન્ય સ્ટાફ
- ✓ સ્વતંત્ર નિયામક બૉર્ડનાં સભ્ય (એ લોકો જેઓ એ વાતની ખાતરી કરવા માટે જેલની તપાસ કરે છે કે જેલો સારી અને ન્યાયપૂર્ણ રીતે ચલાવવામાં આવી રહી છે).

જો આપ **વિદેશી નાગરિકત્વ ધરાવતાં કેદી** હો તો (એટલે કે આપની પાસે યુકેનો પાસપોર્ટ **ન** હોય તો)

આપ નીચેની વ્યક્તિઓ તરફથી મદદ મેળવી શકો છો

- ✓ જાતિ સમાનતા અધિકારી તરીકે ઓળખાતા સ્ટાફનાં સભ્ય
- ✓ વિદેશી નાગરિક લાયઝન અધિકારી તરીકે ઓળખાતા સ્ટાફનાં સભ્ય
- ✓ આપની વિદેશી એલચી કચેરી. આપ તેમને મદદ માટે પત્ર લખી શકો છો અથવા આપ જાતિ સમાનતા અધિકારી અથવા વિદેશી નાગરિક લાયઝન અધિકારીને આપના માટે આમ કરવા કહી શકો છો
- ✓ પત્ર લખવા માટેનાં કેટલાંક સરનામાઓ જેલ પુસ્તકાલયમાં છે. આપ **લંડન ડિપ્લોમેટિક લિસ્ટ** તરીકે ઓળખાતી એક યાદી માંગી શકો છો અથવા **જેલ સેવા આદેશ** 4630 જોઇ શકો છો.
- ✓ આપ આ પુસ્તક જેવી માહિતી અન્ય ભાષાઓમાં પણ મેળવી શકો છો.

## વિકલાંગ કેદીઓ

વિકલાંગતા ભેદભાવ કાનૂન તરીકે ઓળખાતો કાયદો વિકલાંગ લોકોને ખરાબ રીતે વર્તનથી સલામત રાખવા માટે બનાવવવામાં આવ્યો છે.

જેલમાં આ કાયદાનું પાલન થવું જ જોઇએ. નીચેની બાબતોની ખાતરી કરવા માટે તેમણે શક્ય તેટલું બધું જ કરવું જોઇએ

- આપ જેલનાં જીવનમાં ભાગ લઈ શકો
- આપની સાથે સારી અને ન્યાયી રીતે વર્તન કરવામાં આવે.

**જેલ સેવા આદેશ 2855**માં વધુ માહિતી છે. પુસ્તકાલયમાં એક નકલ છે.

### જો આપ વિકલાંગ કેદી હો તો કોણ આપને મદદ કરી શકે?

✓ આપના વ્યક્તિગત અધિકારી અથવા આપના વિંગ અધિકારી. આપની વિકલાંગતા અંગે આપને કોઈપણ બાબતની જરૂર હોય તો તેમને વાત કરો. દાખલા તરીકે, જો આપને આપવામાં આવેલી માહિતી આપને અન્ય રીતે જોઇતી હોય તો.

✓ વિકલાંગતા લાયઝન અધિકારી તરીકે ઓળખાતા સ્ટાફનો સભ્ય.

✓ સ્વાસ્થ્યસંભાળ ટીમમાંથી કોઇ વ્યક્તિ.

✓ અથવા આપ ગવર્નરને પત્ર લખી શકો છો (આપે આમ કરવા માટે **COMP1** તરીકે ઓળખાતું ફૉર્મ ભરવાનું રહેશે)

✓ અથવા આપ સમાનતા અને માનવ અધિકાર પંચ તરીકે ઓળખાતા સંગઠનનો સંપર્ક કરી શકો છો. તેઓ એવા કેદીઓને સલાહ અને મદદ આપે છે જેઓ માનતા હોય કે તેમની વિકલાંગતાને કારણે તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. આપ તેમનો સંપર્ક નીચેના સરનામે કરી શકો છો

The Equality and Human Rights Commission
3 More London
Riverside
Tooley Street
London SE1 2RG

ટેલિફોન 0203 117 0235

# ફરિયાદ અથવા વિનંતી કઈ રીતે કરવી

**જેલ સેવા આદેશ 2510**માં વધુ માહિતી છે. આપ તેની એક નકલ પુસ્તકાલયમાંથી મેળવી શકો છો.

## વિનંતી કરવી (આનો અર્થ છે કંઈક માંગવું)

- આપ જેલનાં અધિકારીને કોઇ બાબતે કોઈપણ સમયે પૂછી શકો છો.
- કેટલીક બાબત પૂછવા માટે આપે ફૉર્મ ભરવું પડી શકે છે.  જો જેલ સ્ટાફ નક્કી કરે કે આપ જે માંગો છો તે મેળવી શકો તેમ નથી તો તેઓ આપને તેનું કારણ કહેશે.

## ફરિયાદ કઈ રીતે કરવી

- જો આપને લાગે કે જેલમાં આપની સાથે ખોટી રીતે વર્તન કરવામાં આવ્યું છે તો આપ ફરિયાદ કરી શકો છો.
- તકલીફ ઊભી થયાનાં 3 મહિનાની અંદર આપે ફરિયાદ કરવાની રહેશે.

  ફરિયાદ કરવા માટે આપ

  - પ્રથમ જેલ સ્ટાફને ફરિયાદ કરો
  - અથવા જેલની **બહારનાં** લોકોને ફરિયાદ કરી શકો છો (જેમ કે આપના એમપી).
- સમસ્યાને પહેલાં જેલમાંનાં લોકો સાથે મળીને ઉકેલવાનો પ્રયત્ન કરો. જેલની બહારનાં લોકો સામાન્ય રીતે આપની પાસેથી એવી અપેક્ષા રાખશે કે આપે સમસ્યાનો ઉકેલ પ્રથમ જેલ સ્ટાફ સાથે લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

## 1. નીચેની બાબતો વિશે ફરિયાદ કરવી

- લવાદી પ્રક્રિયાઓ (સુનાવણીઓ).
- આપને આપવામાં આવેલો સુરક્ષા વર્ગ.
- જેનાથી આપનું મૃત્યુ થઈ શકે તેવી બિમારી હોવા જેવી બાબતોનાં કારણે આપને જેલમાંથી જલ્દી જવા દઈ શકાય તે અંગેનાં  નિર્ણયો અથવા આપ વધુ એક ગુનો આચરો તેની સંભાવનાનાં કારણે આપને જેલમાંથી બહાર જવા દઈ શકાય તેની સંભાવના બહુ ઓછી છે. આને **દયાપાત્ર મુક્તિ** કહે છે.

- આ પ્રકારની ફરિયાદોને **સુરક્ષિત વિષયો** કહે છે. તેનો નિર્ણય માત્ર એરિયા મેનેજર અથવા જેલ બહારનાં અન્ય સ્ટાફ દ્બારા જ લઈ શકાય.
- **જેલ સેવા આદેશ 2510 પરિશિષ્ટ H** માં સુરક્ષિત વિષયોની એક યાદી છે. આપ પુસ્તકાલયમાં તેની એક નકલ મેળવશો.
- આપ એરિયા મેનેજરને પત્ર લખીને આ બાબતો વિશે માત્ર વિનંતી અથવા ફરિયાદ કરી શકો છો.
- આપનો પત્ર મેળવ્યાનાં 6 અઠવાડિયાની અંદર એરિયા મેનેજર આપને પત્રનો જવાબ લખીને જણાવશે કે તેઓએ શું નિર્ણય લીધો છે.
- જો આપ હજી પણ ખુશ ન હો તો આપ પ્રિઝન્સ ઍન્ડ પ્રોબેશન ઑમ્બડ્ઝમેન અથવા આપના સોલિસિટરને ફરિયાદ કરી શકો છો. **જુઓ પાન નં 115.**

## 2. અન્ય બાબતો વિશે ફરિયાદ કરવી

**ફરિયાદ કેવી રીતે કરવી**

1. સમસ્યા વિશે સ્ટાફનાં સભ્યને વાત કરો.  જો આપની પાસે વ્યક્તિગત અધિકારી હોય તો તેમની સાથે વાત કરો. તેઓ આપની સમસ્યાનો ઉકેલ લાવી શકે છે.

2. જો આનાથી કશું ન થાય તો લૅન્ડિંગ અધિકારી અથવા આપની વિંગના મેનેજરને વાત કરવાનો પ્રયત્ન કરો.

## ફરિયાદ કરવા વિશે વધુ માહિતી

3. જો આનાથી કશું ન થાય તો આપની ફરિયાદ વિશે કશુંક લેખિતમાં મૂકો. આમ કરવા માટે આપે **COMP 1** નામનું ફૉર્મ ભરવાનું રહેશે. આપે આપનું પૂરું કરેલું ફૉર્મ **ફરિયાદ બૉક્સ**માં મૂકવું જોઇએ. આપનું ફૉર્મ સ્ટાફનાં સભ્યને સીધું આપશો નહીં.

4. જેલ સ્ટાફ આપની ફરિયાદ વિશે શું કહે છે તે અંગે આપને જાણ કરતાં જવાબ સાથે ફૉર્મ આપને પાછું મોકલવામાં આવશે. આપ આપનો જવાબ કામકાજનાં 3 દિવસોની અંદર મેળવશો.

5. જેલ સ્ટાફે આપને જે જવાબ આપ્યો છે તેનાથી આપ ખુશ **ન** હો તો આપ **Comp 1A** ફૉર્મ ભરીને આપની ફરિયાદમાં ફરી ધ્યાન આપવામાં આવે તેવી વિનંતી કરી શકો છો.

## વધુ ખાનગી રાહે ફરિયાદ કરવી

- ફરિયાદ વધુ ખાનગી રાહે કરવા માટે આપ **COMP2 ગુપ્ત પહોંચ ફરિયાદ ફૉર્મ** કહેવાતું ફૉર્મ ભરી શકો છો. આપ આ રીતે વધુ ખાનગી રાહે શા માટે ફરિયાદ કરી રહ્યા છો તે ફૉર્મ પર લખો.
- આપ ફૉર્મ સીલ કરેલાં પરબિડીયામાં ગવર્નર, સ્વતંત્ર નિયામક બૉર્ડના અધ્યક્ષ અથવા એરિયા મેનેજરને મોકલી શકો છો.
- જો આપની ફરિયાદ બહુ ગંભીર હોય અથવા જેલ સ્ટાફ સાથે વાતચીત કરવા માટે બહુ મુશ્કેલ હોય તો જ આપે આમ કરવું જોઇએ.
- આપ જેને ફૉર્મ મોકલો તે વ્યક્તિ આપની ફરિયાદમાં ધ્યાન આપવાનો શ્રેષ્ઠ માર્ગ નક્કી કરશે. તેઓએ અન્ય લોકો સાથે વાત કરવાની જરૂર પડી શકે છે જેમાં આપ જેના વિશે ફરિયાદ કરી રહ્યા છો તેવી વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.

## સ્ટાફ વિશે ફરિયાદ કરવી

- જો આપ માનતા હો કે જેલ સ્ટાફે જેલના નિયમો તોડ્યા છે અને આપની સાથે ખરાબ વર્તન કર્યું છે તો આપ ગવર્નર અને એરિયા મેનેજરને ફરિયાદ કરી શકો છો. ખાનગી જેલોમાં, જેલ કસ્ટડી અધિકારીઓ સાથે સંબંધિત ફરિયાદો વિશે આપે નિયંત્રકને ફરિયાદ કરવી જોઇએ.

- **COMP1** તરીકે ઓળખાતું ફરિયાદ ફૉર્મ ભરો અથવા જો આપ **COMP 2** ફૉર્મ ભરવાનું પસંદ કરી શકો છો. આપના મતે સ્ટાફે શું ખોટું કર્યું છે તેની વિગતો ફૉર્મ પર લખો. દાખલા તરીકે, શું થયું, ક્યાં થયું અને ક્યારે થયું તથા તે થતાં કોઇએ જોયું છે કે નહીં તે કહો.

- સ્ટાફનાં વરિષ્ઠ સભ્ય આપની ફરિયાદમાં ધ્યાન આપશે. તેઓ આપની સાથે, આપે જેના વિશે ફરિયાદ કરી છે તે વ્યક્તિ સાથે અને જેણે આ બનતું જોયું હોય એવી કોઇપણ વ્યક્તિ સાથે સ્ટાફનાં વરિષ્ઠ સભ્ય વાત કરશે.

### જો આપ સાચા હોવાનું જણાય તો ગવર્નર

- આપે જેના વિશે ફરિયાદ કરી છે તે સ્ટાફનાં સભ્ય સામે પગલાં લેશે.

- જરૂર જણાય તો પોલિસને બોલાવશે.

- શું નક્કી કરવામાં આવ્યું છે તે આપને જણાવવા માટે લખશે. આમાં સામાન્ય રીતે 2 અઠવાડિયા લાગશે. જો આપે ગુપ્ત પહોંચ કહેવાતા વધુ ખાનગી રાહે ફરિયાદ કરી હોય તો એરિયા મેનેજર આપને પત્ર લખશે.

## ફરિયાદ વિશે આપનો વિચાર બદલવો

- જો આપ આપનો વિચાર બદલો તો આપ કોઇપણ સમયે ફરિયાદ અટકાવી શકો છો.

- સ્ટાફનાં સભ્યને કહો. તેઓ આપને ફૉર્મ પર એવું લખવાનું કહેશે કે આપ આપની ફરિયાદ અટકાવવા માંગો છો.

## આપ જેલમાં જેની સાથે વાત કરી શકો તેવા અન્ય લોકો

- આપે આપની ફરિયાદનો સ્ટાફ સાથે ઉકેલ લાવવા પ્રયત્ન કર્યા બાદ આપ **સ્વતંત્ર નિયામક બૉર્ડ** તરીકે ઓળખાતાં સમૂહ સાથે પણ વાત કરી શકો છો. આ સમૂહ જેલોની તપાસ કરે છે જેથી ખાતરી કરી શકાય કે તે સારી અને ન્યાયપૂર્ણ રીતે ચલાવવામાં આવી રહી છે.
- સ્વતંત્ર નિયામક બૉર્ડમાં જે લોકો હોય છે તેઓ સ્થાનિક સમુદાયનાં સ્વયંસેવકો છે. સ્વતંત્ર નિયામક બૉર્ડ વિશે એક પત્રિકા છે આપ જોઇ શકો છો. તે આપની વિંગમાં છે.
- આપ સ્વતંત્ર નિયામક બૉર્ડને આપની ફરિયાદમાં ધ્યાન આપવા માટે એક ફૉર્મ ભરવાનું કહી શકો છો. આપ આ ફૉર્મ આપની જેલની વિંગમાં મેળવી શકો છો.

સ્વતંત્ર નિયામક બૉર્ડ

- આપની ફરિયાદ વિશેનો નિર્ણય સમજાવવા માટે ગવર્નરને કહી **શકે છે.**
- બીજું શું થઈ શકે તેમ છે તે અંગે ગવર્નરને સલાહ આપી **શકે છે.**
- જે માહિતી જોવામાં આવી નથી તેની તરફ ઈશારો કરી **શકે છે.**

તેઓ

- જેલ દ્વારા લેવામાં આવેલો નિર્ણય બદલી **શકે નહીં.**

## આપે જેલ સ્ટાફ સાથે ફરિયાદનો ઉકેલ લાવવા પ્રયત્ન કર્યા બાદ આપ આપની ફરિયાદ જેમને મોકલી શકો તેવા જેલ બહારનાં લોકો

### 1. પ્રિઝન્સ ઍન્ડ પ્રોબેશન ઑમ્બડ્ઝમેન

- જો આપે પહેલાં આપની ફરિયાદનો ઉકેલ જેલ સ્ટાફ સાથે લાવવાનો પ્રયત્ન કર્યો હોય અને આપ હજીપણ ખુશ ન હો તો આપ પ્રિઝન્સ ઍન્ડ પ્રોબેશન ઑમ્બડ્ઝમેન તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિને લખી શકો છો.
- ઑમ્બડ્ઝમેન જેલ માટે કામ કરતા નથી. તેમનું કામ જેલના જીવન વિશે કેદીઓની ફરિયાદોમાં ધ્યાન આપવાનું છે.
- ઑમ્બડ્ઝમેન માત્ર **આપે** મોકલેલી ફરિયાદોમાં ધ્યાન આપી શકે છે.
- આપની ફરિયાદ વિશે જેલનાં સ્ટાફ તરફથી જવાબ મેળવ્યાનાં 1 મહિનાની અંદર આપે ઑમ્બડ્ઝમેનને પત્ર લખવાનો રહેશે.
- આપ જયારે ઑમ્બડ્ઝમેનને પત્ર લખો ત્યારે તેમને શક્ય તેટલી વધુ માહિતી આપવી જોઇએ. તેઓ સામાન્ય રીતે તેમની જાતે આપને મળવા અને આપની સાથે વાત કરવા આવશે નહીં તેથી આપે આપના પત્રમાં તેમને શક્ય તેટલી વધુ જાણ કરવાની જરૂર છે.
- ઑમ્બડ્ઝમેન સામાન્ય રીત આપની ફરિયાદમાં ધ્યાન આપવામાં 12 અઠવાડિયા કે તેથી ઓછો સમય લે છે. શું નિર્ણય લેવામાં આવ્યો છે તે જાણ કરવા માટે આપને લેખિતમાં કંઈક મળશે.
- જો ઑમ્બડ્ઝમેન માનતા હોય કે આપની સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવ્યો નથી તો તેઓ ગવર્નરને તેમનો નિર્ણય બદલવાની વિનંતી કરી શકે છે અથવા જેલ સેવાનાં વડાને ફેરફારોની ભલામણ કરી શકે છે.

ઑમ્બડ્ઝમેનને પત્ર લખવાનું સરનામું આ છે

Prisons and Probation Ombudsman
Ashley House
2 Monck Street
London
SW1P 2BQ

ઑમ્બડ્ઝમેન વિશે અને કેવી રીતે ફરિયાદ કરવી તે જોવા માટે આપ એક પત્રિકા જોઇ શકો છો. તે પુસ્તકાલયમાં છે.

## 2. સ્વાસ્થ્ય વિશેની ફરિયાદો

- જો આપની ફરિયાદ સ્વાસ્થ્ય વિશે હોય તો આપે પ્રથમ જેલમાં સ્વાસ્થ્ય સંભાળ ટીમ સાથે વાત કરવી જોઇએ.

- જો આનાથી કશું ન થાય તો આપ આપના પ્રાથમિક કાળજી ટ્રસ્ટને પત્ર લખીને આપની ફરિયાદ વિશે જણાવી શકો છો. પ્રાથમિક કાળજી ટ્રસ્ટ તેમના સ્થાનિક વિસ્તારમાં ડૉક્ટરો, ડેન્ટિસ્ટ અને ઑપ્ટિશિયન જેવી સ્વાસ્થ્ય સેવાઓનો હવાલો સંભાળે છે.

- જો આપ હજી પણ ખુશ ન હો તો આપ સ્વાસ્થ્ય સંભાળ કમિશનને આપની ફરિયાદમાં ધ્યાન આપવા માટે કહી શકો છો. સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ સારી રીતે ચલાવવામાં આવી રહી છે તેની ખાતરી કરવા માટે આ સમૂહ કામ કરે છે.

  તેમને આપની ફરિયાદ અંગે નીચેના સરનામે લખો

  Healthcare Commission
  FREEPOST NAT 18958
  Complaints Investigation Team
  Manchester
  M1 9XZ

- સ્વાસ્થ્ય સંભાળ કમિશન દ્વારા લેવામાં આવેલા નિર્ણયથી આપ ખુશ ન હો તો આપની ફરિયાદમાં ધ્યાન આપવા માટે આપ સંસદીય અને સ્વાસ્થ્ય સેવા ઑમ્બડ્ઝમેનને કહી શકો છો. ઑમ્બડ્ઝમેનને નીચેના સરનામે પત્ર લખી શકો છો

  The Parliamentary and Health Service Ombudsman
  Millbank Tower
  Millbank
  London
  SW1P 4QP

- જો આપને સ્વાસ્થ્ય વિશે ફરિયાદ કરવામાં કોઇપણ મદદની જરૂર હોય તો સ્વતંત્ર ફરિયાદ સલાહ સેવા (Independent Complaints Advisory Service = ICAS) તરીકે ઓળખાતા સંગઠનને મદદ માટે કહો.

- આપ તેમનો સંપર્ક કરવા માટેની વિગતો જેલ સ્ટાફ, જેલ પુસ્તકાલય પાસેથી અથવા 0845 4647 નંબર પર એનએચએસ ડાયરેક્ટને ફોન કરીને મેળવી શકો છો.

## 3. આપના એમપી

- આપ આપના સ્થાનિક વિસ્તારનાં એમપીને પત્ર લખી શકો છો.
- એ વાતની ખાતરી રાખો કે તેમને લખેલા આપના પત્રમાં આપ આપનું ઘરનું સરનામું લખો.
- આપ આપના એમપીને આપની ફરિયાદ સંસદીય અને સ્વાસ્થ્ય સેવા ઑમ્બડ્ઝમેનને જોવા માટે પણ મોકલવાનું કહી શકો છો.

## 4. આપના સોલિસિટર.

કાયદા સાથે સંબંધિત કોઇપણ પ્રશ્નો અંગે આપના સોલિસિટર આપને મદદ કરી શકે છે.

## 5. વડા પોલિસ અધિકારી.

જો આપ માનતા હો કે ગુનો આચરવામાં આવ્યો છે તો આપ આપના સ્થાનિક પોલિસને પત્ર લખી શકો છો. આપનો પત્ર મોકલવા માટેનાં સાચાં સરનામા માટે જેલમાં પોલિસ લાયઝન અધિકારી તરીકે ઓળખાતી કોઇ વ્યક્તિને કહો.

## 6. આપ રાણી, સંસદ અથવા યુરોપિયન સંસદનાં આપના સભ્યને અરજી મોકલી શકો છો.

**જેલ સેવા આદેશ 2510**માં વધુ માહિતી છે. ત્યાં એક ફૉર્મ છે જે આપ આપની અરજી તૈયાર કરવા માટે નકલ કરી શકો છો.

## 7. ગુનાહિત ઈજાઓનાં વળતર માટેનું વહીવટીતંત્ર.

કોઇ વ્યક્તિએ આપના સામે હિંસક ગુનો આચર્યો હોવાના કારણે આપને ઈજા થઈ હોય તો આપ આ સંગઠનને પત્ર લખી શકો છો. હિંસક ગુનાને કારણે અથવા કેટલાંક અન્ય કારણોસર લોકોને થયેલી ઈજાઓ માટે વળતર (નાણાં) અપાવવા માટે તેઓ કામ કરે છે. આપ તેમને નીચેના સરનામે લખી શકો છો

CICA
Tay House
300 Bath Street
Glasgow
G2 4LN

# ગુનેગાર નિયમન, સજાનું આયોજન અને છૂટકારા માટે તૈયારી કરવી

## ગુનેગાર નિયમન

આપ જેલમાં અથવા નિરીક્ષણ હેઠળ જે સમય વીતાવો તેનું કઈ રીતે નિયમન થાય છે તેના વિશે આ છે.

આપ ભવિષ્યમાં ગુનો કરો તેની ઓછી સંભાવના રહે તેની ખાતરી કરવાના પ્રયત્ન માટે ગુનેગાર નિયમન કરવામાં આવે છે.

તે તમામ ગુનેગારો માટે તબક્કાવાર વ્યવસ્થામાં મૂકવામાં આવી રહ્યું છે.

## આપની આકારણી અને સજાની યોજના

જેલ અને પ્રોબેશન સેવાઓ ગુનેગાર આકારણી વ્યવસ્થાનો ઉપયોગ કરે છે. આને ટૂંકમાં **ઓએસિસ** (Offender Assessment System = **OASys**) કહે છે.

આપ શા માટે ગુનો કરો છો અને ગુનો કરવાનું બંધ કરવા માટે આપે શું કરવાની જરૂર છે તે શોધવામાં તેમને મદદ મળે છે.

જો આપ પોતાની જાતને અથવા અન્ય લોકોને નુકસાન પહોંચાડવાની સંભાવના હોય અને તેમ ન કરવામાં આપને મદદ કરવા માટે આપની સાથે કામ કરવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

12 મહિના અથવા વધુ સમય માટે જેલમાં જનાર દરેક વ્યક્તિ પાસે ઓએસિસ (Offender Assessment System = OASys) દ્વારા બનાવવામાં આવેલી યોજના ધરાવે છે.

આપ આકારણીમાં ભાગ લો અને લખવામાં આવેલી તમામ બાબતો આપને બતાવવામાં આવશે.

એક્શન પ્લાન બનાવવા માટે આકારણીનો ઉપયોગ કરવામાં આવે છે. આ એક્શન પ્લાનને આપની **સજાનું આયોજન** કહેવામાં આવે છે.

દાખલા તરીકે, સજાનું આયોજન એમ બતાવી શકે છે કે આપ કેટલીક વખત જે પ્રકારનું વર્તન કરો છો તે અથવા નશીલી દવાઓ અથવા આલ્કોહૉલ સાથે સંબંધિત સમસ્યાઓનો ઉકેલ આપ કેવી રીતે લાવવાના છો તે બદલવા માટે આપ શું કરવાના છો.

આપની સજાનું આયોજન મોટાભાગનાં નિર્ણયોને અસર કરે છે અને આપની સજા દરમિયાન તથા આપને છોડવામાં આવે ત્યારબાદ બદલાય છે.

## ગુનેગાર મેનેજર અને અન્ય સ્ટાફ

ગુનેગાર મેનેજર એ પ્રોબેશન સેવાની કોઇ વ્યક્તિ છે. તેઓ સમુદાયમાં કામ કરે છે અને આપ જેલમાં હો અથવા નિરીક્ષણ હેઠળ હો તે બધા સમય દરમિયાન સામાન્ય રીતે સમુદાયમાં આપની સાથે કામ કરશે.

તેઓ આપના જીવનમાં ફેરફાર કરવામાં આપને મદદ કરશે જેથી આપ ભવિષ્યમાં ગુનો કરો તેની સંભાવના ઘટે.

જ્યારે આપ જેલમાં હો ત્યારે આપ ગુનેગાર નિરીક્ષક તેમજ વ્યક્તિગત અધિકારી પણ ધરાવી શકો છો.

તેઓ આપની સજાનાં આયોજનમાં આપને જાળવી રાખવામાં મદદ કરશે.

આપના ગુનેગાર નિરીક્ષક અને/અથવા વ્યક્તિગત અધિકારી આપના ગુનેગાર મેનેજર સાથે કામ કરશે. કેટલાંક સ્થળોએ ગુનેગાર નિરીક્ષક અને વ્યક્તિગત અધિકારી બંને એક જ વ્યક્તિ હોય છે.

જો આપને ઓએસિસ (Offender Assessment System = OASys) અથવા ગુનેગાર નિયમન વિશે કોઈપણ પ્રશ્નો હોય તો જેલનાં સ્ટાફને વાત કરો.

## બહુ-એજન્સી જાહેર રક્ષણ વ્યવસ્થાઓ (Multi-Agency Public Protection Arrangements = MAPPA)

હિંસક અને જાતિય ગુનેગારોનું નિયમન કરવા માટે અન્ય વ્યવસાયીઓ સાથે કામ કરવા માટે પોલિસ, પ્રોબેશન અને જેલ સેવાઓ દ્વારા આનો ઉપયોગ કરવામાં આવે છે. જનતાને નુકસાનથી બચાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

જો આપને આ લાગુ પડતું હોય તો **આપને જાણ કરવામાં આવશે.**

જો આપ મેપ્પા (Multi-Agency Public Protection Arrangements = MAPPA) આકારણી ધરાવતા હો તો જોખમ નિયમન આયોજન તૈયાર કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે. આપ અન્ય લોકોને, જેમ કે બાળકો માટે જોખમી છો કે નહીં તે નક્કી કરવામાં પણ આ આકારણી સ્ટાફને મદદ કરશે.

## આપની સજાનું આયોજન

આપના આયોજનમાં લક્ષ્યાંકો હશે.

આ એવી બાબતો છે જે આપ કરવા અથવા બદલવા માંગો છો.

દાખલા તરીકે, આપની પાસે શિક્ષણ સાથે સંબંધિત લક્ષ્યાંકો હોઇ શકે છે જેમ કે

- ✓ સાક્ષરતા – વાંચન અને લેખન
- ✓ ગણત્રીની ક્ષમતા – ગણિત અને પૈસાનું નિયમન કરવું
- ✓ નવી આવડત શીખવી જેથી આપ જેલ છોડો ત્યારે આપ નોકરી મેળવવા માટે વધુ સક્ષમ બની શકો
- ✓ પરીક્ષાઓ આપવી અને લાયકાતો મેળવવી.

આપના આયોજનનાં ભાગરૂપે આપે સમૂહો અથવા અભ્યાસક્રમોમાં જવું પડી શકે છે જેથી આપને એ વિચારવા વિશે મદદ મળે કે શા માટે આપ ગુનો કરો છો અને આપને આપનું વર્તન બદલવામાં મદદ મળે.

### કેટલાંક ઉદાહરણો

કેટલાંક અભ્યાસક્રમો છે જે આપ કરી શકો છો જે આપને કેટલીક પરિસ્થિતિઓમાં વિચારવામાં તથા આપ કેવી પ્રતિક્રિયા આપો છો તેને નિયંત્રણમાં લાવવામાં મદદ કરી શકે છે. દાખલા તરીકે

- એન્હેન્સ્ડ થિન્કિંગ સ્કિલ્સ અને કોગ્નિટિવ સ્કિલ્સ બૂસ્ટર (વિચારોમાં વૃદ્ધિ કરતી આવડતો અને જ્ઞાનાત્મક આવડતોમાં વધારો કરનાર) તરીકે ઓળખાતાં અભ્યાસક્રમો. જ્ઞાનાત્મકનો અર્થ છે આપ જે રીતે વિચારો છો તેની સાથે સંબંધિત બાબત.
- આપની લાગણીઓનું નિયમન કરવામાં આપને મદદ કરતો અભ્યાસક્રમ જે ગુસ્સાને કાબૂમાં રાખવો અને તેનું નિયમન કરતા શીખવું (Controlling Anger and Learning to Manage It = CALM) તરીકે ઓળખાય છે.
- સેક્સ ગુનેગાર સારવાર કાર્યક્રમો (Sex Offender Treatment Programmes = SOTPs).

**કાર્યક્રમો વિશે વધુ માહિતી**

જો આપને હિંસક હોવા સંબંધિત સમસ્યાઓ હોય તો આપને મદદ કરવા માટે કાર્યક્રમો છો.

દાખલા તરીકે

- જો આપે આપના સાથીદાર સાથે ગેરવર્તન કર્યું હોય તો સ્વસ્થ સંબધોનો કાર્યક્રમ.
- જો આપ હિંસક હો તો જ્ઞાનાત્મક સ્વ–પરિવર્તન કાર્યક્રમ.
- જેઓ હિંસક હોય અને એવી ખાસ સમસ્યાઓ હોય કે જેનાથી અન્ય સમૂહો ખાતે તેમને મદદ મળી ન શકે તેમના માટે Chromis Programme.
- જેલ બાદ આપને સમુદાયમાં ફરીથી ગોઠવવામાં મદદ કરવા માટેનાં કાર્યક્રમો.

## શિક્ષણ

દરેક જેલમાં પુસ્તકાલય અને શિક્ષણ વિભાગ છે.

જેલની બહારનાં સાર્વજનિક પુસ્તકાલયોની જેમ ઉપયોગ કરવા માટે આપના માટે **પુસ્તકાલય** છે.

- આપ પુસ્તકો ઉછીના લઈ શકો છો અને મંગાવી શકો છો.
- દરેક અઠવાડિયે ઓછામાં ઓછી 20 મિનિટ માટે આપને પુસ્તકાલય જવાની તક મળશે.
- મોટાભાગનાં પુસ્તકાલયોમાં અન્ય ભાષાઓનાં પુસ્તકો હોય છે.
- વધુ માહિતી **જેલ સેવા આદેશ 6710**માં છે.

## કેળવણી

આપ કોઈપણ વર્ગોની શરૂઆત કરો તે પહેલાં આપ ઈન્ટરવ્યુ આપશો અને વાંચન તથા લેખન જેવી બાબતોમાં આપને કેવા સહકારની જરૂર હોઈ શકે છે તે જોવા માટેની તપાસ કરવામાં આવશે.  આનાથી આપના માટે જે યોગ્ય હોય તેવા અભ્યાસક્રમો પસંદ કરવામાં આપને મદદ મળે છે.

આપ એક સમયપત્રક અને આપની પોતાની કેળવણીનું આયોજન મેળવો છો જે અંગે આપ શિક્ષણ સ્ટાફ સાથે સંમત થયા છો.

### કેળવણી વિશે વધુ માહિતી

આપ ઘણાં અલગ અલગ વિષયોમાં વર્ગો કરી શકો છો. દાખલા તરીકે

- વાંચન અને લેખન
- ગણિત
- અન્ય ભાષાઓ બોલતાં લોકો માટે અંગ્રેજીનાં પાઠ
- કળા
- વ્યાપાર અભ્યાસ.

આપ કરો તેવા તમામ અભ્યાસક્રમો એવી લાયકાતો તરફ દોરી જશે જે જેલની બહાર પણ માન્ય ગણવામાં આવે છે જેમ કે, GCSEs અથવા રાષ્ટ્રીય વ્યાવસાયિક લાયકાતો (National Vocational Qualifications = NVQs). આ એટલા માટે છે કે જેથી જ્યારે આપ જેલ છોડો ત્યારે આપ ઈચ્છતા હો તો આપનું શિક્ષણ ચાલુ રાખી શકો.

આપ ડિસ્ટન્સ લર્નિંગ અભ્યાસક્રમો (પત્રવ્યવહારથી ચાલતા અભ્યાસક્રમો) અંગે મદદ મેળવી શકો છો, જેમ કે ઓપન યુનિવર્સિટી (Open University = OU) અભ્યાસક્રમો.

**21 વર્ષથી વધુ ઉંમરનાં** કેદીઓને દર અઠવાડિયે ઓછામાં ઓછા એક કલાક માટે રમતગમત અથવા 'શારીરિક શિક્ષણ'નાં સત્રોમાં ભાગ લેવાની તક મળશે.

## કામ અને તાલીમ

### તાલીમ

જેલ સેવા કેળવણી અને આવડત કાઉન્સિલ સાથે કામ કરે છે. આપ જેલમાં હો ત્યારે અને આપ જેલમાંથી બહાર આવો ત્યારે કેળવણી અને આવડત કાઉન્સિલ આપને શું આપી શકે છે તે વિશે વધુ જાણવા માટે શિક્ષણ અધિકારીનો સંપર્ક કરો.

તાલીમ આપને એવી આવડતો શીખવવામાં મદદ કરવા વિશે છે જે આપને નોકરી મેળવવામાં મદદ કરશે. આને **વોકેશનલ તાલીમ** કહે છે.

વોકેશનલ તાલીમ ઘણી વખત શિક્ષણ વર્ગો સાથે જોડાયેલી હોય છે. આ પ્રકારે આપ તાલીમ અભ્યાસક્રમમાં જઈ શકો છો અને લાયકાતો મેળવી શકો છો.

દાખલા તરીકે, આપ ચિત્ર અને શણગારમાં તાલીમ અભ્યાસક્રમમાં જઈ શકો છો. સાથે સાથે આપ ગણિત અને વાંચનનાં વર્ગોમાં જઈ શકો છો જેથી આપ GCSEs અથવા રાષ્ટ્રીય વ્યાવસાયિક લાયકાત (National Vocational Qualification = NVQ) મેળવી શકો.

દરેક જેલમાં **શિક્ષણ અને તાલીમની ડિરેક્ટરી** તરીકે ઓળખાતું પુસ્તક હોય છે જે આપને માહિતી આપે છે કે આપની જેલમાં કયા તાલીમ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે.

**કામ**

જ્યારે આપ જેલમાં હો ત્યારે દિવસ દરમિયાન આપ જે બાબતો કરો છો તેમાં કામ એક મહત્ત્વની બાબત છે. આપને આવડતો અને લાયકાતો મેળવવામાં મદદ કરવા માટે કામ એક મોટો હિસ્સો છે જેથી આપ જ્યારે જેલ છોડો ત્યારે આપ નોકરી મેળવી શકો.

આપ જેલમાં આવો ત્યારબાદ તરત આપ એક આકારણી કરાવશો જેથી જોઇ શકાય કે કેવા પ્રકારનું કામ આપના માટે શ્રેષ્ઠ છે.

જેલમાં કામ સામાન્ય રીતે ઔદ્યોગિક વર્કશોપ અને/અથવા ખેતી (કૃષિ) અને બાગકામ યુનિટ દ્વારા હોય છે. આપ એવી ચીજો બનાવશો અને સેવાઓનું સંચાલન કરશો જેની જેલમાં જરૂર હોય છે અને સમુદાયમાં તેનું વેચાણ થતું હોય છે.

આ યુનિટમાં કામ કરવાથી આપને નીચેના જેવા વ્યાપારમાં આવડતો અને અનુભવ મળશે

- ટેક્સટાઇલ્સ
- એન્જિનિયરીંગ
- સુથારી કામ
- પ્રિન્ટીંગ
- ડેટા એન્ટ્રી
- પ્લાસ્ટિક મોલ્ડિંગ
- કોમ્પ્યૂટરએઇડેડ ડિઝાઈન
- જમીન કાળજી (ગ્રાઉન્ડ મેઇન્ટેનન્સ).

જેલમાં આપના કામ બદલ આપને ચૂકવણી કરવામાં આવશે. જો આપ કામ કરવા માંગતા હો પરંતુ આપની જેલમાં આપના માટે યોગ્ય કામ ન હોય તો પણ આપને ચૂકવવામાં આવશે. આ વેતન સામાન્ય રીતે આપ કામ કરતા હો ત્યારે મેળવો તેના કરતા અડધું હોય છે.

## સમુદાય માટે કામ કરવું

જેલ નજીક સ્થાનિક સમુદાય માટે કામ કરવાને **બહાર કામ કરવું** કહે છે.  તે આપ જેલ છોડો તે પહેલાં આપના માટે થોડો આત્મવિશ્વાસ મેળવવાની એક તક છે.  તે આપને આપના સમુદાય માટે અને આપની સાથે રહેતા હોય તથા કામ કરતા હોય તેવા લોકો માટે જવાબદાર બનવા વિશે આપને વધુ સમજવામાં પણ મદદ કરશે.  બહાર કામ કરવામાં નીચેનાનો સમાવેશ થશે

- પર્યાવરણીય પ્રોજેક્ટ્સ પર
- ઘરડા લોકો સાથે
- વિકલાંગતા ધરાવતા લોકો સાથે
- રમતગમતની પ્રવૃત્તિઓ અંગે.

## જૉબ ક્લબ

આપ જ્યારે જેલ છોડો ત્યારે આપને નોકરી મેળવવામાં મદદ માટે કેટલીક જેલો પોતાની જૉબ ક્લબ ચલાવે છે.  જૉબ ક્લબ આપને ઈન્ટરવ્યુ માટે તૈયારી કરવી અને નોકરી કઈ રીતે શોધવી વગેરે જેવી બાબતોમાં મદદ કરશે.

જો આપની જેલમાં જૉબ ક્લબ છે કે નહીં તે જેલ સ્ટાફને પૂછો.

આપને રોજગારી અંગે સલાહ અને સહકાર આપવા માટે મોટાભાગની જેલોમાં તાલીમ પામેલો સ્ટાફ હોય છે.

## સ્વયંસેવક બનવું

આપ જેલમાં શ્રોતા તરીકે સ્વયંસેવક બની શકો છો.

અથવા આપની પાસે કોઇ ખાસ કામ હોઇ શકે છે જેમ કે બેઠકો ખાતે અન્ય કેદીઓ માટે બોલવું અથવા દેવળ કે પુસ્તકાલયમાં મદદ કરવી.

# જેલ છોડવાની તૈયારી કરવી

આપ જેલ છોડો તે પહેલાં આપે એ જાણવાની જરૂર પડશે કે

- ✓ આપ ક્યાં રહેશો.
- ✓ આપના લાભો અંગેની બાબતોનો ઉકેલ કઈ રીતે લાવવો.
- ✓ ક્યાંક આપને રહેવામાં મદદ મળે તે માટે આપ કઈ ગ્રાંટ માટે અરજી કરી શકો છો.
- ✓ જો આપ જેલમાં ગયા તે પહેલાં નોકરી કરતા હતાં તો આપે ટૅક્સનાં ફૉર્મ મોકલવાની જરૂર છે કે કેમ.
- ✓ આપે જેલમાં જે કપડા પહેર્યાં હતા તે હજી પણ આપને ફિટ થાય છે કે નહીં.
- ✓ આપે પ્રોબેશન સેવાને મળવાની જરૂર છે કે નહીં અને આપ લાયસન્સ પર છો કે કેમ.

## આપની સંપત્તિ

જ્યારે આપ જેલ છોડો ત્યારે તમામ અંગત સંપત્તિ, જેમ કે આપ જ્યારે જેલમાં આવ્યા હોય ત્યારે આપે પહેરેલાં કપડાં, આપને પાછી આપવામાં આવશે. મોટાભાગની જેલોમાં આપ જેલ છોડૉ તેનાં થોડા દિવસો પહેલાં આપને આપના કપડાં પહેરવાની તક મળે છે. જો તે આપને ફિટ થતા ન હોય અથવા યોગ્ય ઋતુનાં કપડાં ન હોય તો આપ મિત્રો અથવા કુટુંબીજનોને આપના માટે કપડા લાવવાનું કહી શકો છો.

જો આ શક્ય ન હોય તો, જેલ સેવાએ આપને **લિબર્ટી ક્લોથિંગ** આપવાના રહેશે. આ જેલ છોડતી વખતે આપને આપવામાં આવતાં એવા કપડાં છે જે આપ જેલ છોડો ત્યારે આપવામાં આવે છે અને તે આપને ફિટ થાય તેવા તથા ઋતુ પ્રમાણે અનુકૂળ આવે તેવા હોય છે.

**આપ જેલ છોડવાનાં હો તેના થોડા દિવસો પહેલાં કપડાં આપવા માટે કહો.**

## પ્રવાસ વૉરન્ટ

યુકેમાં આપના ઘરે અથવા અન્ય સરનામે આપને પાછા લઈ જવા માટે આપ પ્રવાસ વૉરન્ટ મેળવશો. આનાથી આપ ટ્રેન, બસ કે કોચમાં પ્રવાસ કરી શકશો.

## ડિસ્ચાર્જ ગ્રાંટ

આપ આવક સહાય અથવા નોકરીઈચ્છુકોનું ભથ્થું (જૉબસીકર્સ એલાઉન્સ) ન મેળવો ત્યાં સુધી આપ નિર્વાહ ચલાવી શકો તે માટેની આ ગ્રાંટ છે. તે એક નાની રકમ છે – લગભગ £46.

નીચેની બાબતો લાગુ પડતી હોય તો આપ ડિસ્ચાર્જ ગ્રાંટ મેળવશો **નહીં**

- જો આપને ઉંમર 18 વર્ષ કરતાં ઓછી હોય
- જો આપની સજા 14 દિવસની કે તેથી ઓછી હોય
- જો આપ દંડ ન ભરવા બદલ જેલમાં હો તો
- જો આપ નાગરિક કેદી હો તો
- જો આપ રિમાંડ પર હો અથવા તડીપાર (ડિપૉર્ટેશન) થવાની રાહ જોતાં હો તો
- જો આપ સીધા હૉસ્પિટલ જવાના હો તો
- જો આપ યુકેની બહાર ક્યાંક રહેવાનાં હો તો
- આવક સહાય મેળવવા માટે લાયક ન હો તો
- 14 દિવસથી ઓછાં સમયમાં આપને પાછા બોલાવવામાં આવ્યા હોય.

આપને ક્યાંક રહેવાનું સ્થળ શોધી આપવામાં મદદ કરવા માટે ગવર્નર હાઉસિંગ પ્રોવાઈડર (મકાન માલિક)ને વધુ એક નાની ગ્રાંટ પણ ચૂકવી શકે છે.

આ ગ્રાંટ આપવી એ ગવર્નરનાં નિર્ણય પર છે અને આપને જે સ્થળ માટે નાણાં જોઇએ છીએ તે યોગ્ય છે કે નહીં તેની ચકાસણી જેલ કરશે.

## હાઉસિંગ

જો આપ બેઘર હો તો જ્યારે આપને છોડવામાં આવે ત્યારે કેટલાંક એવા સંગઠનો છે જે આપને રહેઠાણ શોધવામાં મદદ કરી શકે છે. મોટભાગનાં રહેઠાણો હોસ્ટેલ અથવા વહેંચેલા ઘરોમાં હશે. જો આપની જેલમાં ગુનેગાર મેનેજર હોય તો તેઓ પણ આ અંગે આપની સાથે ચર્ચા કરશે.

આ અંગે મદદ માટે જેલમાં પુનર્વસન યુનિટને કહો.

કેટલીક જેલો NACRO દ્વારા આપવામાં આવતી સરળતાથી મેળવી શકાય તેવી માહિતીનાં ડેટાબેઝનો ઉપયોગ કરે છે. આપની જેલ જો આમ કરી શકે તેમ છે કે નહીં તે પૂછો. આ કોમ્પ્યૂટરમાંની માહિતી છે.

**હાઉસિંગ વિશે વધુ માહિતી**

NACRO એ ચેરિટી છે જે જેલમાં હોય તેવા લોકો સાથે કામ કરે છે.

આપ 0800 0181 259 નંબર પર તેમનો સંપર્ક કરી શકો છો.

શેલ્ટર એ એક ચેરિટી છે જે બેઘર લોકોને મદદ કરે છે.

આપ 0808 800 4444 નંબર પર શેલ્ટરનો સંપર્ક કરી શકો છો.

**નાણાં અને લાભો**

આપ **જોબસેન્ટર પ્લસ** દ્વારા લાભો માટે અરજી કરી શકો છો.

આપ જેલ છોડો તે **પહેલાં** લાભો માટે અરજી કરવા અંગે મદદ માટે આપની જેલમાં કામ કરતા જોબસેન્ટર પ્લસ અને બેનિફિટ સર્જરી સલાહકારોને પૂછી શકો છો.

જો આપ જેલ છોડો તે પહેલાં સલાહકારને મળી ન શકો તો જેલ છોડ્યા બાદ શક્ય તેટલી જલ્દી આપના જોબસેન્ટરને ફોન કરો અથવા ત્યાં જાઓ.

- તેમને કહો કે આપે **ફ્રેશસ્ટાર્ટ સ્કીમ** હેઠળ સલાહકારને મળવાની જરૂર છે. આ એવા લોકો માટેની સ્કીમ છે જેઓ જેલમાં છે.
- જેલમાંથી બહાર નીકળ્યાંનાં **7 દિવસની** અંદર આપે આનો ઉકેલ લાવવો જરૂરી છે. જેથી આપે જેલ છોડી હોય તે દિવસથી આપ લાભો માટે દાવો કરી શકો.

જ્યારે આપ આપની અપોઈન્ટમેન્ટ માટે જાઓ ત્યારે આપે **આપની સાથે** નીચે જણાવેલાં દસ્તાવેજો **લઈ જવાનાં** રહેશે

- આપના પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ અથવા જન્મનું પ્રમાણપત્ર જેવા ઓળખ (આઈડી)નાં નમૂનાઓ.
- આપનો રાષ્ટ્રીય વીમા નંબર (નેશનલ ઈન્સ્યોરન્સ નંબર).
- જેલ તરફથી સત્તાવાર પત્ર.

જો આપ આપના સ્થાનિક વિસ્તારમાં પાછા ન જવાના હો તો અથવા આ દસ્તાવેજો મિત્રો કે કુટુંબ પાસે હોય તો એ વાતની ખાતરી રાખો કે આપ તેને કેવી રીતે મેળવશો તેની ગોઠવણ કરશો. આપ જેલ છોડો તે **પહેલાં** આમ કરવામાં આવે તેની ખાતરી રાખો.

## આવક વેરો

જો આપની પાસે આપની છેલ્લી નોકરીમાંથી મળેલું ડ45 ફૉર્મ ન હોય તો આપ જેલ છોડો તે પહેલાં આપને ઈનલેન્ડ રેવન્યુ ફૉર્મ **P80-1** આપવામાં આવશે.

આપે આ ફૉર્મ ભરવાની અને આપની છેલ્લી નોકરી અંગે કાર્યવાહી કરનાર ટૅક્સ ઑફિસને મોકલવાનું રહેશે.

જૉબસીકર્સ એલાઉન્સ અને આવક સહાય માટે આપે તે ભરવાની જરૂર રહેશે.

જો આપ સ્વરોજગારી ધરાવવાનાં હો તો આપની સ્થાનિક ટૅક્સ ઑફિસનો સંપર્ક કરો.

## ગ્રાંટ અને લોન

જો આપ આવક સહાય અથવા આવક આધારિત જૉબસીકર્સ એલાઉન્સ મેળવવાના હો તો આપ **સમુદાય કાળજી ગ્રાંટ** પણ મેળવી શકો તેમ બની શકે છે.

જો આપની પાસે કોઇ કપડાં કે ફર્નિચર ન હોય તો આ ગ્રાંટ આપને મદદ કરવા માટે છે. આપ જેલમાં કેટલો સમય રહ્યા છો તે તેઓ ધ્યાનમાં લેશે. તેઓ એ પણ ધ્યાનમાં લેશે કે આપના કપડાં ચોરાયા છે, ખોવાયા છે કે નુકસાન થયું છે કે કેમ અથવા આપનું વજન વધ્યું છે કે ઓછું થયું છે કે જેથી આપના કપડાં ખરેખર ફિટ થતા નથી.

આપે આ ગ્રાંટ ભરપાઈ કરવાની જરૂર નથી.

## અન્ય ગ્રાંટ

જો આપ સમુદાય કાળજી ગ્રાંટ મેળવી ન શકો તો આપ **ક્રાઈસિસ લોન (કટોકટીનાં સમયની લોન)** મેળવી શકો તેમ બની શકે છે. આપે આ ગ્રાંટની પુનઃચૂકવણી કરવાની રહેશે. આ લોન ભરપાઈ ન થાય ત્યાં સુધી આપના લાભોમાંથી નાણાં સીધા કાપી લેવામાં આવશે.

### આપનું સ્વાસ્થ્ય

જો આપને આપના સ્વાસ્થ્ય અથવા દવા વિશે કોઈપણ ચિંતા હોય તો આપ ડૉક્ટર કે નર્સને મળવાનું કહી શકો છો.

ગેરકાનૂની ડ્રગ્ઝનો ઉપયોગ કરવો હંમેશા જોખમી હોય છે. જો આપ જેલમાં ગેરકાનૂની નશીલી દવાઓનો ઉપયોગ કરી રહ્યાં હો તો યાદ રાખો કે બહાર મળતી નશીલી દવાઓ કરતાં તેની તીવ્રતા કદાચ ઓછી હશે. જેલની બહાર આપના પર નશીલી દવાઓનાં ઓવરડોઝનું વધારે જોખમ હશે.

જો આપ નશીલી દવાઓની સમસ્યાઓ માટે સારવાર મેળવી રહ્યા હો તો આપની સારવાર ચાલુ રાખવા માટે આપને સમુદાય નશીલી દવાઓની સારવાર સેવાની ભલામણ કરવામાં આવશે.

### છૂટકારાનો સમય

આપના છૂટકારાનાં દિવસે આપ મોટેભાગે સવારે 8.45 વાગ્યા પહેલાં જેલ છોડશો.

જો આપના છૂટકારાની તારીખ શનિવાર કે રવિવારે આવતી હોય તો આપ તે પહેલાંનાં શુક્રવારે જેલ છોડશો.

જો આપના છૂટકારાની તારીખે બૅન્ક હોલિડેનાં દિવસે આવતી હોય તો આપ બૅન્ક હોલિડે પહેલાંનાં કામકાજનાં છેલ્લાં દિવસે જેલ છોડશો. સામાન્ય રીતે આ દિવસે શુક્રવાર હશે.

જો આપ પેરોલ પર બહાર આવી રહ્યાં હો અને આપના છૂટકારાની તારીખ શનિ–રવિનાં દિવસે હોય તો આપ સોમવારે જેલની બહાર આવશો. જો છૂટકારાની તારીખે બૅન્ક હોલિડેનાં દિવસે હોય તો આપ સામાન્ય રીતે બૅન્ક હોલિડે બાદ બહાર આવશો. આ દિવસે સામાન્ય રીતે મંગળવાર હશે.

### લાયસન્સ અને નિરીક્ષણ

જો આપની સજા 1 વર્ષથી વધુ હોય તો આપને લાયસન્સ પર છોડવામાં આવશે. યુવા ગુનેગારો **પાન નં 159** જુએ કારણ કે જો આપ 21 વર્ષથી ઓછી ઉંમરનાં હોય તો આપને લાયસન્સ મળશે. આપના લાયસન્સમાં જણાવેલી બાબતો આપે કરવાની રહેશે, જેમ કે ચોક્કસ જગ્યાએ રહેવું અને આપના ગુનેગાર મેનેજરને મળવું.

## ગેટ અરેસ્ટ (છૂટકારા બાદ ફરીથી ધરપકડ)

જો આપના છૂટકારા પર આપની ફરીથી ધરપકડ થવાની શક્યતા હોય તો આપ જેલ છોડો તે પહેલાં ગવર્નર દ્વારા આપને આ અંગે જાણ કરવામાં આવશે સિવાય કે પોલિસ એમ કહે કે આપે તે જાણવાની જરૂર નથી. જો ગવર્નર આપને કહે કે આમ થશે તો આપ આપના મિત્રો, કુટુંબીજનો અને આપના વકીલને જાણ કરી શકો છો.

## ગુનેગારોનાં પુનર્વસનનો કાયદો

આ કાયદો એવા ગુનાહિત દોષારોપણો અંગેનો છે જે અમુક સમયગાળા બાદ આપની નોંધમાંથી રદ કરવામાં આવી શકે છે.

આ સમયગાળાને **પુનર્વસન સમયગાળો** કહે છે.

- પુનર્વસન સમયગાળો એ જે તારીખે આપને દોષી જાહેર કરવામાં આવ્યા હોય તે સમયથી શરૂ થતો નિયત અંતરાલનો સમયગાળો છે.
- તે કેટલો લાંબો હશે તેનો આધાર આપને આપવામાં આવેલી સજા પર છે. આપે કરેલા ગુના અથવા આપ કેટલા સમયથી જેલમાં છો તેના પર તેનો આધાર નથી.
- જ્યારે દોષારોપણ દૂર કરવામાં આવે ત્યારે આપ નોકરી માટે અરજી કરો, વીમો મેળવો અથવા ગુનાહિત કે નાગરિક કાર્યવાહીઓમાં આપ સામેલ હો તે વખતે તેનો ઉલ્લેખ કરવાની આપે જરૂર નથી.
- એક વખત દોષારોપણ દૂર કરવામાં આવે ત્યારબાદ તે દૂર થયેલું રહે છે પછી ભલે બાદમાં આપ અન્ય ગુનાઓ માટે દોષી જાહેર થાઓ.

## 2 ½ વર્ષથી વધુ લાંબી સજા ક્યારેય રદ કરવામાં આવતી નથી.

આ કોષ્ટકો આપને બતાવે છે કે જુદી જુદી લંબાઈની સજા માટે પુનર્વસન સમયગાળો શું હોવાની સંભાવના છે.  આ એવી સજાઓ માટે છે જેમાં આપ જેલમાં જાઓ છો.

| **સજા** | **પુનર્વસન સમયગાળો<br>18 વર્ષ અને તેથી વધુ ઉંમરનાં લોકો માટે** | **પુનર્વસન સમયગાળો<br>18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકો માટે** |
|---|---|---|
| 2 ½ વર્ષથી વધુ | **આ ક્યારેય રદ કરવામાં આવતી નથી** | **આ ક્યારેય રદ કરવામાં આવતી નથી** |
| 6 મહિનાથી વધુ અને 2 ½ વર્ષ સુધી | 10 વર્ષ | 5 વર્ષ |
| 6 મહિના અથવા તેથી ઓછું | 7 વર્ષ | 3 ½ વર્ષ |
| દંડ, પ્રોબેશન, સમુદાય સેવા, વળતર, સંયોજન અને કર્ફ્યુ આદેશો | 5 વર્ષ | 2 ½ વર્ષ |
| સંપૂર્ણ ડિસ્ચાર્જ | 6 મહિના | 6 મહિના |

**કેટલીક સજાઓ માટે પુનર્વસન સમયગાળો વધતો ઓછો હોઈ શકે છે**

| **સજા** | **પુનર્વસન સમયગાળો<br>18 વર્ષ અને તેથી વધુ ઉંમરનાં લોકો માટે** | **પુનર્વસન સમયગાળો<br>18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકો માટે** |
|---|---|---|
| પ્રોબેશન, નિરીક્ષણ, કાળજી આદેશ, શરતી છૂટકારો અથવા કેસની કાર્યવાહી ખાતે હાજર થવાના બંધન સાથે આરોપીને અપાતા જામીન | 1 વર્ષ અથવા આદેશની મુદત પૂરી ન થાય (બંધ ન થાય) ત્યાં સુધી, બેમાંથી જે પહેલું થાય તે | 1 વર્ષ અથવા આદેશની મુદત પૂરી ન થાય (બંધ ન થાય) ત્યાં સુધી, બેમાંથી જે લાંબુ હોય તે |
| હાજરી કેન્દ્ર આદેશ, હૉસ્પિટલ આદેશો (અંકુશ હુકમ સાથે અથવા વિના) | આદેશની મુદત પૂરી થાય તેનાં 5 વર્ષ કે 2 વર્ષ બાદ (બેમાંથી જે લાંબુ હોય તે) | આદેશની મુદત પૂરી થયાનાં 1 વર્ષ બાદ |

## જ્યારે આપે રદ થયેલાં દોષારોપણો જાહેર કરવા પડે ત્યારે

આપ કેટલીક નોકરીઓ કરો તો આપે રદ થયેલાં દોષારોપણોનો ઉલ્લેખ કરવો **જરૂરી** છે.

- વકીલ
- ડૉક્ટર
- ડેન્ટિસ્ટ
- એકાઉન્ટન્ટ
- નર્સ
- કૅમિસ્ટ

**જો આપ બાળકો અને 18 વર્ષથી ઓછી ઉંમરનાં યુવાનો સાથે સંબંધિત કોઇપણ નોકરી માટે અરજી કરો અથવા કોઇપણ કામ માટે સ્વયંસેવક બનવાનું પસંદ કરો ત્યારે આપે રદ થયેલા દોષારોપણો જાહેર કરવા પડશે.**

જો આપ નીચેની નોકરીઓમાં કામ કરવા માંગતા હો તો આપે રદ થયેલા દોષારોપણોનો ઉલ્લેખ કરવો **જરૂરી** છે જેમ કે

- શસ્ત્રોનાં વિક્રેતા
- કેસિનો ઓપરેટર
- વીમ કંપનીઓ અને ટ્રસ્ટનાં નિર્દેશક અને મેનેજર
- નર્સિંગ હોમનાં મેનેજર
- કેટલીક નાગરિક સેવા નોકરીઓ
- સંરક્ષણ કૉન્ટ્રાક્ટરો

જો આપ નીચેના માટે પ્રમાણપત્રો મેળવવા અરજી કરો તો આપે રદ થયેલા દોષારોપણોનો ઉલ્લેખ **કરવો** પડશે

- બંદૂકો
- શોટગન
- વિસ્ફોટકો

જો આપ નોકરી માટે અરજી કરતાં હો અને અરજી પત્રકમાં આપને કોઇપણ **રદ ન થયેલાં** દોષારોપણો વિશે પૂછવામાં આવ્યું હોય તો આપે તેની જાહેરાત કરવી જોઇએ.

જો આપ તે જાહેર ન કતો અને તે વિશે ખબર પડે તો આપના નોકરીદાતાને તે વિશે ન કહેવા બદલ આપને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી શકે છે.

જો આપ વિદેશ સ્થળાંતર કરવાના હો તો દોષારોપણો જાહેર કરવા વિશે જે તે દેશમાં આ અંગે શું નિયમો છે તેની આપે તપાસ કરવી જોઇએ.  આપ જે તે દેશની એલચી કચેરીમાંથી આ માહિતી મેળવી શકો છો.

## ગુનાહિત નોંધો

રદ થયેલા અને રદ ન થયેલા તમામ ગુનાઓ આપની ગુનાહિત નોંધોમાં કાયમ રહે છે.  આ નોંધો પોલિસ નેશનલ ક્રોમ્પ્યૂટર પર હોય છે.

જો ઘણાં વર્ષો સુધી આપ પોલિસનાં ધ્યાનમાં ન આવ્યા હોય તો તેને દૂર કરવામાં આવી શકે છે.

**કેટલીક નોંધો ક્યારેય દૂર કરવામાં આવશે નહીં, પછી ભલે આપ ઘણાં વર્ષો સુધી પોલિસનાં ધ્યાનમાં આવ્યા ન હોય.  આપે કરેલા ગુનાને કારણે આમ કરવામાં આવે છે.**

# કામચલાઉ લાયસન્સ પર છૂટકારો

કામચલાઉ લાયસન્સ પર છૂટકારાનો અર્થ એ છે કે થોડા સમય માટે જેલમાંથી જવા દેવામાં આવે તે.

દાખલા તરીકે, નીચેના કારણોસર આપને કામચલાઉ લાયસન્સ પર છૂટકારો આપવામાં આવી શકે છે

- ✓ માતાપિતા અથવા સાથીદાર ગંભીર રીતે બિમાર હોય
- ✓ આપ આપની સજા પૂરી કરો ત્યારે સમુદાયમાં આપને ફરીથી ગોઠવાવામાં મદદ કરવા માટે

કામચલાઉ લાયસન્સ પર છૂટકારાને સામાન્ય રીતે ટૂંકમાં (Release on temporary licence = ROTL) કહે છે.

- ✗ દરેક વ્યક્તિને કામચલાઉ લાયસન્સ પર છૂટકારો (Release on temporary licence = ROTL) મળતો નથી.

તેના વિશે વધુ માહિતી **જેલ સેવા આદેશ 6300**માં છે.

દરેક વ્યક્તિને કામચલાઉ લાયસન્સ પર છૂટકારો (Release on temporary licence = ROTL) મળતો નથી. નીચે જણાવેલા કેદીઓ કામચલાઉ લાયસન્સ પર જેલ છોડી શકતા **નથી**

- વર્ગ A અથવા ભાગેડુની યાદીમાં હોય તે.
- કાચા કામનાં અને ગુનો સાબિત થયો હોય તેવા કેદીઓ પરંતુ હજી સજા સંભળાવવામાં આવી ન હોય.
- પ્રત્યારોપણ કાર્યવાહીને આધીન હોય તે – અન્ય દેશ દ્વારા વૉન્ટેડ હોય કારણ કે તેમણે ત્યાં કોઇ ગુનો આચર્યો હોઇ શકે છે.
- સજા મળી હોય, પરંતુ વધુ ગુનાઓને કારણે રિમાંડ પર હોય અથવા અન્ય દોષારોપણો માટે સજા મળવાની રાહ જોઇ રહ્યા હોય.
- વર્ગ Bનાં કેદીઓ પુનર્વસન દિવસ અથવા રાતોરાત છૂટકારો મેળવી શક્શે નહીં પરંતુ કુટુંબનાં નજીકનાં સભ્ય મરણપથારીએ હોય તો તેમને જવાની મંજૂરી આપવામાં આવી શકે છે.
- જો આપ સજા કાપી રહ્યા હોય અને જપ્તીનાં આદેશ સામે નાણાં ન ચૂકવવા બદલ વધારાની સજા મેળવો તો આપ આપની મૂળ સજા પર નહીં પરંતુ આ બીજી સજા દરમિયાન જ કામચલાઉ લાયસન્સ પર છૂટકારો (Release on temporary licence = ROTક) મેળવી શકો છો.
- જન્મટીપની સજા ભોગવી રહેલાં કેદીઓ જો ખુલ્લી કે અર્ધ–ખુલ્લી જેલોમાં હોય તો જ કામચલાઉ લાયસન્સ પર તેમને છોડવામાં આવશે.
- બંધ પરિસ્થિતિઓમાં જન્મટીપની સજા ભોગવી રહેલાં કેદીઓ જો ખુલ્લી કે અર્ધ–ખુલ્લી જેલોમાં રહેતા હોય પરંતુ તબીબી કારણોસર તેમને ખસેડી ન શકાય તો કામચલાઉ લાયસન્સ પર તેમને છોડી શકાશે.

## જો ગવર્નર માનતા હોય કે આપને જેલમાંથી બહાર જવા દેવા સલામત છે તો લાયસન્સનાં 4 મુખ્ય પ્રકારો છે

### ખાસ હેતુ માટેનું લાયસન્સ

આ લાયસન્સ થોડાં કલાકો માટે હોય છે અને નીચેના હેતુઓ માટે આપવામાં આવે છે

- મરણપથારીએ પડેલા સંબંધીઓ જેઓ નજીકનાં કુટુંબીજનો છે તેમની મુલાકાત લેવા
- નજીકનાં કુટુંબીજનોની અંતિમક્રિયામાં જવા માટે
- લગ્નો અથવા ધાર્મિક સેવાઓ માટે
- તબીબી સારવાર માટે – હૉસ્પિટલની એપોઇન્ટમેન્ટ કે સારવાર જેટલા સમય માટે
- અદાલત, ટ્રિબ્યુનલ અથવા પૂછપરછ માટે જવું.

### પુનર્વસનનાં દિને છૂટકારાનું લાયસન્સ

આ નીચેના હેતુઓ માટે છે

- સમુદાય સેવા પ્રોજેક્ટમાં ભાગ લેવો અથવા છૂટકારા માટે તૈયાર થવા આપની સજાના ભાગરૂપે જેલની બહાર આપે કરવી પડે તેવી અન્ય બાબતો
- આપના કુટુંબ સાથે સંપર્કમાં રહેવા
- જીવન અને કામની આવડતો વિશે તાલીમ અને શિક્ષણ અભ્યાસક્રમો માટે.

### પુનર્વસનનાં દિને રાતોરાત છૂટકારા માટેનું લાયસન્સ

દિવસનાં સમયે છૂટકારા જેવી બાબતો માટે જ આ છે પરંતુ એક વખત આપને જેલમાંથી છોડવામાં આવે ત્યારબાદ આપ જે સ્થળે રહેવાનાં હો ત્યાં આપના માટે સમય વીતાવવા માટે પણ છે.

### બાળસંભાળ પુનર્વસન લાયસન્સ

આ એવા ચોક્કસ કેદીઓ માટે છે જેઓ 16 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકનાં એકમાત્ર પિતા કે માતા અથવા કાળજીદાતા છે. આ રજા દર 2 મહિને એક વખત એટલે કે વર્ષમાં 6 વખત લઈ શકાય છે.

## કસ્ટડીનો અંત લાયસન્સ સ્કીમ (End of custody licence = ECL)
### આ એક કામચલાઉ સ્કીમ છે જે 2007માં શરૂ થઈ હતી.

- ✓ આ એવા તમામ કેદીઓ માટે છે જેઓ યોગ્ય છે અને જેમની સજા 4 અઠવાડિયા કે તેથી વધુ છે પરંતુ 4 વર્ષથી ઓછી છે.

- ✓ કસ્ટડીનો અંત લાયસન્સ સ્કીમનો અર્થ એ છે કે આપનો છૂટકારો જે તારીખે આપોઆપ થવાનો હોય તેનાં 18 દિવસ પહેલાં આપને છોડવામાં આવી શકે છે.

  - ✗ કેટલાંક લોકો કસ્ટડીનો અંત લાયસન્સ (End of custody licence = ECL) મેળવી શક્શે નહીં.

**જેલ સેવા સૂચના 42/2007**માં આ અંગે વધુ માહિતી છે. જેલના પુસ્તકાલયમાં તે હશે.

જો આપને કસ્ટડીનો અંત લાયસન્સ (End of custody licence = ECL) પર છોડવામાં આવે તો આપે આપની સજાનાં નિયમોનું પાલન કરવું પડશે. જો આપ લાયસન્સની શરતો (નિયમો) તોડો તો આપને જેલમાં પાછા લાવવામાં આવશે.

જો આપને આ સ્કીમ હેઠળ છોડવામાં આવે તો આપ થોડી નાણાંકીય મદદ મેળવી શકો છો. આપના છૂટકારાની મૂળ તારીખ ન આવે ત્યાં સુધી આપ લાભોનો દાવો કરી શકશો નહીં.

દાખલા તરીકે, જો આપને પહેલી માર્ચનાં દિવસે આ સ્કીમ હેઠળ છોડવામાં આવ્યા હોય પરંતુ આપની સજા 18 માર્ચનાં રોજ પૂરી થવાની હોય તો આપ 18 માર્ચ સુધી લાભોનો દાવો કરી શકો નહીં.

કસ્ટડીનો અંત લાયસન્સ (End of custody licence = ECL) હેઠળ જેમને છોડી **ન શકાય** તેવા કેદીઓ

- નોંધાયેલા જાતિય ગુનેગારો.
- ગંભીર ગુના માટે સજા કાપી રહેલાં કેદીઓ.
- અગાઉ કસ્ટડીમાંથી ભાગી છૂટેલાં કેદીઓ.
- અગાઉ કામચલાઉ છૂટકારાની કોઉપણ શરતો તોડનાર કેદીઓ.

**કસ્ટડીનાં અંત લાયસન્સ (End of custody licence = ECL)** હેઠળ છોડી ન શકાય તેવા કેદીઓ વિશે વધુ માહિતી

- જેમના રહેવાનાં સ્થળની ગોઠવણ થઈ ન હોય તેવા કેદીઓ.
- સજાનાં અંતે જેમને તડીપાર કરવામાં આવશે તેવા કેદીઓ.
- જેમનું પ્રત્યાર્પણ થવાનું છે તેવા કેદીઓ.
- વધુ આરોપો બદલ રિમાંડ પર હોય તેવા અથવા અન્ય કંઈક ગુના બદલ સજાની રાહ જોઈ રહ્યા હોય તેવા કેદીઓ.
- ઘર અટકાયત કર્ફ્યુ અથવા અન્ય લાયસન્સ પરથી જેમને જેલમાં પાછા બોલાવવામાં આવ્યા હોય તેવા કેદીઓ.
- જ્યારે છોડવામાં આવે ત્યારે જેનું પાલન કરવું જોઈએ તેવા સારવાર કાર્યક્રમ પર હોય તેવા કેદીઓ, સિવાય કે આપના ગુનેગાર મેનેજર અન્ય યોગ્ય સમય માટે તેની ગોઠવણ કરી શકે.

# છૂટકારો અને નિરીક્ષણ

છૂટકારા અને નિરીક્ષણ સાથે સંબંધિત ઘણાં ટૂંકાક્ષરો છે

- સજાની મુદત વીત્યાની તારીખ (Sentence Expiry Date = SED)
- લાયસન્સની મુદત વીત્યાની તારીખ (Licence Expiry Date = LED)
- સજા અને લાયસન્સની મુદત વીત્યાની તારીખ (Sentence and Licence Expiry Date = SLED)
- આપોઆપ શરતી છૂટકારો (Automatic Conditional Release = ACR)
- વધારાના ઉમેરેલા દિવસો (Additional Days Added = ADA)
- તમામ હેતુઓ માટેનું લાયસન્સ (All Purpose Licence = AP)
- ઘર અટકાયત કર્ફ્યુ (Home Detention Curfew = HDC)
- આપોઆપ છૂટકારાની તારીખ (Automatic Release Date = ARD)
- બિન–પેરોલ તારીખ (Non-Parole Date = NPD)
- શરતી છૂટકારાની તારીખ (Conditional Release Date = CRD)

નિરીક્ષણ સાથે કે વિના આપને જે તારીખે છોડવામાં આવે અને તે નિરીક્ષણ કેટલા સમય સુધી ચાલશે તેનો આધાર આપની સજાની લંબાઈ અને આપને ક્યારે ગુનેગાર જાહેર કરવામાં આવ્યા હતા તેના પર છે.

આ જરા ગૂંચવાડાભર્યું છે.

જો આપને કોઈપણ પ્રશ્નો હોય તો આપે જેલ સ્ટાફ અથવા ગુનેગાર મેનેજરને પૂછવું જોઇએ.

## ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC)

3 મહિનાથી માંડીને 4 વર્ષ સુધીની સજા કાપી રહેલા કેદીઓને ઘર અટકાયત કર્ફ્યુ હેઠળ વહેલાછોડવામાં આવી શકે છે. આને ટેગિંગ કહે છે.

આનો અર્થ એ છે કે આપ એક ઈલેક્ટ્રોનિક ટેગ ધરાવશો જેનો ઉપયોગ આપના પર નજર રાખવા માટે કરવામાં આવશે.

આપ ક્યાં જઈ શકો અને કયા સમયે આપે ઘરે પાછા આવવાનું છે તે અંગે આપે કેટલાક નિયમોનું પાલન કરવાનું રહેશે.

**ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) વિશે વધુ માહિતી**

જો આપને ઘર અટકાયત કર્ફ્યુ પર છોડવામાં આવે તો આપ જ્યારે જેલ છોડો ત્યારે આપની પાસે ક્યાંક રહેવાની જગ્યા **હોવી જોઇશે.** જો આપની પાસે રહેવા માટે કોઇ જગ્યા ન હોય તો **ક્લિઅરસ્પ્રિંગ્ઝ રહેઠાણ અને સહાય સેવા** આપને ક્યાંક રહેવા માટે વ્યવસ્થા કરી આપી શકે કે કેમ તે આપ પૂછી શકો છો.

તેઓ આપને નાના ઘર કે ફ્લૅટમાં ક્યાંક રહેવાની વ્યવસ્થા કરી આપી શકે છે. એ કોઇ એવી જગ્યા હોઈ શકે છે જ્યાં આપે 4 અન્ય લોકો સાથે રહેવું પડી શકે છે. આપે રસોઇ, સાફસફાઈ કરવાની રહેશે અને ભાડું ચૂકવવાનું રહેશે.

ક્લિઅરસ્પ્રિંગ્ઝ હાઉસિંગ તરફથી આપવામાં આવેલું ઘર આપ ઘર અટકાયત કર્ફ્યુ પર હો તેટલા સમય પૂરતું જ છે.

આપે જેલમાં આપની સજાનો ચોથો ભાગ અથવા 30 દિવસો (બેમાંથી જે લાંબુ હોય તે) બચાવવાના રહેશે.
આપ 135 દિવસો (સાડા ચાર મહિના) સુધી ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) પર રહી શકો છો.

ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) આપના માટે યોગ્ય રહેશે કે કેમ તે સ્ટાફ તપાસશે. જો આપ જેલમાંથી બહાર આવો તો અન્ય લોકો માટે સલામત છો કે કેમ તેના પર આનો આધાર રહેશે.

આપને ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) પર **ન** રાખવામાં આવે તેવું આપ પસંદ કરી શકો છો.

જો આપને ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) ન આપવામાં આવે તો આપ તેની સામે અપીલ કરી શકો છો. આમ કરવા માટે ફરિયાદ વિધિનો ઉપયોગ કરો.

આપના કાબૂમાં ન હોય તેવા કારણોસર આપ આપનો કર્ફ્યુ તોડો તો, જેમ કે આપ જે સરનામે રહેવા માટે સંમત થયા હો ત્યાં રહેવાનું ચાલુ રાખવું શક્ય ન હોય, તો આપ ફરીથી ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) પર આપને રાખવા માટે કહી શકો છો.

જો આપને આપનો ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) તોડવા બદલ જેલમાં પાછાં બોલાવવામાં આવે તો ભવિષ્યમાં આપને ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) પર છોડવામાં ન આવે તેમ બની શકે છે. આપ 1991 અથવા 2003નાં ગુનાહિત ન્યાય કાનૂન હેઠળ આવો છો કે નહીં તેના પર આનો આધાર રહેશે. જો આપને ખાતરી ન હોય તો સ્ટાફનાં સભ્ય સાથે વાત કરો.

**ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) વિશે વધુ માહિતી**

જો આપને જેલમાં પાછા બોલાવવામાં આવે તો આપ તેની સામે અપીલ કરી શકો છો.

કેટલાંક કેદીઓને **ક્યારેય** ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) આપવામાં આવશે **નહીં.** દાખલા તરીકે

- એવા કેદીઓ જેમણે સેક્સ ગુનેગાર રજીસ્ટરમાં સહી કરવી પડતી હોય.
- હિંસક અને સેક્સ ગુનેગારો જેઓ હાલમાં લંબાવેલી સજા પર છે.
- કામચલાઉ લાયસન્સ પર છૂટકારા બાદ પાછા ન આવતાં કેદીઓ.
- હૉસ્પિટલનાં આદેશ, હૉસ્પિટલની સૂચના કે બદલીની સૂચના પર જેલમાં આવેલા કેદીઓ.
- કર્ફ્યુ આદેશનું પાલન ન કરવા બદલ સજા કાપી રહેલાં કેદીઓ.
- ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC)ની શરતોનું પાલન ન કરવા બદલ જેલમાં પાછા બોલાવવામાં આવેલા કેટલાંક કેદીઓ.
- યુકેમાંથી જેમને દૂર કરવામાં આવે તેવા કેદીઓ.
- કેટલાંક કેદીઓ જેમની સજાનો 'જોખમ પરનો' સમયગાળો પૂરો થાય તે પહેલાં ગુનો આચરવા બદલ જેલમાં કોઇપણ સમયે પાછા ફર્યા હોય.
- એવા કેદીઓ, જેમની સજાનાં સમયે, સજા અડધી પૂરી થાય તે પહેલાં 14 દિવસથી ઓછો સમય બાકી રહ્યો હોય.
- કેદીઓ જેમણે દંડ ચૂકવ્યો નથી અથવા અદાલતે તેમને જે કરવાનું કહ્યું હોય તે કર્યું નથી (અદાલતની અવહેલના).

**જેલ સેવા આદેશ 6700**માં વધુ માહિતી છે.

## પેરોલ

**જન્મટીપ અથવા જાહેર રક્ષણ માટે અચોક્કસ મુદતની સજા જેવી લાંબી સજા કાપી રહેલાં કેદીઓ માટે પેરોલ વિશે અલગ માહિતી છે.** આ માહિતી માટે જેલ સ્ટાફ અથવા આપના ગુનેગાર મેનેજરને પૂછો.

- ✓ આપની સજા પૂરી થાય તે પહેલાં પ્રોબેશન સેવાનાં નિરીક્ષણ હેઠળ આપને જેલમાંથી વહેલી છૂટકારા આપવામાં આવે ત્યારે તેને પેરોલ કહે છે.
- ✓ આપને છોડી શકાય તેની વહેલામાં વહેલી તારીખનાં 6 મહિના પહેલાં આપ પેરોલ માટે અરજી કરી શકો (વિનંતી કરી શકો) છો.
- ✓ પેરોલ વિશેનાં મોટાભાગનાં નિર્ણયો પેરોલ બૉર્ડ તરીકે ઓળખાતાં લોકોનાં સ્વતંત્ર સમૂહ દ્વારા લેવામાં આવે છે.
- ✓ પેરોલ અંગેનાં નિયમો યુકેનાં નાગરિકો હોય અથવા વિદેશી નાગરિકો હોય તેવા કેદીઓ માટે અલગ હોય છે.
- ✓ જો આપને આપના પેરોલ વિશે માહિતી જોઈતી હોય તો આપ જેલમાં પેરોલ ક્લાર્કને કહી શકો છો.

## યુકેનાં નાગરિકો હોય તેવા કેદીઓ માટે પેરોલ

આપને લાયસન્સ હેઠળ જેલમાંથી છોડવાનો પેરોલ એક માર્ગ છે. **જુઓ પાન નં 136.**

મોટાભાગનાં કેદીઓ માટે, પેરોલ અંગે **પેરોલ બૉર્ડ** તરીકે ઓળખાતાં લોકોનાં સમૂહ દ્વારા સંમતિ આપવામાં આવે છે. આ બૉર્ડ એ જેલ સેવા કે ન્યાય મંત્રાલયનો ભાગ નથી. તેઓ સંપૂર્ણપણે સ્વતંત્ર છે.

આપને પેરોલ પર છોડી શકાય કે નહીં તેનો નિર્ણય લેવા માટે બૉર્ડ નીચેની બાબતો જુએ છે

- ✓ જેલ સ્ટાફનાં અહેવાલો.
- ✓ પ્રોબેશન સ્ટાફનાં અહેવાલો.
- ✓ આપના મૂળ ગુનાની વિગતો (શા માટે આપને જેલમાં મોકલવામાં આવ્યા હતાં).
- ✓ જેલમાં આપનું વર્તન.
- ✓ જો આપ મિત્રો અને કુટુંબનો સહકાર ધરાવતા હો અને આપની પાસે રહેવા માટેનું સ્થળ હોય તો.
- ✓ આપના છુટકારા માટેનું શું આયોજન છે – આપને નોકરી મળી છે? તેના જેવી બાબતો

**યુકેનાં નાગરિકો માટે પેરોલ વિશે વધુ માહિતી**

આપની સજા અડધી થવા આવે તેના 6 મહિના પહેલાં આપ પેરોલ માટે અરજી કરી શકો (વિનંતી કરી શકો) છો. આપને પેરોલ પર છોડી શકાય તે તારીખને પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED) કહે છે.

જો આપ પેરોલ માટે અરજી કરવા માંગતા ન હો તો આપે તેમ કરવાની જરૂર નથી.

આપની પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED)નાં 4 **મહિના** પહેલાં આપને પૂછવામાં આવશે કે શું આપ પેરોલ બૉર્ડને મોકલવામાં આવનારા તમામ અહેવાલો જોવા માંગો છો કે કેમ. આને આપના **પેરોલ દસ્તાવેજોનો સેટ** કહે છે.

આપ શા માટે પેરોલ મેળવવા માંગો છો અને જો આપને છોડવામાં આવે તો આપ શું કરશો તે અંગે આપને લખવામાં મદદ કરવા માટે આપ આ અહેવાલોનો ઉપયોગ કરી શકો છો.

આપની પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED)નાં **2 મહિના** પહેલાં આપના કેસની તપાસ કરવા માટે પેરોલ બૉર્ડમાંથી કેટલાંક લોકો મળશે. આ નાના સમૂહને **પેનલ** કહે છે.

તેઓ તેમનો આખરી નિર્ણય લે તે પહેલાં આપની સાથે વાત કરવા માંગતા હોય તેમ બની શકે છે.

આપને આ બેઠકની તારીખ અને સમય કહેવામાં આવશે. આપ પેનલનાં 1 સભ્યને મળશો.

આ બધાનો ઉકેલ લાવવામાં આવવો જોઇએ જેથી આપની પેરોલ લાયકાત તારીખ પહેલાં આપ પેરોલ બૉર્ડ તરફથી નિર્ણય મેળવો.

પેરોલ પર આપના બહાર આવવાથી જનતા પરનાં જોખમ અને આપને મળનારા લાભો વિશે પેરોલ બૉર્ડ વિચારશે.

| **શું** | **ક્યારે** |
|---|---|
| પેરોલ માંગવા | **આપની પેરોલ લાયકાત તારીખનાં 6 મહિના પહેલાં** |
| પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED) | **આપને પેરોલ પર છોડી શકાય તેની વહેલામાં વહેલી તારીખ** |
| આપના પેરોલ અંગેનાં દસ્તાવેજોનો સેટ જુઓ અને આપને શા માટે પેરોલ જોઇએ છે તે અંગે લખો | આપની પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED)નાં **4 મહિના** પહેલાં |
| પેરોલ બૉર્ડ તરફથી પેનલ મળે છે | આપની પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED)નાં **2 મહિના** પહેલાં |
| પેનલમાંથી કોઇ વ્યક્તિ સાથે બેઠક | આ 2 મહિના દરમિયાન ક્યારેક |
| પેરોલ બૉર્ડનો નિર્ણય મેળવવો | આપની પેરોલ લાયકાત તારીખ (Parole Eligibility Date = PED) પહેલાં પૂરતા સમયમાં જેથી આપ આપના પેરોલ મેળવવા માટે તૈયાર થઈ શકો. |

## આપના પેરોલ વિશે માહિતી મેળવવી

પેરોલ બૉર્ડ આપના પેરોલ વિશે નિર્ણય લે કે તરત આપને અને જેલને જાણ કરવામાં આવશે.

આમાં 2 અપવાદો છે

1. જો આપની 15 વર્ષ કે તેથી વધુ સમયની સજા કાપી રહ્યા હો.
2. જો આપને 1 ઑક્ટોબર 1992 પહેલાં સજા આપવામાં આવી હોય.

જો આમ હોય તો પેરોલ બૉર્ડે સેક્રેટરી ઑફ સ્ટેટને જાણ કરવાની રહેશે કે તેઓ આ અંગે શું માને છે. સેક્રેટરી ઑફ સ્ટેટ ત્યારબાદ આપના પેરોલ વિશે નિર્ણય લેશે.

## જો આપના પેરોલ નકારવામાં (ન આપવામાં) આવે તો

પેરોલ બૉર્ડે શા માટે આપના પેરોલ નકાર્યા તેના કારણો લેખિતમાં મૂકવામાં આવશે અને જેલને મોકલવામાં આવશે. આપ તેની નકલ જોઇ શકો છો.

આપ આ નિર્ણય સાથે સંમત ન હો તો પણ આ તેની સામે અપીલ કરી **શકશો નહીં.**

જો આપને લાગે કે આપની અરજી યોગ્ય રીતે હાથ ધરવામાં આવી ન હોય તો આપ આ બાબતે ફરિયાદ કરી **શકો છો.**

ફરિયાદો વિશે આપ વધુ માહિતી **પાન નં 110**માં મેળવી શકો છો.

દાખલા તરીકે, જો આપ નીચેની બાબતો અનુભવતા હો તો આપ ફરિયાદ કરી શકો છો

- પેરોલ માટે આપની વિનંતીને સમર્થન આપવા માટેની તમામ માહિતી પેરોલ બૉર્ડને મોકલવામાં આવી નહોતી.
- પેરોલની વિનંતીઓ માટેની વિધિઓ (કઈ રીતે કેટલીક બાબતો કરવામાં આવે છે તે)નું યોગ્ય પાલન કરવામાં આવ્યું નહોતું.

જો આપને લાગે કે નિર્ણય ખોટો છે તો આપે વકીલને વાત કરવી જોઇએ.

**પેરોલ નકારવા વિશે વધુ માહિતી**

જો આપના પેરોલ નકારવામાં આવ્યા હોય તો આપ દર વર્ષે આપના કેસની સમીક્ષા કરાવી શકો છો. આપની બિન–પેરોલ તારીખ (Non-Parole Date = NPD) પહેલાં આપે કેટલી સજા કાપવાની બાકી રહી છે તેના જેવી બાબતો પર આનો આધાર રહેશે.

આપને વહેલી અથવા ખાસ સમીક્ષા પણ આપવામાં આવી શકે છે. આનો અર્થ એ છે કે પેરોલ માટે આપની વિનંતી પર ફરીથી પહેલાં કરતા પણ જલ્દી ધ્યાન આપવામાં આવશે.

- વહેલી અથવા ખાસ સમીક્ષાઓ વારંવાર આપવામાં આવતી નથી.
- તેનો ઉપયોગ મોટેભાગે આપ રોજગારી, નશીલી દવાઓના પુનર્વસન વગેરે જેવા અભ્યાસક્રમોમાં કેવી પ્રગતિ કરી રહ્યા છો તે ચકાસવા માટે થાય છે.
- આપની સજાનાં અંત પહેલાં જો પેરોલ માટેની આપની વિનંતીની સમીક્ષા કરવા માટે પૂરતો સમય ન હોય તો પણ આપને ખાસ સમીક્ષા આપવામાં આવી શકે છે.

## પેરોલ અને વિદેશી નાગરિકત્વ ધરાવતાં કેદીઓ

વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદીઓ માટેના પેરોલમાં 2 મોટા તફાવતો છે

- જો આપ પેરોલ માટે લાયક ઠરો તો તે માટે આપને આપોઆપ ધ્યાન પર લેવામાં આવશે. આપને પસંદગી મળતી નથી.

- પેરોલ વિશેનાં નિર્ણયો જેલનાં ગવર્નર દ્વારા લેવામાં આવે છે. પરંતુ જો આપના પર જાતિય કે હિંસક ગુનાનાં આરોપી જાહેર થયા હો તો ન્યાય મંત્રાલય નિર્ણય લેશે.

જો આપ વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદી હો તો વહેલી હકાલપટ્ટી સ્કીમ હેઠળ આપને આપના દેશમાં પાછા લઈ જવામાં આવી શકે છે. **જુઓ પાન નં** 151.

### યુવા ગુનેગાર સંસ્થા નિરીક્ષણ - જુઓ પાન નં 159

જો આપની સજા 12 મહિનાથી ઓછી હોય તો છૂટકારા પર આપ ઓછામાં ઓછા 3 મહિનાનાં નિરીક્ષણ હેઠળ રહેશો, પછી ભલે આપની સજા ભલે ગમે તેટલી ટૂંકી હોય.

- આપે આપના પ્રોબેશન ગુના મેનેજરને નિયમિતપણે રિપોર્ટ આપવાની જરૂર પડશે.
- નિરીક્ષણ 3 મહિને અથવા જ્યારે આપનો 22મો જન્મદિન આવે બેમાંથી જે પહેલું થાય તે દિવસે પૂરું થશે.
- જો આપ આપના નિરીક્ષણની શરતો તોડો તો આપને દંડ થઈ શકે છે અથવા જેલમાં વધુ 30 દિવસોની સજા થઈ શકે છે.

## પુખ્ત વયનાં લોકો માટે 12 મહિના સુધીની સજા

આપનો છૂટકારો બિનશરતી હશે (AUR).
ગુનેગાર મેનેજર દ્વારા આપનું નિરીક્ષણ કરવામાં આવશે **નહીં.**
આપને નોટિસ તરીકે ઓળખાતી માહિતી આપવામાં આવશે. નોટિસમાં સમજાવવામાં આવ્યું હશે કે આનો શું અર્થ છે અને આપે તેમાં સહી કરવાની રહેશે.


- **જો આપે 4 એપ્રિલ 2005 પહેલાં ગુનો આચર્યો હોય તો પાન નં 146 પર શરૂ થતો વિભાગ વાંચો.**
- **જો આપે 4 એપ્રિલ 2005નાં રોજ કે ત્યારબાદ ગુનો આચર્યો હોય તો પાન નં 148 પર શરૂ થતો વિભાગ વાંચો.**

## ➢ 4 એપ્રિલ 2005 પહેલાનાં ગુનાઓ

**મુખ્ય મુદ્દાઓ**

| **સજાની લંબાઈ** | **છૂટકારાનો પ્રકાર** |
|---|---|
| 12 મહિનાથી 4 વર્ષ | આપોઆપ શરતી છૂટકારો (Automatic Conditional Release = ARC) |
| 4 વર્ષ અને વધુ | .સજાનો અંત અથવા પેરોલ |
| લંબાવવામાં આવેલી સજા | સજાનો અંત અથવા પેરોલ પરંતુ લાયસન્સ પર તે વધુ લાંબી હશે. |

### 12 મહિનાથી વધુ પરંતુ 4 વર્ષથી ઓછી (4 એપ્રિલ 2005 પહેલાં)

- આપ આપની સજા લગભગ પૂર્ણ ન કરો ત્યાં સુધી લાયસન્સ અને નિરીક્ષણ ચાલશે – સજાનાં ત્રણ ચતુર્થાંશ હિસ્સા સુધી.
- જાતિય ગુનાઓ દોષી જાહેર થયા હોય તેવા કેટલાંક કેદીઓનું તેમની સજાનાં અંત સુધી નિરીક્ષણ કરવામાં આવે છે.
- લવાદી પ્રક્રિયા વખતે આપવામાં આવેલા વધારાનાં કોઈપણ ઉમેરેલા દિવસો (additional days added = ADAs) ઉમેરવામાં આવશે. **જુઓ પાન નં 89.**
- જે તારીખે આપનું લાયસન્સ પૂરું થાય છે તેને લાયસન્સની મુદત વીત્યાની તારીખ કહે છે.
- જો આપ આપના લાયસન્સને વળગી ન રહો તો આપને જેલમાં પાછાં લાવવામાં આવી શકે છે.
- આપની સજાની મુદત વીત્યાની તારીખ પહેલાં આપ વધુ એક ગુનો આચરો તો અદાલત આપને ફરીથી જેલમાં મોકલી શકે છે.

આપના છૂટકારા પહેલાં જ આપને આપોઆપ શરતી છૂટકારાનું લાયસન્સ આપવામાં આવશે.

આ આપના લાયસન્સની શરતો સમજાવે છે અને આપને આપના નિરીક્ષક અધિકારીનું નામ અને સરનામું આપે છે.

શરતો આ મુજબ હશે

- ગુનેગાર મેનેજરને નિયમિત રિપોર્ટ આપતા રહેવું.
- માન્ય સરનામે રહેવું.
- આપના ગુનેગાર મેનેજર તરફથી મુલાકાતો મેળવવી.
- તકલીફો ઊભી ન કરવી.

જો આપ આપના લાયસન્સની શરતો તોડો તો આપને જેલમાં પાછાં બોલાવવામાં આવી શકે છે.

આપને જેના માટે જેલમાં મોકલવામાં આવ્યા હોય તેવો ગુનો આપે **1 જાન્યુઆરી 1999 પહેલાં** કર્યો હોય અને આપ આપના લાયસન્સનો ભંગ કરો તો આનો ઉકેલ અદાલતો દ્વારા લાવવામાં આવશે.

આપને જેના માટે જેલમાં મોકલવામાં આવ્યા હોય તેવો ગુનો આપે 1 **જાન્યુઆરી** 1999 **પછી** કર્યો હોય અને આપ આપના લાયસન્સની સમજૂતીનો ભંગ કરો તો આપને પાછા બોલાવવા માટે પ્રોબેશન સેવાએ ન્યાય મંત્રાલયને અરજી કરવાની રહેશે.

## 4 વર્ષ અને વધુ (4 એપ્રિલ 2005 પહેલાં)

- જ્યારે આપને પેરોલ અથવા આપની બિન–પેરોલ તારીખ પર છોડવામાં આવે ત્યારે આપ આપની સજા લગભગ પૂરી ન કરો ત્યાં સુધી લાયસન્સ અને નિરીક્ષણ ચાલશે – જે સજાનો ત્રણ ચતુર્થાંશ ભાગ છે.

- કેટલાંક સેક્સ ગુનેગારો માટે લાયસન્સ અને નિરીક્ષણ આપની સજાનાં અંત સુધી ચાલે છે.

- આપની સજાની મુદત વીત્યાની તારીખ ન આવે ત્યાં સુધી આપ જોખમ પર હશો.

## લંબાવવામાં આવેલી સજા (4 એપ્રિલ 2005 પહેલાંનાં ગુનાઓ)

લંબાવવામાં આવેલી સજાનાં 2 ભાગો છે

- જેલમાં રહ્યાનો સમય.
- લાયસન્સ પર રહ્યાનો સમય.

દાખલા તરીકે

જો આપની સજા 4 વર્ષની હોય, જેમાં જેલમાં 2 વર્ષ અને લાયસન્સ પરનાં 2 વર્ષનો સમાવેશ થાય છે.

આપ 2 વર્ષનો અડધો સમય જેલમાં વીતાવશો – એટલે કે 1 વર્ષ. ત્યારબાદ આપે લાયસન્સ પર 6 મહિના રહેવાનું થશે જે જેલમાં આટલી લંબાઈના સમય માટે સામાન્ય છે, વત્તા લાયસન્સ પર વધારાનાં 2 વર્ષો. આમ આપની સજા 4 વર્ષે પૂરી થાય છે.

જો આપની સજા 4 વર્ષ કે વધુ હોય તો પેરોલ બૉર્ડ દ્વારા વહેલા છૂટકારાનો નિર્ણય લેવામાં આવશે અને આપે આપની અડધી સજા પૂરી કર્યા બાદ તે કોઈપણ સમયે થઈ શકે છે.

જો આપ આપના લાયસન્સની શરતો તોડો તો આપને જેલમાં પાછા બોલાવવા માટે આપના ગુનેગાર મેનેજર અરજી કરી શકે છે.

## ➢ 4 એપ્રિલ 2005નાં રોજ અથવા ત્યારબાદ આચરવામાં આવેલા ગુનાઓ

## 12 મહિના અથવા તેથી વધુ સમયની પરંતુ 4 વર્ષથી ઓછી હોય તેવી પ્રમાણિત સજાઓ (4 એપ્રિલ 2005નાં રોજ કે ત્યારબાદ આચરવામાં આવેલા ગુનાઓ માટે)

આપને તમામ હેતુઓ માટેના લાયસન્સ પર છોડવામાં આવશે. આપની સજા પૂરી ન થાય ત્યાં સુધી આપ લાયસન્સ પર અને નિરીક્ષણ હેઠળ હશો (Sentence and Licence Expiry Date = SLED).

આપને છોડવામાં આવે તેની થોડી ક્ષણો પહેલાં આપને તમામ હેતુઓ માટેનું લાયસન્સ આપવામાં આવશે. તે આપને આપના લાયસન્સની શરતો કહે છે અને આપને આપના નિરીક્ષક અધિકારીનું નામ અને સરનામું આપે છે.

**12 મહિનાની પરંતુ 4 વર્ષથી ઓછી હોય તેવી પ્રમાણિત સજાઓ માટેની શરતો આ મુજબ રહેશે**

- ગુનેગાર મેનેજરને નિયમિત રિપોર્ટ આપતા રહેવું.
- માન્ય સરનામે રહેવું.
- આપના ગુનેગાર મેનેજર તરફથી મુલાકાતો મેળવવી.
- તકલીફો ઊભી ન કરવી.

જો આપ આપના લાયસન્સને ભંગ કરો તો આપને દંડ કરવામાં આવી શકે છે અથવા જેલમાં પાછાં બોલાવવામાં આવી શકે છે.

### લંબાવવામાં આવેલી સજાઓ (4 એપ્રિલ 2005નાં રોજ કે તે પછી આચરવામાં આવેલા ગુનાઓ માટે)

લંબાવવામાં આવેલી સજાનાં 2 ભાગો હોય છે

- જેલમાં રહ્યાનો સમય.
- લાયસન્સ પર રહ્યાનો સમય.

દાખલા તરીકે, આપની સજા 8 વર્ષની હોય અને તેમાં જેલમાં રહેવાનાં 3 વર્ષ તથા લાયસન્સ પર રહેવાનાં 5 વર્ષ છે. આપનો જેલમાં રહેવાનો અડધો સમય પૂરો થાય ત્યારે (1 ½ વર્ષ), આપને છોડી શકાય કે કેમ તે અંગે પેરોલ બૉર્ડ નક્કી કરશે.
જો આપને છોડવામાં ન આવે તો અદાલતે આપેલા આદેશ મુજબ જેલમાં આપનો સમય પૂરો ન થાય ત્યાં સુધી સજા કાપવા માટે આપ જેલમાં રહેશો.

જ્યારે આપને છોડવામાં આવે ત્યારે આપ આપની સજાનાં બાકી રહેલા સમગ્ર હિસ્સા માટે લાયસન્સ પર રહો છો.

## પાછાં બોલાવવા અથવા લાયસન્સ રદ થવું

જો આપને જેલમાં પાછાં બોલાવવામાં આવે તો આપને **પ્રતિનિધિત્વ પૅક** તરીકે ઓળખાતું પૅક મોકલવામાં આવશે. જેલમાં આપને પાછાં બોલાવવા સામે આપને અપીલ કરવામાં મદદ માટે આ પૅક છે.

જેલમાં પાછાં બોલાવવાની ઘટનાઓમાં પૅરોલ બૉર્ડ ધ્યાન આપે છે.  આપને જેલમાં પાછા બોલાવવાના હોય તેના 28 દિવસની અંદર તેઓ આપના કેસમાં ધ્યાન આપશે.  આપને જેલમાં પાછાં બોલાવવા યોગ્ય છે કે નહીં તે પેરોલ બૉર્ડ નક્કી કરે છે.

જો આપ અપીલ કરવા માંગતા હો તો ઝડપથી કરો.  આપ પેરોલ બૉર્ડને લખી શકો છો અને આપને તેમની પાસે જઈને વાત કરવાનું પણ કહેવામાં આવી શકે છે.

**જેલમાં પાછાં બોલાવવા વિશે વધુ માહિતી**

જો આપને શરતો પર જેલમાંથી છોડવામાં આવ્યા હોય અથવા લાયસન્સ પર છોડવામાં આવ્યા હોય જેમાં આપે શું કરવું જોઇએ તે જણાવ્યું હોય તો આપ નિયમોનું પાલન ન કરો તો આપને જેલમાં પાછા લઈ જવામાં આવી શકે છે.  આપે ફરીથી ગુનો કર્યો હોય અથવા કેટલાંક અન્ય નિયમો તોડ્યા હોય તેના કારણે આમ થઈ શકે છે.  આને લાયસન્સનું ઉલ્લંઘન પણ કહે છે.

જો આપ આપની શરતો અથવા લાયસન્સને વળગી ન રહો તો નીચે મુજબની કાર્યવાહી થશે

- આપ જે કોઈપણ પ્રકારનાં લાયસન્સ પર હો તેને સીધું ફોક (રદ) કરવામાં આવશે.
- પોલિસને (બંને સ્થાનિક અને રાષ્ટ્રીય) તેમજ પ્રોબેશન સેવા અને આપ છેલ્લે જે જેલમાં હતાં તેને જાણ કરવામાં આવશે.
- આપની ધરપકડ કરવામાં આવશે અને સૌથી નજીકની જેલમાં મોકલવામાં આવશે.
- આપને જે જેલમાં રાખવામાં આવ્યા છે તે તેમજ પ્રોબેશન સેવા મુખ્યાલયોમાં લોકોને જેલમાં આપના પુનરાગમન વિશે જાણ કરશે.
- આપને પ્રતિનિધિત્વ પૅક મોકલવામાં આવશે અને આપને જેલમાં પાછા બોલાવવાનાં નિર્ણય સામે આપ અપીલ કરવા માંગો છો કે કેમ તે આપને પૂછવામાં આવશે.
- આપની અપીલ સાથે કે તે વિના પેરોલ બૉર્ડ આપના પાછાં ફર્યાનાં 28 દિવસની અંદર આપનો કેસ જોશે.  તેઓ આપને પાછાં બોલાવવાનાં નિર્ણયને નકારશે અથવા સ્વીકારશે, આપને ફરીથી છોડવાની તારીખ નક્કી કરશે અથવા આપને પાછાં બોલાવવાની ભાવિ તારીખ નક્કી કરશે જે ફરીથી જોવાની રહેશે.
- જો આપને આ અંગે મદદની જરૂર હોય તો આપ વકીલ સાથે વાત કરી શકો છો.

# વિદેશી નાગરિકત્ત્વ ધરાવતાં કેદીઓ

## વિદેશી નાગરિકત્ત્વ ધરાવતાં કેદીઓ માટે વહેલી હાકલપટ્ટીની સ્કીમ (Early Removal Scheme = ERS)

આ સ્કીમ જે કેદીઓ વિદેશી નાગરિકો હોય તેમની સજા પૂરી થાય તે પહેલાં તેમને યુકે છોડવાની મંજૂરી આપે છે.
બૉર્ડર્સ ઍન્ડ ઈમિગ્રેશન એજન્સીને આપના વિશેની માહિતી મોકલવામાં આવશે.
જો આપ યુકે છોડવાના હોય તો બૉર્ડર્સ ઍન્ડ ઈમિગ્રેશન એજન્સી આપને જાણ કરશે અને આપના મૂળ વતનમાં આપનો પ્રવાસ ગોઠવવા માટે આપને મદદ કરશે.

પાછાં ફરતા પહેલાં આપ યુકેમાં જેલમાં ઓછામાં ઓછા સમયગાળાની સજા પૂરી કરશો.
વહેલી હાકલપટ્ટીની સ્કીમ (Early Removal Scheme = ERS) માટે સૌથી લાંબો સમય 270 દિવસો સુધીનો છે. કેટલાંક કેદીઓને (Early Removal Scheme = ERS) મંજૂર કરવામાં આવશે નહીં. દાખલા તરીકે

- એવા કેદીઓ જેમણે સેક્સ ગુનેગાર રજીસ્ટરમાં સહી કરવી પડતી હોય.
- હિંસક અને સેક્સ ગુનેગારો જેઓ હાલમાં લંબાવેલી સજા પર છે.
- કામચલાઉ લાયસન્સ પર છૂટકારા બાદ પાછા ન ફરતાં કેદીઓ જેઓ સજા કાપી રહ્યા છે.
- હૉસ્પિટલનાં આદેશ, હૉસ્પિટલની સૂચના અથવા બદલીની સૂચના પર જેલમાં હોય તેવા કેદીઓ.
- કરફ્યુનાં આદેશનું પાલન ન કરવા બદલ સજા કાપી રહેલાં કેદીઓ.
- ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC)ની શરતોનું પાલન ન કરવા બદલ જેમને કોઈપણ સમયે જેલમાં પાછાં બોલાવવામાં આવ્યા હોય તેવા કેદીઓ.
- પોતાની હાલની સજા દરમિયાન જેમને ઘર અટકાયત કર્ફ્યુ (Home detention curfew = HDC) પર છોડવામાં આવ્યા હોય અથવા વહેલી દયામુક્તિ આપવામાં આવી હોય અને જેલમાં પાછાં બોલાવવામાં આવ્યા હોય.
- એવા કેદીઓ જેમની સજાનો 'જોખમ પરનો' સમયગાળો પૂરો થાય તે પહેલાં ગુનો આચરવા બદલ કોઈપણ સમયે જેલમાં પાછાં બોલાવવામાં આવ્યા હોય તેવા કેદીઓ.
- એવા કેદીઓ જેમને સજા સંભળાવવામાં આવે ત્યારે તેમની સજા અડધી પૂરી થાય તે પહેલાં 14 દિવસથી ઓછો સમય બાકી રહ્યો હોય.
- એવા કેદીઓ જેમણે દંડ ભર્યો નથી અથવા અદાલતે તેમને જે કરવાનું કહ્યું છે તે તેમણે કર્યું નથી (અદાલતની અવહેલના).

જો આપને વહેલી હાકલપટ્ટીની સ્કીમ (Early Removal Scheme = ERS) હેઠળ દૂર ન કરવામાં આવે તો આપ આપની સજા ચાલુ રાખશો.

## તડીપાર થવું (ડિપોર્ટેશન)

જો આપને આપની સજાનાં અંતે તડીપાર કરવાના હોય તો બૉર્ડર્સ ઍન્ડ ઈમિગ્રેશન એજન્સી આપણને જાણ કરશે.

તેઓ જેલને ઈમિગ્રેશન અટકાયત આદેશ પાઠવશે (મોકલશે).

આપને યુકેમાંથી તડીપાર કરવામાં (દૂર કરવામાં) ન આવે ત્યાં સુધી આપની સજાનાં અંત બાદ આપ જેલમાં રહેશો અથવા આપને ઈમિગ્રેશન અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવશે.

જો આપને તડીપાર ન કરવામાં આવે તેમ આપ ઈચ્છતા હો તો આપ અપીલ કરી શકો છો કે કેમ તે જાણવા માટે આપે સોલિસિટર સાથે વાત કરવાની રહેશે.

આપ **જેલ સેવા આદેશ 4630**માં વધુ માહિતી મેળવી શકો છો.

## પ્રત્યાવર્તન (સ્વદેશ પાછાં મોકલવા)

યુકે કેટલાંક દેશો સાથે પ્રત્યાવર્તન સમજૂતીઓ ધરાવે છે. આનો અર્થ એ છે કે કેટલાંક કેદીઓ તેમના પોતાનાં દેશમાં જેલમાં પાછાં જઈ શકે છે.

નીચેનાં કિસ્સાઓમાં આપને સ્વદેશ પાછાં મોકલવામાં આવશે

- જો આપ એવા દેશનાં નાગરિક હો જ્યાં આપ જવા માંગતા હો.
- જો આપની સજા આખરી હોય અને કોઈપણ અપીલ પડતર ન હોય.
- આપે જે ગુનો કર્યો હોય તે અન્ય દેશમાં પણ કેદ સાથેનો સજાપાત્ર ગુનો હોય.
- આપ આપની અરજી કરો તે સમયે છૂટકારા પહેલાં આપની સજાનાં ઓછામાં ઓછા 6 મહિના કાપવાના બાકી રહ્યા હોય તો.

આપના દેશ સાથે યુકે પ્રત્યાવર્તન સમજૂતી ધરાવે છે કે નહીં તેની જેલ સ્ટાફ તપાસ કરી શકે છે.

આપને સ્વદેશ મોકલવામાં આવી શકે કે કેમ તે જોવા માટેની પ્રક્રિયા શરૂ કરવા માટે આપે જેલની વિનંતી/ફરિયાદ વિધિનો ઉપયોગ કરવાનો રહેશે.
યુકે અને આપના દેશે પ્રત્યાવર્તન માટે સત્તાવાર વિનંતી કરવાની રહેશે.

આપના દેશની એલચી કચેરીમાં કામ કરતા સત્તાવાર સ્ટાફને પણ આપના માટે અરજી કરવા આપ કહી શકો છો.
આપ **જેલ સેવા આદેશ 4630**માં એલચી કચેરીઓની યાદી મેળવી શકો છો.

સ્વદેશ મોકલવા માટેની વિનંતીઓ પર નિર્ણય લેવામાં લાંબો સમય લાગી શકે છે, ક્યારેક 2 વર્ષ સુધી.

યુકે સ્વદેશ મોકલવાની વિનંતીઓ સામાન્ય રીતે માત્ર નીચેનાં સંજોગોમાં જ નકારશે

- જો આપને વિદેશ મોકલવામાં આવે તો આપ જેલમાં ઓછો સમય વીતાવવાના હો
- જો આપને દંડ થયો હોય અથવા ચૂકવણી માટે અન્ય ન્યાયિક આદેશ પડતર હોય.

જો આપને સ્વદેશ મોકલવામાં આવે તો આપને યુકેમાં જે સજા કરવામાં આવી હોય તે હેઠળ આપે જેટલો સમય સજા ભોગવવાની બાકી રહી હોય તેટલો સમય આપે સજા ભોગવવાની રહેશે.

સજાની સમીક્ષા, છૂટકારા અને નિરીક્ષણ પર આપ જે દેશમાં જાઓ તે દેશના નિયમોનું આપ પાલન કરશો.

આપ આપની પ્રત્યાવર્તન સમજૂતી પર સહી કરો તે પહેલાં કોઈપણ ફેરફારો અંગે આપને જાણ કરવામાં આવશે.

આપ જેલનાં પુસ્તકાલયમાં **'1984નો પ્રત્યાવર્તન કાયદો - વિદેશી કેદીઓ માટે માહિતી'**માંથી વધુ જાણકારી મેળવી શકો છો.

આ માહિતી ડેનિશ, ડચ, અંગ્રેજી, ફિનિશ, ફ્રેંચ, જર્મન, ગ્રીક, ઈટાલિયન, પોર્ટુગીઝ, સ્પેનિશ, સ્વીડિશ અને તુર્કિશ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

## સ્કોટલેન્ડ, ઉત્તરી આયર્લેન્ડ, ચેનલ ટાપુઓ અને આયલ ઑફ મૅનમાં કેદીઓનું સ્થળાંતર

ઈંગ્લેન્ડ અથવા વેલ્સમાં જેલોમાંથી આ દેશોની જેલોમાં કેદીઓનું સ્થળાંતર કરવામાં આવે તેને **અન્ય અધિકારક્ષેત્રમાં સ્થળાંતર** કહેવામાં આવે છે.

આપ કાયમી સ્થળાંતર માટે કહી શકો છો જેથી આપ કુટુંબીજનો અને મિત્રો તરફથી મુલાકાતો મેળવી શકો.
બંને દેશોમાં જેલ સેવાઓએ સ્થળાંતર માટે સંમત થવું જરૂરી છે.

સ્થળાંતરનાં 2 પ્રકાર છે

- બિનઅંકુશિત – આપ જે વિસ્તારમાં સ્થળાંતર કરો તે વિસ્તાર દ્વારા આપની સજાનું સંપૂર્ણ નિયમન કરવામાં આવશે અને છૂટકારા વખતે આપ છૂટકારા અને નિરીક્ષણ અંગેનાં તેમના નિયમોનું પાલન કરશો.
- અંકુશિત – ઈંગ્લેન્ડ અને વેલ્સ આપના સ્થળાંતરની શરતો નિર્ધારિત કરશે. તે છૂટકારા અથવા જેલમાં પાછાં બોલાવવા અંગે છૂટકારા તથા નિરીક્ષણ વિશેની શરતો હોઈ શકે છે.

**સ્થળાંતર વિશે વધુ માહિતી**

સ્થળાંતરની વિનંતી માન્ય થાય તેની સારી તકો માટે

- આપની છૂટકારાની તારીખ પહેલાં આપની પાસે સજા કાપવા માટે ઓછામાં ઓછા 6 મહિના બાકી હોવા જરૂરી છે.
- દોષારોપણ અથવા સજા વિરુદ્ધ આપની કોઈપણ અપીલ પડતર ન હોય તે જરૂરી છે.
- આપ અદાલત ખાતે પાછાં ન જવા જોઇએ.

સ્થળાંતર માટેની આપની અરજીનાં ભાગરૂપે જે બાબતો જોવામાં આવશે તે નીચે મુજબ છે

- આપ શા માટે સ્થળાંતર કરવા માંગો છો.
- આપ જે દેશમાં પાછાં જવા માંગો છો ત્યાં આપ મોટાભાગનો સમય રહેવાનાં છો કે કેમ.
- ત્યાં આપના નજીકનાં કુટુંબીજનો કે મિત્રો છે કે કેમ.
- આપને છોડવામાં આવે ત્યારબાદ આપ ત્યાં રહેવાનું આયોજન ધરાવો છો કે કેમ.

આપના લાયસન્સનું નિરીક્ષણ સ્કોટલેન્ડ, ઉત્તરી આયર્લેન્ડ, ચેનલ ટાપુઓ અથવા આયલ ઑફ મૅનમાં થાય તે માટેની વિનંતી પણ આપ કરી શકો છો. આમ કેવી રીતે કરવું તે આપના ગુનેગાર મેનેજરને કહો.

# યુવા ગુનેગાર અને યુવા ગુનેગાર સંસ્થાઓ

આ વિભાગ 18થી 21 વર્ષની ઉંમરનાં યુવા ગુનેગારો માટેનો છે. તે આપને કેટલાંક એવા માર્ગો વિશે કહે છે જેમાં યુવા ગુનેગાર સંસ્થાઓ અન્ય જેલો કરતાં અલગ હોય છે.

- આ પુસ્તકનાં બાકીનાં ભાગમાં જેના વિશે વાત કરવામાં આવી છે તેવી મોટાભાગની બાબતો વિશે આપે હજીપણ જાણવાની જરૂર પડશે.
- યુવા ગુનેગાર સંસ્થાઓને સામાન્ય રીતે ટૂંકમાં **ચોઇસ (Young Offender Institutions = YOIs)** કહે છે.

આપ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institute = YOI) હો તે દરમિયાન આપને મદદ કરવા માટે **વ્યક્તિગત અધિકારી** તરીકે ઓળખાતા સ્ટાફનાં સભ્ય આપને મદદ કરવા માટે હાજર હશે. જો આપને કોઇપણ પ્રશ્નો હોય અથવા આપને મદદની જરૂર હોય તો તેમની સાથે વાત કરો.

## આપ આપની સજા ક્યાં કાપશો

- આપ આપની સજા યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) કાપશો. આપની યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) અલગ હોઇ શકે છે અથવા પુખ્ત વયનાં કેદીઓ માટેની જેલનો એક ભાગ હોઇ શકે છે.
- જો આપ રિમાંડ પર હો તો આપના કેસની કાર્યવાહીનું પરિણામ ન આવે ત્યાં સુધી આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI)નાં રિમાંડ કેન્દ્રમાં અથવા પુખ્ત વયનાં લોકો માટેનાં સ્થાનિક કેન્દ્રમાં રહેશો.

## આપ આપની સજા ક્યાં કાપશો તે કોણ નક્કી કરે છે

**જો આપ કોઇપણ પ્રકારની જન્મટીપની સજા ધરાવતા હો તો**

(રાણીની મરજી પ્રમાણે આજીવન કારાવાસ, આજીવન અટકાયત)

- આપને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા બાદ આપને પ્રથમ જ્યાં મોકલવામાં આવે તે યુવા ગુનેગાર સંસ્થાનાં (Young Offender Institution = YOI) સ્ટાફે આપના વિશેના ઘણાં અહેવાલો પૂરા કરવાના રહેશે.
- એક વખત આમ કરવામાં આવે ત્યારબાદ આપ ક્યાં જશો તે અંગેનાં  આખરી નિર્ણયની રાહ જોવા માટે આપને ‘જન્મટીપ કેન્દ્ર’ (લાઇફર સેન્ટર) તરીકે ઓળખાતાં સ્થળે મોકલવામાં આવશે.  ત્યારબાદ આખરે આપની સજા કાપવા માટે આપને ક્યાં મોકલવામાં આવશે તેનો નિર્ણય હેડ ઑફિસનો સ્ટાફ લેશે.

## અટકાયતની સજા તરીકે ઓળખાતી સજાઓ

- સ્થાનિક કેન્દ્ર અથવા રિમાંડ સેન્ટર જ્યાં આપને રાખવામાં આવશે તેઓ નક્કી કરશે કે આપ કઈ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) જશો.

## આપ પ્રથમ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institute = YOI) જાઓ ત્યારે શું થશે

આપ આપની યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) જાઓ ત્યારબાદ પ્રથમ થોડાં દિવસો માટે આપ **સમાવેશ** કહેવાતી પ્રક્રિયામાંથી પસાર થશો. આ એવી પ્રક્રિયા છે જેમાં

  - આપ જેના વિશે ચિંતિત હો તેવી કોઈપણ બાબત વિશે જેલ સ્ટાફને પ્રશ્નો પૂછી શકો છો અથવા તેના વિશે વાતચીત કરી શકો છો.

  - આપ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) હો તે દરમિયાન આપ શું કરી શકો તે અંગે પણ આપ અને જેલનો સ્ટાફ વાત કરશે.

## આપની સજાનું આયોજન (જો આપની સજા 4 અઠવાડિયાની અથવા લાંબી હોય)

- **સજાનું આયોજન** કહેવાતું આયોજન તૈયાર કરવા માટે જેલ સ્ટાફ આપની સાથે કામ કરશે.

- આપ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) હો તે દરમિયાન આપ જે કામો કરશો તે અંગે આપની અને જેલ સ્ટાફ વચ્ચે જે સંમતિ થઈ છે તેના વિશે આ આયોજન વાત કરે છે. દાખલા તરીકે, તે આપના શિક્ષણ અને આપ જે કામ કરશો તેના વિશે વાત કરશે.

- જો આપની પાસે યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) 3 મહિનાથી ઓછો સમય હોય તો આપ જેલ છોડો ત્યારબાદ જીવન જીવવાની તૈયારી કરવા માટે આપે શું કરવાની જરૂર છે તેના વિશે આ આયોજન વાત કરશે.

- આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડો તેનાં ઓછામાં ઓછા 3 મહિના માટે આપની સજાનું આયોજન ચાલુ રહેશે. આનું કારણ એ છે કે પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિ (સામાન્ય રીતે આપના ગુનેગાર મેનેજર) આપની સાથે એ જોવા માટે કામ કરશે કે આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડો ત્યારબાદ કેવી પ્રગતિ કરી રહ્યાં છો.

- **ગુનેગાર મેનેજરો** અને **ગુનેગાર નિરીક્ષકો** કહેવાતા લોકો આપની સજાના આયોજનમાં આપને તમામ કામો કરવા માટે મદદ કરશે. ગુનેગાર મેનેજર એ જેલની બહારની પ્રોબેશન સેવાની એક વ્યક્તિ છે. ગુનેગાર નિરીક્ષણ એ જેલની અંદરની એક વ્યક્તિ છે. આપના વ્યક્તિગત અધિકારી આ અંગે પણ મદદ કરશે.

## આપ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institute = YOI) હો તે દરમિયાન આપ કરી શકો તેવા કામો

### શિક્ષણ

- આપ યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) હો તે દરમિયાન આપને નવી બાબતો શીખવાની તક મળશે.
- બધી યુવા ગુનેગાર સંસ્થાઓમાં (Young Offender Institution = YOI) વર્ગો ચાલતા હોય છે જ્યાં આપ કેટલીક બાબતો શીખવા માટે જઈ શકો છો. દાખલા તરીકે, જો આપને જરૂર હોય તો આપ વાંચન, લેખન અને અંકોનો ઉપયોગ કરવા જેવી બાબતો અંગે મદદ મેળવી શકો છો.
- મોટાભાગનાં વર્ગો દિવસ દરમિયાન હોય છે પરંતુ કેટલાંક વર્ગો સાંજે હોઇ શકે છે.

### તાલીમ

- આપ ઘણી તાલીમ મેળવી શકો છો. તાલીમ આપને નવી આવડતો શીખવામાં અથવા નોકરી શોધવામાં મદદ કરી શકે છે.
- આ તાલીમ આપને કેટલીક લાયકાતો મેળવવામાં પણ મદદ કરી શકે છે. લાયકાતો એ છે જે આપ રાષ્ટ્રીય વ્યાવસાયિક લાયકાતો (National Vocational Qualifications = NVQs) જેવી પરીક્ષાઓ પાસ કરો ત્યારે આપને મળે છે.
- આપ સ્થાનિક સમુદાયમાં સ્વયંસેવક તરીકે પણ કામ કરી શકો છો, પરંતુ જો જેલ સ્ટાફ માનતો હોય કે આમ કરવું સલામત છે તો જ.

### શારીરિક શિક્ષણ (રમતગમત અથવા જીમ જેવી બાબતો)

- આપ અઠવાડિયાનાં ઓછામાં ઓછા 2 કલાક માટે કસરત અને રમતગમત જેવી પ્રવૃત્તિઓ કરી શકશો.
- આપ સાંજે અથવા શનિ–રવિ વખતે દિવસ દરમિયાન આ પ્રવૃત્તિઓ કરી શકો છો.
- જેલની ઈમારતની અંદર કે બહાર આમ થઈ શકે છે. આપ દરરોજ બહાર ખુલ્લી હવામાં થોડોક સમય વીતાવી શકશો.
- જો આપને ઈજા થઈ હોય અથવા ખાસ પ્રકારની કસરતની જરૂર હોય તો આપ આ અંગે મદદ મેળવી શકશો.

## ફાજલ સમય (ક્યારેક તેને ભેગા મળવું કહે છે)

- મોટાભાગની યુવા ગુનેગાર સંસ્થાઓમાં (Young Offender Institutions = YOIત) અન્ય કેદીઓ સાથે સમય વીતાવવા, રમતો રમવા અથવા ટીવી જોવા માટે આપ દિવસનો ઓછામાં ઓછો 1 કલાક મેળવી શકો છો.

## ધર્મ

- આપ દર અઠવાડિયે આપની યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) ખાતે ધાર્મિક સેવામાં જઈ શકો છો.
- વિવિધ ધર્મો માટે સેવાઓ હોવી જોઇએ. **જુઓ પાન નં 78.**

## ધૂમ્રપાન

- 18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકો માટેનાં વિસ્તારોમાં આપ ધૂમ્રપાન કરી **શકો નહીં.**
- 18થી 20 વર્ષની ઉંમરનાં લોકો માટે યુવા ગુનેગાર સંસ્થાઓ (Young Offender Institutions = YOIs)નાં **કેટલાંક** વિસ્તારોમાં, સંભવિતપણે આપની કોટડીની બહાર અથવા ક્યારેક આપની કોટડીમાં, આપને ધૂમ્રપાન કરવા દેવામાં આવી શકે છે.

## યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institute = YOI) બાદનાં જીવન માટે તૈયાર થવું

- આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institutions = YOI) છોડો ત્યારબાદનાં જીવન માટે તૈયાર થવા માટે આપ જેલ સ્ટાફ પાસેથી મદદ મેળવશો.
- આપના ગુનેગાર મેનેજરને મળવું, આપ ક્યાં રહેશો, નોકરી, સ્વાસ્થ્ય, નશીલી દવાઓ, નાણાં અને આપના કુટુંબ જેવી બાબતો વિશે તેઓ આપની સાથે વાત કરશે.

## આપ જશો ત્યારબાદ શું થશે

આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડશો પરંતુ આપ જાઓ ત્યારબાદ ઓછામાં ઓછા 3 મહિના સુધી અથવા આપનો 22મો જન્મદિવસ ન આવે ત્યાં સુધી, બેમાંથી જે જલ્દી આવે તે પ્રમાણે આપે હજીપણ કેટલાંક નિયમોનું પાલન કરવાની જરૂર પડશે. જો આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI)માં વધુ સમય પસાર કરશો તે સમયગાળો વધુ લાંબો હશે.

આને **નિરીક્ષણ** પર હોવું એમ કહેવાય છે.  પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિ, સંભવિતપણે આપના ગુનેગાર મેનેજર આપની સાથે એ જોવા માટે કામ કરશે કે આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડો ત્યારબાદ આપ કેવી પ્રગતિ કરી રહ્યા છો.

- આપ નિરીક્ષણ પર હશો સિવાય કે
  - દંડ ન ભરવા બદલ અથવા અદાલતે આપને જે કહ્યું હોય તે ન કરવા બદલ આપને સજા કરવામાં આવી હોય (આને અદાલતની અવહેલના કહે છે)
  - આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડીને જાઓ ત્યારે આપ 22 વર્ષનાં હો.

- આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડો ત્યારબાદ ઓછામાં ઓછા 3 મહિના સુધી પ્રોબેશન સેવામાંથી કોઇ વ્યક્તિ આપની તપાસ કરતી રહેશે.

- આપ યુવા ગુનેગાર સંસ્થા (Young Offender Institution = YOI) છોડો ત્યારે આપને **લાયસન્સ** કહેવાતો દસ્તાવેજ આપવામાં આવશે. આપ જાઓ ત્યારબાદ આપે જે નિયમોનું પાલન કરવું જરૂરી છે તેના વિશે લાયસન્સ આપને માહિતી આપશે.

- કાયદો કહે છે કે આપે એવી બાબતો કરવી જોઇએ જે લાયસન્સ કહે છે. લાયસન્સ શું કહે છે તે આપ સમજતા ન હો તો આપે પૂછવાનું રહેશે.

- જો આપ લાયસન્સનાં નિયમો તોડો તો આપે દંડ ભરવો પડી શકે છે અથવા આપે યુવા ગુનેગાર સંસ્થામાં (Young Offender Institution = YOI) પાછા જવું પડી શકે છે.

- જો આપને **પેરોલ** પર છોડવામાં આવે તો આપને જે તારીખે ખરેખર છોડવામાં આવવાનાં હતાં તે તારીખ સુધી આપે લાયસન્સનાં નિયમોનું પાલન કરવાનું રહેશે. આને આપની બિન પેરોલ તારીખ કહે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાન નં |
| --- | --- |
| A | |
| **adjudications** (લવાદી પ્રક્રિયાઓ) | **89** |
| - on report (રિપોર્ટ પર) | **90** |
| - pleading guilty (દોષી હોવાનું જાહેર કરવું) | **92** |
| - pleading not guilty (દોષી ન હોવાનું જાહેર કરવું) | **93** |
| **AIDS** (એઇડ્ઝ) | **70-71** |
| **alcohol problems** (આલ્કોહૉલની સમસ્યાઓ) | **73, 77** |
| **appealing** (અપીલ કરવી) | **22** |
| **arrival** (આગમન) | **5** |
| **assessment** (આકારણી) | **118** |
| B | |
| **benefits** (લાભો) | **30, 127** |
| **bills** (બિલો) | **33** |
| C | |
| **cell** (કોટડી) | **6, 57-58** |
| **chaplain** (ધર્મગુરૂ) | **79, 81-2** |

| | |
|---|---|
| **children** (બાળકો) | **29** |
| **civil partnership in prison** (જેલમાં સમલિંગી સહજીવન) | **46** |
| **civil prisoners** (નાગરિક કેદીઓ) | **16** |
| - early release (વહેલો છૂટકારો) | **17** |
| - contempt of court (અદાલતની અવહેલના) | **17** |
| - visits from family and friends (મિત્રો અને કુટુંબીજનો તરફથી મુલાકાતો) | **40** |
| **clothes** (કપડાં) | **62** |
| **complaints** (ફરિયાદો) | **110** |
| **D** | |
| **declaring convictions** (દોષારોપણો જાહેર કરવા) | **132** |
| **deportation** (તડીપાર થવું) | **152** |
| **disabled prisoners** (વિકલાંગ કેદીઓ) | **109** |
| **doctor** (ડૉક્ટર) | **67** |
| **drug problems** (નશીલી દવાઓની સમસ્યાઓ) | **73, 77** |
| **drug testing** (નશીલી દવાઓના પરીક્ષણ) | **73 - 76** |
| **F** | |
| **faith** (ધર્મ) | **78-82** |
| **family and friends** (કુટુંબીજનો અને મિત્રો) | **39** |
| - letters (પત્રો) | **43-44** |
| - telephone calls (ટેલિફોન કૉલ્સ)<br>- visits (મુલાકાતો) | **44-45**<br>**39 – 42** |

| | |
|---|---|
| **H** | |
| **health (સ્વાસ્થ્ય)** | **65-72** |
| **help in prison (જેલમાં મદદ)** | **37-38** |
| **hepatitis (હિપેટાઈટિસ)** | **72** |
| **high security prisons (ઉચ્ચ સલામતી ધરાવતી જેલો)** | **55** |
| **HIV (એચઆઈવી)** | **70-71** |
| **home (ઘર)** | |
| - bills (બિલો) | **33** |
| - council tax (કાઉન્સિલ ટૅક્સ) | **33** |
| - income tax (આવક વેરો) | **36** |
| - mortgage (મોર્ટગેજ) | **32** |
| - national insurance (રાષ્ટ્રીય વીમો) | **34** |
| - pension (પેન્શન) | **35** |
| - rent (ભાડું) | **30-31** |
| **home detention curfew (ઘર અટકાયત કર્ફ્યુ)** | **138-140** |
| **I** | |
| **immigration detainees (ઈમિગ્રેશન અટકાયતીઓ)** | **18** |
| - bail (જામીન) | **19** |
| - help and advice (મદદ અને સલાહ) | **20-21** |

| | |
|---|---|
| **L** | |
| **learning (કેળવણી)** | **121-122** |
| **leaving prison (જેલ છોડવી)** | **125** |
| - benefits (લાભો) | **127** |
| - gate arrest (ગેટ અરેસ્ટ, છૂટકારા બાદ ફરીથી ધરપકડ) | **130** |
| - grants and loans (ગ્રાંટ અને લોન) | **128** |
| - housing (હાઉસિંગ) | **126-127** |
| - money (નાણાં) | **127** |
| - release time (છૂટકારાનો સમય) | **129** |
| **local prisons (સ્થાનિક જેલો)** | **54** |
| **M** | |
| **marriage in prison (જેલમાં લગ્ન)** | **46** |
| **medicine (દવા)** | **68** |
| **money (નાણાં)** | **59-60** |
| **P** | |
| **parole (પેરોલ)** | **141 - 144** |
| **private prisons (ખાનગી જેલો)** | **55** |
| **privileges (વિશેષાધિકારો)** | **64** |
| **punishment (સજા)** | **87 - 89** |

| | |
|---|---|
| **R** | |
| **race equality (જાતિ સમાનતા)** | **106-108** |
| **recall (પાછાં બોલાવવા)**<br>- **foreign national prisoners (વિદેશી નાગરિકત્વ ધરાવતાં કેદીઓ)** | **149-150**<br>**151** |
| **records (નોંધો)**<br>- prison (જેલ)<br>- health (સ્વાસ્થ્ય) | <br>**49-50**<br>**69** |
| **rehabilitation (પુનર્વસન)** | **130- 131** |
| **release on licence (લાયસન્સ પર છૂટકારો)**<br>- childcare (બાળસંભાળ)<br>- end of custody licence scheme (કસ્ટડીનો અંત લાયસન્સ સ્કીમ)<br>- ROTL (કામચલાઉ લાયસન્સ પર છૂટકારો (Release on temporary licence = ROTL))<br>- resettlement (પુનર્વસન)<br>- special purposes (ખાસ હેતુઓ) | **134**<br>**135**<br>**136-137**<br>**134**<br>**135**<br>**135** |
| **religion (ધર્મ)** | **78- 82** |
| **repatriation (પ્રત્યાવર્તન, સ્વદેશ પાછાં મોકલવા)** | **152-153** |
| **rules (નિયમો)** | **83- 86** |
| **S** | |

| | |
|---|---|
| **searches (તલાશીઓ)** | **103-104** |
| **segregation (એકાંતવાસ)** | **99-100** |
| | |
| **sentences (સજાઓ)** | **25** |
| - how long (કેટલી લાંબી) | **26-28** |
| - sentence plan (સજાનું આયોજન) | **118, 120** |
| **adult prisoners (પુખ્ત વયનાં કેદીઓ)** | **26, 145** |
| - on or after April 2005 (એપ્રિલ 2005નાં રોજ કે તે પછી) | **27, 148-149** |
| - on or before April 2005 (એપ્રિલ 2005 કે તે પહેલાં) | **26-27, 146-148** |
| - before October 1992 (ઑક્ટોબર 1992 પહેલાં) | **28** |
| - up to 12 months (12 મહિના સુધી) | **26,145** |
| **young offenders (યુવા ગુનેગારો)** | **145** |
| **smoking (ધૂમ્રપાન)** | **60- 61** |
| **solicitors (સોલિસિટર)** | **47** |
| - letters (પત્રો) | **47** |
| - visits (મુલાકાતો) | **48** |
| **special accommodation (વિશેષ રહેઠાણ)** | **100-101** |
| **supervision (નિરીક્ષણ)** | **138** |

| | |
|---|---|
| **T** | |
| **training (તાલીમ)** | **122** |
| **training prisons (તાલીમી જેલો)** | **54** |
| **transfers (સ્થળાંતરો)** | **153-154** |
| **U** | |
| **unconvicted prisoners (કાચા કામનાં કેદીઓ)**<br>- bail (જામીન)<br>- court (અદાલત)<br>- sureties (જામીનદારો) | **7**<br>**8**<br>**9-11, 13**<br>**11-12** |
| **W** | |
| **work (કામ)** | **123-124** |
| **Y** | |
| **young offender (યુવા ગુનેગાર)** | **155** |
| - **arrival (આગમન)**<br>- **education (શિક્ષણ)**<br>- **leaving (વિદાય)**<br>- **sentences (સજાઓ)**<br>- **supervision (નિરીક્ષણ)**<br>- **training (તાલીમ)** | **156**<br>**157**<br>**158**<br>**53, 145, 155**<br>**159**<br>**157** |

# જેલ સુધારા ટ્રસ્ટ વિશે

જેલ સુધારા ટ્રસ્ટ ન્યાયી અને સુઘડ જેલ વ્યવસ્થાનું નિર્માણ કરવા માટે કામ કરે છે. જેલો કેવી રીતે ચાલી રહી છે તે તપાસીને, કેદીઓ, સ્ટાફ અને બહારનાં લોકોને માહિતી આપીને અને સરકાર તથા અધિકારીઓને ફેરફારો કરવાનું કહીને અમે આ કામ કરીએ છીએ.

**આભાર-દર્શન**

- માનનીય રાણીની જેલ સેવા (Her Majesty’s Prison Service = HMPS). અને જેલ સુધારા ટ્રસ્ટ આ પુસ્તક તૈયાર કરવામાં મદદ કરવા બદલ કેદીઓ અને એચએમપી વૉન્ડ્ઝવર્થનો આભાર માને છે.

- કેદીઓ માટે માહિતી સુધારવા માટે જેલ સુધારા ટ્રસ્ટનાં દાનને સહાય કરવા માટે અમે બિગ લૉટરી ફંડ અને ડાયેના, પ્રિન્સેસ ઑફ વેલ્સ મેમોરિયલ ફંડનો આભાર માનીએ છીએ.

- મેનકેપ

IBSN નંબર 0 046209 86 3

## What is this book about?

- What you need to know about prison life.
- Prison rules and ways of doing things.
- Your rights.

*"The handbook is like an A-Z of information for prisoners. We could never do without it."*

Adeleke, prisoner HMP Wandsworth

*"When a prisoner first comes into prison he often doesn't know the questions he needs to ask. This guide is an invaluable aid."*

Prison Officer

Ministry of JUSTICE

Safer Custody and Offender Rights
NOMS
1st Floor, Fry,
2 Marsham Street
London, SW1P 4DF
www.hmprisonservice.gov.uk

PRISON REFORM TRUST

Prison Reform Trust
15 Northburgh Street,
London, EC1V 0JR
Tel: 020 7251 5070
e-mail: prt@prisonreformtrust.org.uk
www.prisonreformtrust.org.uk

Prison Service Vocab Number BZ032 (Rev 2008) Form Number 2311
ISBN 0 946209 86 3
Printed by HM Prison Service
Prison Reform Trust Registered Charity No. 1035525
Company Limited by Guarantee No. 2906362 Registered in England & Wales